


પાક દામન
પીરોજ


રચનાર
દા. એ.
તારાપોરવાલા.

પાકદામન પીરોજા.

એક મનપસંદ મોહક વાર્તા.

રચનાર.

દા૦ એ૦ તારાપોરવાલા:

"માસિક મજાહ"ના અધિપતિ; "પતિવ્રતા બાવ
ડી." "મારે ઘેરના મેહેરબાઈ," "કીર્તી
સંગ્રહ," 'શરાબ, તારૂં ખાનું ખરાબ!'
તથા 'દાદી દાહુરા સંગ્રહ'ના કરતા.

આવૃત્તિ પેહેલી.

પ્રગટ કરનાર,

એમ. જે. પોસ્ટવાલા.

(નાણાવટ—સુરત)

"મોદાબક્ષ" પ્રેસ.

કીમત છ આના.

નકલ ૧૦૦૦.

" જગત સૂખ નારી સમાન ન કોઈ,
સરસ સંસારી એ ખૂસબોઈ".

મી૦ ફિરોઝ બાટલીવાલા.

" સતી, ન સતકો છાંડિયે, સત છોડે પત જાય;
સતકી બાંધી ગંઠડી, ફિરબિ મિલેગી આય."

(તુલશીદાસ)

એકીન છે ઓરતનું ખરૂં ગઉહર,
દામન છે નારીના દોલત ને જર.

"દિલજાન."

પતીવ્રત્તપણું રક્ષવા, અતિશય સ્હેવાં દુઃખ;
જિવ લેવો કે આપવો, ખોવાં સઘલાં સૂખ.

મી. રણછોડભાઈ ઉદયરામ.

" શોહરકે મર્જે ગંમકી જો બીબી તબીબ હય,
ઓરત વહી યેહ જહાંનમે બસ ખુશનસીબ હય."

મી૦ "તાલીબ"—"નિગાહે ગફલત."

પાકદામન પીરોજા.

સાંજનો વખત હતો.

સુરજ લગભગ અસ્ત થવા આવ્યો હતો.

તાપી નદીને કીનારે સાંજની શિતળ લેહકી ધોરવાને સુરતનાં શોકીનો ઉતરી પડયા હતા. કેટલાકો નદી ઓળંગી પેલે પાર જતા કોઇ બદગી કરતા, તો કોઈ વાડી-વજીફે તાડી પીવા ઉતરી પડેલા દીસતા હતા.

એવે શાંત-દિલખુશ સમે, સુરતની પેલેપાર આવેલા 'ભાઠાં' ગામ ભણી કેટલાક પારસી જુવાનિયાઓની એક ટોળકી ખુશ ટપ્પા મારતી ચાલી જતી હતી. તેઓ 'ફ્રટકી'ની મજાહ ધોરવા 'દેશાઇજીની વાડી''એ જતા હતા તેમની પાછલ એક એક પારસી બબરચી પોતાના હાથમાં કેટલીક સ્વાદદાર વાંનીઓનું ન્હાનું જેવું 'ભાતું' લઇ ચાલતો હતો. આ "દેશાઈજીની વાડી" નવશારીનાં એક દેશાઈની તે તરફ ખરીદેલી એક જમીન હતી, જે ઉપર ખજુરાંનાં ઝાડ ઘણાં હોવાથી તથા ત્યાં બીજા પટેદાર પારસીઓ તાડી છેજતા હોવાથી સુરત અને ભાઠેનાં લોકોમાં "દેશાઈજીની વાડી"ને નામે તે મશહુર હતી.

આ વાડીએ જતાં લગાર દૂર ચાલવું પડતું હોવાથી ઉપર જણાવ્યા મુજબ પેલી ટોળકી 'શિળે પેહરનાં સટાકા' અને 'ગરપ છાંટનાં

ગોળાઓ' હાકતી જતી હતી, પણ બાકું ગામ અને તેની વસ્તી વટાડી તેઓ [illegible] માઈલ આગલ વધ્યા નહિ હશે એટલાંમાં તેઓ પસાર થતા હતા તેની પડોશનીજ એક ઝાડીમાથી એક ભયંકર ચીચીઆરી તેમને સંભળાઇ. આ ચીસ સાંભળતાંજ પેલા જવાનિયાઓમાંથી 'રરતાઈ' અને 'મંચી' નામે બે બહાદૂર જવાનો તે તરફ દોડી પોહોંચ્યા. તેમનું તે તરફ દોડવું અને બીજી બાજુથી બે બદમાસોને પેલા રસ્તા [illegible] [illegible] દોસ્તોએ ઝાડીનાં ગુચવણમાં ભરાઈ જતા દીઠા. તેઓ [illegible] વખતે તેજ બદમાસોનું કાંઈ કાળું કતુંક છે એમ સમજી ને ઝાડીમાં શોધ કરવા ગયા પણ ત્યાં તેમને તેઓ ક્યાં વઠી ગયા તેની ખબર નસલ કશી માલમ પડી નહિ.

હવે 'રરતાઈ' અને 'મંચી' જેવા મદદે દોડ્યા તેવાજ એક બાબારમાં આવેલાં કંગાલ ઝુપડામાં ધશી ગયા, જે એકજ ઝુપડું તે [illegible] હતું અને આસેપાશે કોઇનીજ વસ્તી નહિ હતી. અંદર દાખલ થતાંજ તેઓએ માહ ધભરાટ વચ્ચે જોયું કે એક જુવાન પારસી-અબળા એકલી વાએજહાંન હાલતમાં લોહીથી ખરડાયલી ત્યાં પડેલી હતી અને તુરતનુંજ કોઇ બદમાસો 'ખુન કરીને ન્હાશી ગયલા જણાંતા હતા. આ કમકમાટ ભરેલો દેખાવ' જોતાંજ તેઓ પાછા બાહેર નિકળી પડયા અને પોતાના દોસ્તો જેઓ તેમને શોધતા-શોધતા પેલાંજ ઝુપડાં ભણી ધભરાયલે ચેહરે આવતા હતા તેઓને બોલાવી આ દુઃખદાયક બીના કહી સંભળાવી, પોતામાંના બે જણાઓને તુર્તજ સત્તાવાળાઓને ખબર કરવા દોડાવી તેઓ સઘળા અંદર ગયા, જયાં પેલી નિરદોષ અબળા લોહીલુહાણ હાલતમાં

મોંય ઊપર મડદું થઈ પડેલી હતી.

"દોસ્ત મંચી," તેણીને જોતાંજ એક મિત્ર બોલી ઉઠયો. "તમે બંન્ને એક તરફથી દોડયા અને બીજી તરફથી અમોએ સામેની ઝાડીમાં બે બદમાશોને દોડીને ભરાઈ જતાં જોયા. હમો તુર્તજ પાછળ દોડયા પણ કમનસિબે તેઓ અમારે હાથ લાગ્યા નહિં."

"અફસોસ! કેવો દુઃખદાયક બનાવ" એક બીજો દોસ્ત બોલ્યો "પણ આએ મરનાર છોકરી કોણછે તે ઓળખોની?"

"ખરેખર, આપણે તે કામ પેહલું કરવું જોઈએ." બહાદૂર 'મંચી' પેલી કમનસિબ ઓરતનાં મોં' ઉપર વળી તેણીને જોઈને બોલ્યો "નહિં, કોઇ ઓળખાણમાં આવતી નથી. આએ ચેહેરો મારા જોવામાં કોઈ દિવશે આવ્યો નથી. દોસ્તો તમો કોઇ અરે ઓલખી કહાડો તો કહાડો; હું તો આજેજ આ ખુબસુરત પણ અભાગિયો ચેહેરો જોઊંછું."

વારાફરતી સર્વ જણાએ તપાસ કીધી, પણ કોઈનાંબી જોવામાં તે અબળા કોઈપણ દિવશે આવી હતી નહિં.

"દોસ્ત રસ્તાઇ" એક દોસ્તદારે ઉપાય સૂચવ્યો. "આપણે પેહલાં બાઇને કાંઇ ઘા થયા છે કે નહિં તે તપાસવા જોઈએ."

"ખરૂં કહ્યું ડાયર દોસ્ત" રસ્તાઇ પેલી કમનસિબ નારને કાંઈ ઘા લાગ્યો છે કે નહિ તે તપાસતાં બોલ્યો. "અરરરર! જૂવો-જૂવો આ ડાબી બાજુનાં પાંસળામાં અને ગરદન ઉપર બે સખ્તઊંડા જખમો પડેલા છે. ખચીત, મનેતો લાગેછે કે કોઈ બદમાશોએ ખામખા અત્તર-ઘડી આ બાઈનું 'ખુંન' કીધું છે."

"અરે પણ દોસ્ત રસ્તાઇ, તું તેને શું રડેચ?" મંચીએ સમયસુચકતા વાપરી. "સપર પેહલાં આપણે બીજાં બધું રહેવા દઈને તપાસ કરવી જોઈએ કે બાઈ પોતે મરણ પામીછે કે નાહે? એવાબી ઘણા દાખલા બનેછે જેમાં લાંબા વખતની બેભાનીમાં માણસ ચકચુર થઇ જાયછે. અરે ખુદા! કેવું કમકમાટ ભરયુ કામ."

"અરે બાઈ થઇ ચુકયુંછે—[illegible] રંધાઇ ચુકયુંછે." એક બીજા દોસ્તદાર "ફલી"એ તપાસ કરીને અભિપ્રાય આપ્યો. "ખુનીઓ ખુન કરવાની મતલબથીજ આવેલા જણાયછે. કમનસિબી ભર્યું એ છે કે ઘરમાં મરનાર બાઈ શિવાય બીજું કોઈ નથી."

"પણ વળી વધુ અજાએબી એ લાગેછે કે બાહાં ગામની ખરી વસ્તી તો અહીંથી અરધા માઇલને છેટે છે, અને આ તો એક ખોબારમાં માત્ર એક પુરૂં ઝુપડું છે." એક મિત્રે તરક બાંધી "મને તો લાગેછે કે જયાં છે ત્યાં આ બાઈને આ દોજખનાં ધામમાં ફરેબ આપી ફુસલાવીને લાવવામાં આવી છે."

"નહિ—નહિ, દોસ્ત શેહલી, તું ભુલેછે." મંચી વચ્ચે પુરાયો "જોતો નથી કે આ ઘરમાં સામન જોકે કંગાલ છે તો પણ તે એક પારસીનાં ઘરનાં રાચરચીલાંનો ખ્યાલ આપેછે? જો આએ નાનું ચોખું, જો પેલો કલશિયો, જો પેલાં ઓરસ પર સુકાતાં ધોયેલાં સદરો-ઈજાર, જયાં છે ત્યાં આ કોઈ કમનસિબ બાઇ લાં છે અને વાખાની અથવા દુઃખની મારી આ તરફ ઉતરી પડેલી હોવી જોઇએ. આ અબળા આપણા સુરતની તો હોયજ નહીં, મુંબઇ તરફની લાગેછે અરે પણ આએ શું ? "—અને એમ બોલતેજ કે તેણે મરનારનાં આંગની નીચેથી એક ગાંસડી ખેંચી કાઢી. "જયાં છે ત્યાં આ કાંઇ

દાગીના હોય એમ જણાયછે."

સર્વેની અજાએગા વચ્ચે તે છોડવામાં આવી અને તેજવખ્તે તેમાંથી હીરા તથા થોડાક દાગીનાઓ મળી આવ્યા. આ જોતાંજ સર્વે જણાંનો શક મજબૂત થયો કે તેણીનાં ખૂનને માટે નહિં પણ દાગીના લેવામાટે તેણીનું ખૂન કરવામાં આવ્યું છે.

"એજ વખ્તે એક ઘરડી ખખ ડોશી રડતી અને કલ્લાપીટ કરતી ત્યાં દાખલ થઈ. આ દાસી મરનારની પોતાની વિશ્વાસુ દાયા હતી, જેણી બજારમાંથી આવતાં લોકોનાં મો'થી પોતાની બાઈનું ખુંન થયલું સાંભળી 'જીવ કાઢતી' દોડી આવતી હતી.

ઓ મારી પીરોજબાઇ, તારી ઉપર એ શું જુલમ થયો રે! અરે એક કલાક આગમચ તું હસતી-રમતી હતી રે!" એમાં બોલતી તેણી છાતી કુટીને ભારે રૂદન કરવા લાગી. એટલામા પોલીશનાં ત્રણ કૉન્સટેબલો તથા ૨૦-૨૫ સિપાઈઓ અને લોકોનું એક મોટું ટોળું તે તરફ દોડી આવ્યું. 'મંચી' અને 'રસ્તાઇ'એ ખૂંનની ખરેખરી કેફીઅત જે પ્રમાણે બની હતી તે જણાવી અને કહ્યું કે—"ખુન કોણે કીધું, શા માટે કીધું અને કેટલાજણે કીધું એ અમો જાણતા નથી, પણ અમો આ તરફ દોડી આવ્યા ત્યારે રસ્તાપર ઉભેલા અમારા બીજા સાથીઓએ બે બદમાશોને કાળા પોશાક પેહરેલા પાસેની ઝાડીમાં નાસી ભરાતા જોયા હતા. તેઓ તુર્ત તેમને પકડવા દોડ્યા પણ ઝાડી બહુ ગુંચવણ ભરેલી અને ભયભીત તેમજ કાંટાવાળી હોવાથી તેઓ તેમને દિઠ્યા નહિં."

પેલી દાસી—જેણીનું નામ 'અમીના' હતું તેણી—ને પૂછતાં તે બોલી કે— "મારી બાઈએ એક કલાક આગમચ મને બજારમાં

કાંઇક ભાજી-તરકારી ખરીદ કરી લાવવા સારૂ મોકલી હતી. હું ગઇ ત્યારે તેણી ઘણી તંદરોસ્ત, રોજના જેવીજ હુશિયાર અને હસ્તી-રમતી હતી. હું પાછી ફરી આવીને હજી તો બાહાં ગામની નજદીકમાં છું એટલામાં કેટલાક લોકોથી બોલાતું મેં સાંભળ્યું કે અહીંથી અરધા કોસપર એક ખોબારમાં આવેલાં ઝુંપડાંમાં કોઇ અગળાનું ખુન થયુંછે. હું તે સાંભળતાંજ ચમકી અને મેં નકી ધાર્યું કે મારી બાઇનેજ કોઈ બદમાશોએ એકલવાઈ હાલતમાં જોઇને મારી નાખી હશે. મારી આ અટકલ કમનસિબે ખરીપડી અને હું આવી જોઉં શું કે મારી બાઇ જમીનપર લોહીમાં ગરકાવ પડેલી હતી, જયાં આ ભલા જવાનો કોણજાણે કયારનાં તેણી તરફ દીલશોજી બતાવતા ઉભા હતા. એ પછી શું થયું તે તમો જાણોછો” એમ કહી અમીના ભોંય પર ફસડાઈ પડી બેશુદ્ધ થઈ ગઈ.

* * * * *

* * * * *

“દોસ્ત જેહાંગીર, ચાલની શું થયું. પાંચનો વાયદો આપેલો ને પોણા છ થવા આવ્યા તોબી હજુ કશુંજે ઠેકાણું નહિ કે?” જે દિવશે બાહાં ગામમાં ઉપલું ખુન થયું તેજ દિવશે અને તેજ વખતે પુનામાં એક વાડીમાં ઉતરી પડેલી કેટલાક દોસ્તોની ટોલકીમાં એક દોસ્તદાર મોડો આવવાથી બીજાઓ તેનાં આવતાં વારજ બોલી ઉઠયાં. “બિચારો કામનોજ ધણીકે ની? તે જલદી કાંહાંથી અવાય ?”

“અલબત, દોસ્ત પેશી,” પેલા આવનાર કોઇ જેહાંગીરે ટીકા કરનારના હાથ સાથે હાથ મેળવતાં પોતાનું ઘડીઆલ જોઇ

કહ્યું. "ડાક્ટરો બીચારા મોજ મજાહથી સદા બેનસીબજ હોય છે. તમારા જેવો જો હું ફક્ત ચાકરીનોજ ધણી હોઊં તો મારૂં ચાલ્યું કરૂં."

"ખરૂં છે ડાક્ટર," એક બીજા દોસ્તે ટેકો આપ્યો. "એતો બોલનારા બેવકુફ. તમારી અગવડ હું સારી રીતે સમજી શકું છું. મારા કાકાના દિકરા જાલનો બી એજ હાલ છે. જો કોઈ ઠેકાણે લગન-મંડલ હોય અને ખાવા-પીવા ગયો હોય તો તેડું આવતાંજ તત્કાલ બિચારાને જવું પડે છે. શું કરે? ધંધોજ એવો પડયો."

"થેંક્યુ—થેંક્યુ મી. પેશિકાકા," ડાક્ટર જેહાંગીરે પોતાની અગવડ સમજનારનો ઉપકાર માનતાં કહ્યું. "તમારા વિચાર તદન દરૂસ્ત છે. એ બેવકુફ તેમાં શું સમજે."

"ચાલ-ચાલ બેવકુફનાં બાદશાહ" પેલા મિત્રે અપમાન લઈ મિજાજ બોયો. "આજે મુંબઈ શેહેરમાં અને પુનામાં એટલા બધા ડાક્ટરો વધી ગીઆય કે બિચારાઓ ઘેરમાં બેસીને માખ મારતા પરવારતા નથી."

"હારે હા, મારા ભાઇ!" ટોલિયા જેહાંગીર ડાક્ટરે તેને બોલતો પકડી લીધો. "તે ખરૂં પણ સાથે તારા જેવો માખનાં પગ તોડવામાં મદદ કરનાર મળતો નથીને? પણ ચાલ દોસ્ત, પેલા મિત્રો ગપ્પાં મારે છે ત્યાં જઈએ. જોઈએ વળી 'તાહાડે પોરની' કેવી-કેવી ઉરાડવામાં આવે છે." એમ વાત કરતા તેઓ હસ્તા હસ્તા ચાલી ગયા.

* * * * * * * * * *

ડાક્ટર જેહાંગીર ૨૯ વર્ષનો એક જુવાન ખુબસુરત પુરૂષ

હતો. તેના માતપિતા તેની નાદાન વયમાંજ મરણ પામ્યાં હતાં, જેથી તે તેના "બાપને તોલનાં કાકા" ને તહીં ઉછરી, મોટો થઈ કેળવણી પામ્યો હતો. વેલાત જઈને પરિક્ષા આપી આવ્યા પછી તેના કાકાએ પોતાના મરનાર ન્હાનાભાઈ (જેહાંગીરના બાપ) ની સરવે મિલકત તેના સ્વાધિનમાં આપી હતી, જે લઈ તે એક જુદા બંગલામાં રેહવા ગયો હતો. જેહાંગીરનો મરનાર પિતા નવરોજજી દોલતમંદ આસામી હતો, જેથી પોતાના આ એક પુરા બેટા માટે સારી પુંજી વારસમાં મેલી ગયો હતો. ડાકટરની પરિક્ષામાં પસાર થયા પછી જેહાંગીરે એક પારસી શેઠિયાની ઘણીજ ખુબસુરત અને કેળવાયલી બેટી સાથ શાદી કીધી હતી. પરણ્યા પછી થોડીજ મુદત ગુજરી એટલાં તેનો સસરો ધનજી-શાહ—જે ઘણો માતબર હતો તે- વેપારમાં એકાએક મોટી ખોટ આવવાથી બેસી ગયો, જેનો તેને એટલો ગમ લાગ્યોકે આખરે તેણે આપઘાત કીધો હતો. જેહાંગીરની સાસુ તો તે પરણ્યો તે આગમજનાં મરણ પામેલાં હતાં, જેથી તેણે તો તેમને જોયાં વટીક નહિ હતાં. જેહાંગીર જોકે બધી વાતે સારો અને સારા ખવાસનો હતો પણ ઊંચી કેળવણી છતાં વેહમીલો હતો. તે ઘણો ભલો હતો પણ સાથે લાગ્યો ભોળો હતો, જેથી જેનું સાંભળે તેનું ખરૂં સમજવાની નાદાની કરતો હતો. પરણ્યા પછી પાંચ વર્ષ સારાં ગયાં પણ પછી તેને પોતાની ખુબસુરત પ્રીયા અણગમતી થઈ પડી. તેને તેની પાકદામન વિષે વેહેમ પડવા માંડયો. જેથી તે વારંવાર તેણી જોડે 'છીટાં' કહાડતો હતો. એમ કરવાનાં કેટલાક ચોકક્સ સબબો હતા. જેહાંગીર પરિક્ષામાં પસાર થઈને મુંબઈ આવ્યો ત્યારે તેની સાથ પરણવા માટે મણીક ખુબસુરત

છોડીઓ ઉમેદવાર થઇ હતી. જેમાં 'ગુલ' નામે એક જુવાન છોકરી તો અતિ પ્યારથી તેને ચાહવા લાગી હતી. આ છોકરી સાથે પરણુવાની જેહાંગીરની પોતાની પણ ખાહેશ હતી- અને તે માટે તેણે તેણીને વચન વગીક આપ્યું હતું-પણ તેપછી પોતાની પરણેતરને 'ગુલ' કરતાંબી અતિ ખુબસુરત જોઇ તે તેણી ઉપર મોહી પડયો હતો. આ વાત જેહાંગીર તેણી સાથ પરણ્યો ત્યાં સૂધી 'ગુલ' ને જાદજી ખબર નહિ હતી, પણ પાછલથી 'ગુલ' નાં કેહવા મુજબ તે અંદરખાનેનો સઘલો ભેદ જાણુતી હતી.

એ રીતે જેહાંગીર જયારે એકાએક પોતાની પ્રીયા જોડે લગ્નના ગાંઠથી એક થયો ત્યારે ખુબસુરત પણ અદેખી 'ગુલ'થી તે દેખ શકાયું નહિં. પોતાની આશા ભ્રષ્ટ કરનાર તે જોડાંને કોઈબી રીતે દુઃખી કરવાના તેણીએ કશમ લીધા અને તેવો લાયક સમો સોધતી બેઠી.

અફ્સોસ ! કે તેવો એક કમનસિબ સમો તેણીને હાથ લાગ્યો, કે જેનો લાભ લઇ તે અદેખી અબળાએ પોતાની નેમ આબાદ ટાંકીને અદેખાઈની ગોળી ફેંકી.

ડાકટર જેહાંગીર પરણ્યા પછી એવા વિચારમાં હતો કે 'મુંબઇમાંજ પડી નહિ રેહેતાં મુફસીલમાં એકાદિ જગ્યા પર સારી આવક જોગું હોય ત્યાં ઉતરી પડવું.' તેનો આ વિચાર તેના મનમાં લાંબો વખત સૂધી ધોળાયા કરતો હતો. એક દિવસે, તે પોતાનાં લખવાનાં દિવાનખાનામાં બેસીને કાંઈ વાંચતો હતો એટલાં પોષ્ટ મારફતે એક કા. આવ્યું. તેની મોહોરદાર પોતાની એક સહીને મલવા ગયલી હતી જેથી ઘરમાં તે અને પાછલા ભાગમાં એક મરદ તથા એક ઓરત એમ બે નોકરો માત્ર હતાં.

પેલું પોસ્ટમાં આવેલું કાગજ કોઇનાં અંજાણા દસકતનું જ-ણાતું હતું જેથી તે તેણે 'એ વળી કોણ છે?' એમ વમાસતાં ઉખેલ્યું. એનવેલાપમાં ગોલાબી રંગની એક ન્હાની 'કાપલી, બી-ડેલી હતી અને તેમાં માત્ર નીચલી ચાર સતરો લખેલા હતી;—

"ડાકટર જેહાંગીર,

"આજ કાલ મોટા હરખ ને ઉમંગમાં પરણ્યા તો ખરા
"પણ તપાસજો કુવો ઊંડો છે. તેમજ ભયંકાર છે; ગોલાબ
"છે પણ કાંટાથી જડેલો છે; ખુબસુરત છે પણ બેવફા છે.
લા. એક ખરો ખેરખાહ."

એ શા ઢંગ?" તે વાંચીને શંકાશિલ મને બબડયો. "કોઇએ મને ખાલી ભમાવવાની તજવીજ તો નહિં કીધી હોય? સબંર જીવ! કદીને આ 'ખેરખાહ' કોઈ 'જાણ ભેદુ' હોય ને મને સાફે સાફ ચાહીને ચેતવતો હોય તો કોણ જાણવા ગયું છે? પણ નહિ–નહિ. એમ માનવા, વિચારવા અને સમજવામાં હું એક મોહું પાપ કઈ છું–મારી વફાદાર મોહોરદારને હરકતું અપમાન કરૂં છું. જે નાર મને આટલા પ્યારથી ચાહે તેણીને માટે હું એવો હલકા વિચાર રાખું? અને તે બી એક 'નનામાં' કાગજથી?"

અહીં તે થોડો વાર વિચાર કરવા થોભયો.

"હરગેજ એ વેહેમ મનમાં રાખવો જોઇતો નથી" ઘણો વાર વિચાર કરી–કરીને તેણે પોતાના મન સાથ છેલ્લો ઠેરાવ કીધો. "જયાં છે ત્યાં એમાં કાંઈ કાવતરૂં છે.' મને કોઈ નીચ દુસમન વાદલા બેઠો છે. હું આ ચીઠી મારી વ્હાલી ઓરતને કેમ બતાવું? તે બદલ હું તેણીને એક હરફ બી કેમ પુછી શકું?" વળી તે વમાસવા પડયો અને પાછો બબડયો. "નહિં, આ ચીઠી હું અત્તર ઘડી ફાડી નાખુંછું. મારી મોહોરદારને એ નાખુશ બીનાથી

જાણીતી કરીને રંજીદા કરવા હું ચાહતો નથી. પાપ હશે તો આપો આપ જણાઇ આવ્યા વગર રેહશે નહિં."

એમ બોલતોજ કે તે ઉઠયો અને પેલી 'કાપલી' ના કટકા કરી નાખવા જાયછે એટલાં "જેહાંગીર"! વહાલા જેહાંગીર! સબર કર! મને બતાવ એ શું છે?" કરતી તેની પ્રીયા દિવાનખાનામાં દોડી આવી તેના હાથને વળગી પડી. જેહાંગીરે તેણીને જોતાંજ ઝડફથી તે 'કાપલી' બારીક ફાડી નાખી અને "કાંઈ નથી, મારા સમ" કરી કહી વાત ઉડાવી. તેની મોહોરદાર ઘણાંવારની આવીને બારી આગલ ચીમાઇને તે શું કરેછે તે રમુજમાં જોવા ઉભી રહી હતી. રમુજને બદલે તેને એવી રીતે બબડતો જોઇ તેણીએ તે ચીઠી મેળવાની મરજી કરી હતી પણ તેણી આવે તેટલાં જેહાંગીરે તે ફાડી નાંખી; જેથી તેનાં મનમાંની શંકા મનમાંજ રહી ગઈ. જેહાંગીરને તેણીએ ઘણું સહમજાવાને પુછ્યું કે 'તમે એકલા હવડાં એટલા ઉશ્કેરાઈને શું બોલતા હતા?' પણ તેણે તેને હથી કાઢીને બીજાં-બીજાં 'બીલ્લાં' બતાવ્યાં. તેની મોહોરદાર જોકે ઘણે વારની આવીને સંતાઈ રહી હતી તોબી તેણી જ્યાં ઉભી હતી તે, ઓરડાને છેક નાકેની બારી હોવાથી તેણીનો ખાવંદ શું બબડયો તે થોડાક અધુરા શબ્દો શિવાય તેણી વધુ કશું સાંભળી શકી નહિ હતી.

જો આ પત્રનો ખરો ખુલાસો જહાંગીરે પોતાની મોહોરદારને જણાવ્યો હોતતો આગળ જતાં જે ખરાબો થયો તે કદી થાત નહિં.

એ પછી થોડાજ દિવસમાં જેહાંગીરનો સસરો મરણ પામ્યો. તેની 'વરશી' વિત્યા પછી તેણે ફરીથી પોતાનો પેલો આગલો વિચાર (મુમ્બઈ છાડીને મુફસીલમાં ડાકટરપણું કરવા જવાનો) તાજો કીધો. એ માટે તેણે ઘણીક તેહકીક કીધી, જેના પરિણામમાં જણાયું કે

કાઠિયાવાડ તરફ એક દેશી રજવાડાંમાં એક શીખેલા ડાકટરની બહુ અગત્યછે. જો કોઈ ત્યાં જાયતો સારી આવક સાથે ત્યાંના ઠાકોર તરફ વગ લાગ્યાથી ચોક્કસ બાંધ્યો મુસારોભી જુદો મળે એમ જણાયું. આ ખુલાશા ઉપર જેહાંગીરનું મન લલચાયું. તેણે મુંબાઈમાં ઘણી મજાહ મારી હતી માટે તે તેથી કંટાલ્યો હતો. હવે તો તેને મુફ સીલમાંજ વસવું પસંદ હતું. કાઠિયાવાડ તરફનાં કેટલાક મિત્રો મારફતે તેણે પોતે ઘણીક તજવીજ કરાવી હતી, તેના ખુલાશામાં તેઓ એમ જણાવતા હતા કે "તમો પોતે અત્રે આવી પકકો બંદોબસ્ત થાય ત્યાંસુધી આં રહો. ને પછી ઘેરબાર લાવો." જેહાંગીરને આ વિચાર રાસ્ત દીસ્યો. આગમચથી એકદમ જવા કરતાં નેહકીક અને અનુભવથી કરવામાં ફાયદોછે એમ જાણી તેણે પોતાની મોહોરદારને ત્રણ માસમાં પાછો ફરવાની કબુલાત આપી ચાલ્યુ મુકયું.

આ ઠેકાણે જણાવવું અગત્યનું થઈ પડશેકે ઉપર ટાંકેલી ચીઠી ઉપરાંત એવી બીજી ઘણીક 'કાપલીઓ' જેહાંગીર ઉપર (કાઠિયાવાડ જવાની આગમચ) આવી હતી, જેથી જેહાંગીર જોકે ભોળવાયો નહતો તોપણ હવે તેનું મન લગાર અનઘનતો થયું હતું એમાં કશો શક નહિં હતો. વાંચનારને જણાવવાની અગત્ય પડશે નહિં કે આ સરવે કારસ્તાન પેલી અદેખી ઓરત 'ગુલ'નાં હતાં, જે પોતાની નાંશીપાશીનો એવાં લ્હરડતાં દોજખી કામથી બંગ લેવા ચાહતી હતી.

જેહાંગીર કાઠિયાવાડ ગયો ત્યારે પોતાની મોહોરદારને મુંબઈ માંજ રાખી ગયો હતો. તેની મોહોરદાર ઘણા સાલેસ સ્વભાવની, સદગુણી, પાકદામન અને નમનતાઈવાળી હતી. તેણીની

ઘણીક 'સહીઆતીઓ' હતી, જેણીઓ તેણીને વારંવાર મળવા આવતી હતી. વળી તેણી પોતેપણ તેણીઓને વળતી મુલાકાત આપતી હતી. જેહાંગીરની મોહોરદારમાં એક ખવાસ એવો માયાળુ હતો, કે એકવાર જે સખી સાથે દીલ બંધાયુ તેણી ઉપર ખુરબાંન-ખુરબાંન થઈ જતી હતી.

પણ હવે અહીં શું બન્યું તે જુવો. 'ગુલે' જયારે જાણ્યું કે 'જેહાંગીર પોતાને માટે સારી જગ્યા જોવાસારૂ કાઠિયાવાડ તરફ ફરવા ગયેલોછે અને ઘણા દિવશ વગર પાછો ફરનાર નથી' ત્યારે તેણીએ જેહાંગીરની મોહોરદાર સાથ હળવે હળવે દોસ્તી બાંધવાનો કસદ કીધો. આ કશદમાં તેણી જલદીજ ફાવી શકી અને તેમી એટલી બધીકે પંદર દિવશમાં બીજી સહીઓ કરતાંબી તેણી વધુ વ્હાલી થઇ પડી! જેહાંગીરની મોહોરદાર નરમ અને ભોલા સ્વભાવની હોવાથી 'ગુલ'ને પોતાની કપટી રચનાં રચવા સારૂ તેણીને હાથમાં લેતાંનેવાર લાગ્યો નહિં. જેહાંગીરની મોહોરદાર એમ નહિ જાણુતી હતીકે 'ગુલ' પેહલાં 'જેહાંગીરને ચાહતી હતી.' જો એ વાતથી તેણી માહિતગાર હોતતો આ બાબદમાં હાથ ઘાલવાથી પરહેજ રેહત, પણ તેમ કશું નહિ હોવાથી દોસ્તી થતાં વાર લાગી નહિં. 'ગુલ' પોતે જોકે હજીસુધી કુંવારી હતી તોપણ પૈસાવાળા બાપની એકપુરી 'લાડકવાઈ' બેટી હોવાથી પોતાને મન ચાહ્યું કરી શકતી હતી. જે વખ્તે જેહાંગીરનાં લગ્ન થયાં ત્યારે જેહાંગીર ૨૩ વર્ષનો અને તેની ઓરત ૨૧ ની ઉમરનાં હતાં 'ગુલ'તો તે વખ્તે જેહાંગીર કરતાં એક વર્ષ ન્હાની (યાને ૨૨ વર્ષની) હતી. જેહાંગીરની ઓરત સાથે 'સહીપણું' સાંધ્યાપછી અરસપરસ બેઠ સોગાદની 'ધમ્મર છકડી' ચાલી રહી. વળી એક મેકને દીલ

પણ એવું બન્યું કે એકમેકની છુપીવાતો પણ એકેકથી અંજાણી કે છાની રાખતાં નહિ હતાં. અહેમ્બી 'ગુલ' તેમાં પોતાનો લાભ જાણતી હતી. "જેહાંગીર ક્યારે આવશે!"—"ત્યાં કાંહાંસુધી રેહશે?"—"દહાડો આવવાને વખતછેકે?"—"કાગળ—પતર આવેચકે?" વિગેરે અમત્યનો સાર લેતીને લેતી. તેણીની ખરાં દીલની ખાહેશ હતીકે "જેહાંગીર કોઈબી રીતે ત્યાં વધુવખત ગોવાઈ રહેતો ઠીક કે હું મારૂં મન ચાહ્યું ચોકઠું ગોઠવી લેઉં."

જેહાંગીર કાઠિયાવાડ ગયાપછી એક મહિનાની અંદર જેહાંગીરની મોહોરદારની શાલ્ગીરેહ પડી, જેથી તેણીએ પોતાની સરવે 'સહીઓ'ને એક ખાનું આપ્યું. એ દિવશે તેણીએ ખુબ બપકો કીધો હતો. સો કશાંમાં તેણીનાં ગલાંમાં એક મોતીની માલા, પોતાની અને પોતાના ખાવંદની સબીઓ સાથની સોનાની 'લાકીટ' અને એક કીમતી હીરાની વીટી, એ ત્રણ ચીજ અફશર કરીને સરવે કોઈનું ધ્યાંન ખેંચી રહ્યાં હતાં.

આનું ખાવાની આગમચ 'મ્યુઝીક' ચલાવતી વખ્તે જેહાંગીરની મોહોરદારે પોતાની 'સહીઓ'ને રાજી રાખવા માટે દરેકની પાસે જઈ તેમની ખબર પુછી હતી, જેમાં 'ગુલ' માટે તેણીએ વિશેશ પ્યાર બતાવ્યો હતો. 'ગુલે' તે લાગ સાંધી તેણીની ઉપર જણાવેલી ત્રણે ચીજ જોવાચાહી હતીઅને તે જોઈ તેણીએ પૌતાની પસંદગી જણાવી હતી. જોકે તેની પુછવાની મતલબતો જુદીજ હતી.

"માહરા વ્હાલા ખાવીંદ," પોતાની વીટી, લાકેટ અને હાર બતાવતાં જેહાંગીરની ઓરતે હસ્તે ચેહેરે કહ્યું—"આએત્રણ ચીજો મને મારી શાદીની ખુશાલીમાં બેટ કીધી હતી અને મને કસમ આપ્યા હતા કે 'મારા પ્યારની એક સાચી નીશાંની તરીકે એ

ચીજો તારી પાંસે રાખજે અને કોઇને હાથે જવા દેતીનાં. જે દાહડે એ ચીજો બાહેર જશે તે દહાડે તારો પ્યાર ઓછો થયો એમ સમજશ' એમ કહ્યું હતું."

"હાજી, ખરૂંછે બેહેન," 'ગુલે' પોતાને એક ભેદ મલેલો જોઇ અંદરથી ખુશી થઈને બાહેરથીબી ખુશી બતાવી કહ્યું. "એક વફાદાર અને વ્હાલા ભરથારનાં પાક પ્યારમાં આખી જીંદગીનું સુખ સમાયલું છે. દાદાર હોરમજ્દ તમારૂં જોડું કાયમ રાખે. અને ઘણું સુખ જુવો એ મારી ગરીબ બેહનની તમોને દુવા છે."

"ઉપકાર માનુંછું વ્હાલાં બેહેન ગુલાં," જેહાંગીરની બૈરી પોતાના દીલથી ખુશી થઈ હસીને બોલી 'તમો બેહેનના તે સખુનો હું તમોને પણ જલદી આમિન થયલા જોવાને ખોદાનાં ઘેર સુધી ખુશી થવશ." એમ બોલી તેણી પોતાની બીજી સહી ઓની ખબર માટે હસ્તે ચેહેરે ચાલી ગઈ.

"વારૂં રાંન, તારૂં હવે હું કાટલું ધરૂંચ," ગુલ તેણીને જવા દઈને મનમાં એકલી બબડવા લાગી. "હવે એક સરસ ભેદ પાયોચ ગેઈ કાલેજ મેં જેહાંગીરઅર પાછું એક કા. કાઠિયાવાડ મોકલીને તેમાં તું અહીં બદ કરમ કરેચ એમ જણાવ્યુંચ પણ હવેતો તે પાપ જલદીજ પકડી આપવાનાં તે કાગજમાં મેં આપેલા વાયદા મુજબ તારેજ મોહડે તું એક લાગ સુચવી ગઈછે. વારૂં, એક પાંચ દાહડા વચમાં જવાદે પછી તારી વાત."

વચમાં પાંચ દિવશ વીતીજતાં વાર લાગો નહિં. એ પછી એક દિવશે જેહાંગીરની ઓરત પોતાનાં ઘેરમાં બેશીને ભરતી હતી એટલાં 'ગુલ'ની 'આયા' એક કાગજ લઈઆવી. પોતાની વ્હાલી 'સહી' (!) તરફથી એકાએક આજે સાંનું કાગજ આવ્યું છે તે જાણુવાનાં હેતુથી તેણીએ તે ઉખીલ્યું. તેમાં નીચે મુંજબ લખેલું હતું:-

"વ્હાલાં બેહેન,

"જત, મારી 'આયા'ને મોકલીછે તેની સાથે તમોએ તમારી "વરશગાંઠને દીને જે માલા, લાકીટ તથા વીટી પેહરી હતી "તે મેહેરબાની કરીને દાબડીમાં મુંકી મોકલી આપશો તો "બેહેનજી ઉપકાર થશે. મને પન એમાંનાજ લેવાનાંછે 'તેથી નમુનો જોવા સારૂ મંગાઊંછું. પાછાં તરત મોકલી "આપશ તે જાનજોજી. સાંજે હું તમોને મલવા આવવાની "છેઊં. આશાછેકે સારી સુખાકારીમાં હશો; હાલ ઘેરમાં "હું ભાઈ શાવક સાથે એકલીજછું. બાવા તથા માએજી "માથેરાંન શીધારેલાંછે તે શેહેજ લખુચ.

લા. દુવાગીર બેહેન,
ગુલાં."

પોતાની 'જીવેજાંન' સહીએ મંગાવેલી ચીજ, ગમે એવી બેમુલી કે કીમતી હોય તોબી આપ્યા વગર કેમ ચાલે? વળી 'બોઇ કચ, એ કાગજમી જોનસ લીખેચ તે આપેસ તે લૅાઈ ઑવ'

એમ 'આયા' બી બોલવા લાગી. જોકે 'જેહાંગીરે તો એ ચીજ 'બાહેર નહિ જાય' એમ તાકીદ કીધેલી હતી પણ જેહાંગીરની બૈરીએ પોતાની સહીને નાં લખીને અપમાન કરવા ચાહ્યું નહિં. તેણીએ વિચારયું કે—"એ પોતે તેવા દાગીના લેવાની હશે સબબ મંગાવ્યા હશે. સાંજે આવશે તારે લઈ આવશે, કશી હર કત જોગું નથી.

આયા સાથે, દાબડીમાં માવજતથી મુંકીને તેણીએ તે દાગીના 'ગુલાં' ઉપર મોકલી આપ્યા. સાંજે ચાર નહિ વાગે તેટલાં વલી પાછી 'આયા' એક કાગજ લઈઆવી. તે નીચે મુંજબ હતું:—

"વ્હાલાં બેહેન,

"જત, ઉતાવલમાં લખવાનુંકે મારાં માતાજી ઘણાં શીક થઈ
"પડવાનો તાકીદનો 'તાર' આવવાથી આજે અગીઆર વાગે
"બપોરની ગાડીમાં હું માથેરાંન જાઊંચ. સાંજે મારી રાહ
"જોશોનાં. ખોદા અમારી લાજ--શરમ રાખે. તમો ફીકર
"કરશોનાં, હું ગીઆ બરાબર કાગજ લખશ હાલ એજ.

લા૦ દુવાગીર બેહેન.

"ગુલાં"

"બોઈ ઓગીયાર વાગે માથીરોન ગોઈ" તેણી હજી કાગજ વાંચી પુરૂં કરી નહિં રહે તેટલાં 'આયાં' બોલી "મોટીબોઈ ઘણી શીક થોઈ ગોઈ ને તોર ઓવી તેથી ગોઈ."

"અરે પણ સડવાર સુધીતો કંઈ કશુ નહિને એકાએક મરેરે મૂવું એશું થઈ ગીઉ." જેહાંગીરની બૈરીએ દયા બતાવી "પણ આયા, તુંને એ કાગજ કાહરે આપ્યું હતું?

"દોસ વાગે"

"તારે દસ વાગેની ચીઠી તેં મને હવડાં પુગાડીકે? તરત જણાવતે તો હું બાઈને મલવા નહિં આવતે? વારૂ તેં પેલી જનસ બરાબર આપીતી કે? તે બદલ એમાંતો કંઈ લખેલું નથી."

"હા બોઈ." આયાએ ખુલાશો કીધો. "મેં આપી, ઘભરોઈ ગોઈતે લખવાને ભુલી જશે. હું કોગદતો બારવાગે લાવતે પન બોજે રેમો ગોય તે યોદ નોઈ રઈ."

"વારૂ ઠીકછે, જા, કાગજ-પતર આવેતો તરત સારા સગા ચાર મને કેહવા આવજે. ઘેરમાં કોઈ છેકે?"

"હા, શોવક છે. બાઈની સાડે મોનીકશા ગેઈ હું જાએછ."

"વારૂ, આવજે જા. ખોદા સારૂ સંભલાવે."

* * * * * *

જેહાંગીર કાઠિયાવાડ ગયો ખરો પણ ત્યાં તે જેટલી સેહેલી રીતે પોતાનું કામ થવાની વકકી રાખતો હતો તેમ બન્યું નહિં. તે તરફ જે રજવાડામાં તે રહેવાને ખુશી હતો ત્યાંના ઠાકોરે પોતો પણ ચોકસ મુશારો આપવા કબુલ્યું, મગર એવી શરતેકે બીજી કેટલીક રીતે જેહાંગીરને બાંધી લેવાં માંગ્યો. આ બંધાણ તેને

પશંદ પડયું નહિ. તે સ્વતંત્ર રહેવા ઈચ્છતો હતો અને સ્વતં-ત્રપણે સંસાર ગુજારવા સારૂ તો ડાકટરની છુટી જીંદગી તેણે પસંદ કરી હતી.

એથી તે નાસિપાસ થઈ ગયો હતો.

એ નાસિપાસિ એક દિવશે એકાએક વધી ગઈ. મુંબઈથી પેલાજ "એક ખરા ખેરખાહ"ની સહીનું વળી પાછું એક કાગજ તેને પોસ્ટ માર્ફતે મળ્યું. આગળ તે લખનારની ખબર સાધારણ હતી પણ આ વખ્તની ખબરતો ઘણી ચોંકાવનાર હતી, એટલુંજ નહિં; પણ મુદદા સાથે હતી. કાગળની સાથે એક ચીજપણ એવી તેને મળી હતીકે જે તેણે પોતાની તરીકે વગર હરકતે કબુલ કરી. એ ચીજ તે કાંઈજ નહિપણ પોતાની મોહોરદારને તેણે શાદીની ખુશાલીમાં ભેટ આપેલી એક ઘણી કીમતી હીરાની વીંટી હતી. તે દુ:ખ ભરેલું કાગળ જેહાંગીરે માહા ઉશ્કેરાઈ આવેલી લાગણીઓ વચ્ચે વાંચ્યું અને તે વાંચતાં તેને તંમ્મર આવ્યાથી ઉભો હતો ત્યાંજ ચટોપાટ પડી ગયો:—

"ડાકટર જેહાંગીર,

"મારી ઘણીક ચેતવણી છતાં તું હજી સાવધ થતો નથી; તો, "લે અને આંખ ચોલીને જોકે તારૂં એક ખરેખરૂં ભલું "ચાહનાર 'ખેરખાહ' તરીકેજ માહા મેહનત અને ખર "ચથી એક મુદો મોકલુંછું કેજે તે તારી ઉપરથી પાક

"પણ બાતેનમાં બેવફા મોહોરદારને ભેટ બખશી હતી. આ
"સાથે તારી તે વીટી મોકલુંછું કે જે આપતી વખ્તે તે
"તેણીને તે ચીજ પારકે હાથે નહિં જવા દેવાની ખાશ
"તાકીદ આપી હતી. ભોલા ભરથાર! દુ:ખી થજે વાંચીને
"કે તારી બેવફા સ્ત્રીએ તે એક એવા મનમોહન દીલદારને
"ભેટ કીધી હતી કે જેની આગલ તું તો એક ગુલામ જેવો
"ગણી શકાય. તારે અને તારેજ ખાતર મેં મારા એક
"ખાનગી ભોમીયાની મારફતે તેનાં ચાકરને હાથમાં લઈ
"આ વીટી મેળવીછે તે તારીજ છેકે બીજાની તે જોઈને
"ખાત્રી થશે તથા ત્યારેજ મારી આગલી ખબરો ખરી કે
"ખોટી તેનો તને ખરો ખ્યાલ આવશે. આટલું છતાંબી જો
"તું નહિ ચેતશે તો તારા જેવો બીજો હેમક કોઇ સમજવો
"નહિં. અગર હજી ખાત્રી નહિ થાયતો બીજા મોતેબર
"મુદદાઓ મોકલવાને તૈયારછું. હાલતો એજ ઘણુંછે.

લા૦ એક ખરો ખેરખાહ.

આ દિવશથી જેહાંગીરની તબીએત, લહડી ગઈ.

તેનો માયાળુ અને ભોળો ખવાસ અતિશય ક્રોધી અને ચીડીઉ બની ગયો. તે વેહમી બન્યો--પોતાની પાકજાદ-ફિરેસ્તા નાર ઉપર બદીનું ગુમાન લ્હઈ ગયો--પોતાની વફાદાર મોહોરદારે બેવફા થઈ તેને આખર દગો દીધો એમ તેણે ખાત્રીથી માન્યું. જયારે તે શુધ્ધમાં આવ્યો ત્યારે જોયંશું કે તેના 'ખેરખાહે' મોકલેલી પુરાવો આપનારી પેલી વીટી તેની પોતાનીજ હતી, જે તેણે લગ્નની યાદગારીમાં પોતાની મોહોરદારને ભેટ કરી હતી. તેણે

વિચાર્યું કે "ઓરત! ઓરત! મને આખરે ઠગ્યો; મને વાહયો! મારાથી આખર તું બેવફા થઈ! મેં આગલાં કાગળોથી કદી વેહેમ ધર્યો નહિં હતો પણ હવે માં ખોટું શું છે? જે પાક પ્યારનાં કસમ સાથે તુંને મેં એ સુંદર અને કીમતી વીટી બખશી હતી, તે પ્યારને તેં તરક કરીને મારા કરતાં બીજાની મોહબત વધુ સમજી છે! અફસોસ! ઓ બદકાર ઓરત, જો તું આએ ઘડીએ મારી પાસે હોતતો જીવતીતો કદીજ મેલત નહિં. વીટીનો મોતેબર પુરાવો આપનાર મારો 'ખેરખાહ' હજીને ચેતાવેછે કે વધુ ખાતરી આપવાને તે તૈયાર છે, તો શું એજ ખાત્રી થોડીછે કે બીજીની ઉમેદમાં ધીરજ પકડું? સાંભલ્યુંછે ત્યારથી મારા જીવને એવું અસહ્ય દુઃખ થાયછે કે ખોદા મારૂં આએ ઘડીએ મરણ આપેતો છુટું. અરે ખુદા? જલો આ જીંદગીને જલો આ એશઆરામ! "નજરે જોયલું ખોટું હોયછે" એમ કેહવાયછે, પણ હું જોઊંછું કે મેં જે જોયું તે ખરો ખરતો ખોટુંછે. મારી ઓરતને હું વફાદાર અને પાકદામન સમજતો હતો, પણ તેમાં હું ઉપલી કેહવતને ખરી પડવા સાથે પોતાને સજજડ ઠગાયલો જોઊંછું. મારા પરવર દેગાર! ખચીત્ત આજે સચ્ચાઈનો જમાનો નથીજ નથી. એજ ઘડીએ હું તે નાપાક ઉપર એક ચીઠી ચીતરી કાઢી મારાં મકાનમાંથી પોતાનું કાલું મોહડું સદા સુધીનું દૂર કરવાને લખી વાલુંછું, અને જો તે ઘણી પતીજ થશે તો આએ વીટી લઈને તેની સનમુખ હાજર થઇ તેની શરફશી ખાકમાં નાખીશ." એમ બોલી તેણે ઝનુનનાં જોશમાં એક કાગજ નીચે મુજબ ચીતરી કાઢી પોસ્ટ કરાવ્યું:—

"બેવફા ઓરત,

અફસોસ હોજોકે જે નાર ઉપર મેં મારી બાવધની જીં' ગીનો આધાર અને "પ્યાર બાંધ્યો હતો, તેણી મારાથી અંતે બેવફ થઈછે. તને આજ સૂંધી હું જીગરથી ચાહતો હતો અને તારે માટે હું સદા મગરૂર હતો પણ તે ચાહ અને મગરૂરી તે હવે જનમ સૂધીની ટડીછે મહા ઘભરાટ વચ્ચે તું જોશેકે તારી પાપી વાશ નાંની મને અંતે ખબર પડી ચુકીછે. તારૂં તે પાપ ફુટયુંછે અને તેથી હું સરવે રીતે માહેર થયોછું. આ પત્ર હાથ લાગતાંજ મારા મકાનમાંથી તારી કાલી સુરત વગર ઢીલે દૂર કરજે અને જયાં જવાય ત્યાં તારૂં કાલું કરી ચાલતી પકડજે. જો હું આએ વાસ્તે તારી નજદીક હોતતો ભલે ખુની તરીકે ફાંસીને લાકડે ચઢત, પણ તારો જીવ લઈ તુંને માયા પછીજ મરત. આ શબ્દો લખતાં મારાં જીગરમાં કેવી દાહે બળેછે અને કેવું નહિં સહન થઈ શકે એવું દુઃખ થાયછે તેનો ખ્યાલ તને કદી આવુનાર નથી. જો મારી આએ ખબર છતાં તું મારા ઘેરમાંથી નાહ નીકલી જશે તો ઘણી નામોશી સાથે રૂશવા થઈને જવું પડશે. વાસ્તે, કાગજ વાંચ્યા બરાબર તારા બાપીકા ઘેરથી જે તું લાવેલી હોય તે લઈ તારી અનગમતી સુરતથી મારૂં ઘેરને સદા સૂધીનું સુખી કરજે.

લા૦ તારો એકવારનો વ્હાલો, પણ આજે તારી
કાલી સુરતને જીગરથી ધિઃક્કારનાર—
જેહાંગીર."

ગઝલ—ભૈરવી.

(રાહ)—"પૈસા તમાંમ જગમાં છે વિપત્તિની જડમૂલ."

દુનિયાં! અરે દુનિયાં! નથી તું યારની કોઈ,
કુલ ખુદ્રતી પયદાશ કે નર—નારની કોઈ. (૧)
ભર્યાં છે હાય! વ્હેમનાં ખલકત્તમાં ખઝાનાં,
શુધ્ધ-બુધ્ધ ઊરાડેછે જુઓ ભરથારની કોઈ. (૨)
પુરી સુખી ન જીંદગી જગ માંહે જાણવી,
શું રંક, રાય, સૂંમ કે દાતારની કોઇ. (૩)
નિજ દેહનાં સુખથી સુખી રહયો જો કોઈ હ્યાં.
ખાંમી દિશે છે તે તણાં સંસારની કોઇ. (૪)
દિન-ધરમ ને પુન્ય-પાપો સર્વ હ્યાંનું હ્યાં,
લઈ જાય આ 'ભલી-બુરી' બાજારની કોઈ. (૫)
જાનથી જૂદો થશે "દિલજાનનો "દિલજાન"
ન રાખ તું "દિલજાન" આસ પારની કોઈ. (૬)

* * *

આ કાગળ વાંચી જેહાંગીરની મોહોરદાર બેશુદ્ધ થઈ તુટી પડી!

એકાએક, નહિં ધારેલી રીતે, સ્વપણે પણ સંજોગ ન આવે એવા અચાનક પ્રસંગને પોતાપર દુઃખના વાદળ રૂપે આવી પડેલો જોઈ તે નિરાધાર નાર હેબતથી ફાટી ગઈ. પોતાનાં વ્હાલા ભરથારમાં આ અજબ ફેરફાર કેમ, કેવી રીતે અને શા કારણથી થઇ ગયો તે, તે નિર્દોષ અબળા કશું સમજી શકી નહિં!

ગરીબ બિચારી વફાદાર નાર! તે પ્રસંગે તેણીની છાતીમાં કેવો ધબરાટ ચાલ્યો હશે, કેવી અસહ્ય વેદનાં થઈ હશે અને તે

તેણી કેમ ખમી શકી હશે ? તેણી શું જાણે કે જે ઓરત "સહી-પણાં"નો સાલ્લો ઓઢી તેણી પરથી 'મરૂ-મરૂં' થઈ જતી હતી તેણીનાંજ આ કાળાં કારસ્તાન છે અને તેજ કર્તુકે તેણીનાં સંસાર-સુખમાં સડો નાંખ્યો છે !

જ્યારે તે બાપડી શુધ્ધીમાં આવી ત્યારે તેણીએ વિચાર્યું કે "મારા કોઈ દુશ્મને મારા ભોલા ભરથારને મારી પાકદામન ઊપર જબરો વેહેમાવ્યો છે, જેથી હવે હું ગમે એવી રીતે તેની ખાતરી કરશ, તોબી તેનાં મનમાં પેવશ થયલો વ્હેમ નીકલનાર નથી. હવે તો ખોદાપર સબર રાખી જે થાય તે જોયા કરવું અને તેમ કીધાથીજ મારી પાકદામનપર બેઠેલો આ ખોટો ડાઘ ખુદરત પોતાની મેલે ધોઈ નાંખશે. હાલ જખમ તાજોછે તેટલાં મારાં વચનો અને શબ્દો તેને ઝેર મિશાલ લાગશે. તેથી બેહતર તો એજ કે આએ ઘરબાર તજી મારા તે ભોળા ખાવિંદનાં ફરમાનને માન આપી પુનાને છેલ્લી સલાંમ કરવી. જો ખોદાની મારીપર મેહેરજ હશે, તો પાંચ વરેણી મારી સાબુત એઈમાનદારીનું ફલ મને મલ્યા વગર રહેવાનું નથી. પણ હું જાણી કયાં ? ઓ ખોદા ! મુજ નિર્દોષ પર આએ કેવો ગજબ?"

એમ બોલી તે પાકદામન નાર વળી પાછી ડુસકે-ડુસકે રડવા લાગી. પ્રીય વાંચનાર ! ખરેખર, આ વખ્તે તેનાં તે દુઃખમાં દિલાશો આપનાર કોઈજ હતું નહિં. તેણીનાં માત પિતા તો આપણે આગળ જોઈ ગયાં તેમ મરણ પાંમ્યાં હતાં, જેથી તેની સર્વે ઉમેદ પોતાનાં ધણીમાં હતી. પણ ધણીએ તો એવી રીતે વ્હેમ લાવી તેણીને પોતાથી સદાંની દૂર થવાનું ફરમાવ્યું હતું !

તેણી વિચારી વિચારી ને એજ વિચારતી કે "હવે દુનિયામાં મારા ભરથાર સિવાય મારૂં કોણ છે?" આ વિચારે તે બિચારીને ગોયા ઘેલી કરી મુકી હતી.

પણ અંતે કોઇ છેલ્લા ઠેડાવ પરતો આવવુંજ જોઈએ. તેણીએ પ્રથમ મુંબઈ જઈ વસવા ચાહ્યું. પણ તે વિચાર તેને થોડીજ મિનિટમાં ફેરવવો પડયો. ધંધાને સર, જેહાંગીરનું ત્યાં ઘણીવાર આવવું-જવું થતું હતું. વળી તેણીનાં સગાં જોકે ત્યાં નહિં હતાં, પણ ઓલખીતાં-પિછાંનતાં ઘણાં હતાં, તેઓ તેણીને એવી અટુલી હાલતમાં જોઈ ચર્ચા કરે, હશે, નિંદે તેમજ 'દુ:ખપર ડાહામ' આપી સાંમી તેણીનીજ ચાલ પાધરી ન હશે એવા નહિં ઘટતા ટીકા કરી કારી જખ્મો લગાડે તે કરતાં ત્યાં ન જતાં કોઈ બીજે ઠેકાંણે જઈ વશવાનુંજ હજી વધુ સલાંમતી ભરેલું હતું. તેણીએ હવે નકકી કીધું હતું કે "જયાં સુધી મારી પાક દામનપર લાવવામાં આવેલો વ્હેમ ગોટો પડે નહિં, ત્યાં સુધી હજારો સંકટો સોસવાં છતાં મારા ભોલા ભરથારને મારૂં મોં' બતાવવાની નથી, સબબ, મારે કોઈ એવી જગાપર જઈને રહેવું જોઈએ કે જયાં જેહાંગીર આવી શકે નહિં." આ જગ્યા તરીકે અંતે તેણીએ સુરતની પડોશનાં એકાદાં ગામડામાં જઇ વશવાનો ઠેડાવ કીધો. અને બીજેજ દિને, પોતાના ખાવિંદને સાંમી એક રતિભાર ચીજ ન લેતાં, પોતાનાં પિતા તરફથી ભેટ મલેલા દાગીનાં તથા કપડાં લઇ તેણી સુરત ઉપડી ગઈ.

ઘરમાં 'સાપુર' નામે એક બબરચી તથા 'સુના' નામનાં એક ઘરડાં ડોસાં હતાં, કે જેમને જેહાંગીર કાઠીયાવાડ ગયો તે

વેળા પોતાની પરણેતર આગળ રાખી ગયો હતો તેમને તેણીએ જતી વેળા ભીડાવ્યાં કે 'ઘણા દિવસ થયા મારા જેહાંગીરને મળી નથી વાસ્તે મને મળવા સારૂ કાઠીયાવાડ તેડાવી છે તેથી તમે ઘેરમાં હુશીયારીથી રેહેજો. હું અઠવાડિયાંમાં પાછી ફરસ. મુંબાઈથી મારી એક સહી તે તરફ જવાની છે તેની સાથે હું વઢવાણ સુધી જવશ. પણ આએ એક કાગજ મારા જેહાંગીરને નામનું છે તે તમારી પાસે રાખજો. કેમકે એવણ પોતાનાં ઠાકોર સાથ મુંબાઇ આવવાનાં છે. વાસ્તે કદાચ મુંબાઈમાં અમારી મુલાકાત નહિં થાય ને હું કાહિયાવાડ ઉપડી ગીયા પછી મારે જેહાંગીર ત્યાં આવી લાગે તો તેને આએ આપજો."

પ્રીય વાંચનાર જોશે કે એમ કરવામાં સિવાય તેણીને બીજો છુટકો હતો નહિ! તે નાચાર થયલી અબળા એ શિવાય બીજું શું કરી શકે?

પણ હવે વધુવાર વ્હાલાં વાંચનારને ભેદમાં રાખવાની જરૂર નથી. અત્રે એક અગત્યનો ભેદ ખુલ્લો કરવો જોઈએ કે આ વાર્તાની શરૂઆતમાં એક કમનસિબ ઓરતનાં ભયભિત ખુનનો જે ભયંકર દેખાવ આપણે જોઈ આવ્યા છીએ તે ખુનનો નિ-દોષ ભોગ થઈ પડનારી અબળા કોઈજ નહિં. પણ જેહાંગીરની આ વફાદારી બાયડી—પાકદામન પીરોજા હતી! કે જેણીને આ વાર્તાનો પાયો રચવા સારૂ આગળ આટલીવાર આપણે "જેહાંગીરની મોંફાદાર"ના ભેદીક નાંમે ઓળખતા આવ્યા છીએ પણ હવેથી "પીરોજા"ના પ્રગટ નામે પિછાનીશું.

* * *

પીરોજાપર લખેલા પેલાં ઘાતકી કાગલ પછી એક મ-હિનો સુધી જેહાંગીરે તેને મનથી બેવફા થયલી તેની મોહોર દાર તરફથી કાંઇ પણ જવાબ મળવાની આશા રાખી હતી, પણ પીરોજા તો એક કાળો હર્ફ વટીક લખ્યા વિનાં તેનાં આ અપમાનકારક પત્રથી મહા દુઃખી થઈને તેનાં ફરમાવ્યા મુજબ ઘર-બાર તજી ગયલી હોવાથી તે ભોળા ભરથારને હવે બેવડી અચરતી ઉપજી. તેની છાતીમાં પેવશ થયલા વ્હેમનાં કીનાં રૂપી કીડાએ હજી પોતાનું ઘર તેનાં દિલમાં બાંધેલું હોવાથી જોકે પોતાની પરણેતર તરફનો તેનો પ્રગટ ધિક્કાર નરમ પડયો ન હતો, તે છતાં તે બુબખ ખાવિંદને જયારે પીરોજા તરફથી તેનાં પત્રની એક સાદી પ્હોંચ વટીક મળી નહિં ત્યારે તેનો પિત્તો અતિ ઊછળી આવ્યો. કાઠિયાવાડ ખાતેની તેની આ લાંબા વખતની મુલાકાતમાં, લીંબડીનાં દયાળુ ઠાકોરનાં કુટુંબના ખાસ ડાકટર તરીકે તેને એક સારા દરમાયાપર તુર્તનોજ મુકરર કરવામાં આવ્યો હતો. તે છતાં, તેની મોહોરદારની આ મુંગી ચુપકીદીએ તેનાં ભોલાં પણ વ્હેમીલાં મગજપર એટલી અસર કીધી કે તે કાંઈ અગત્યનાં કામનું બ્હાનું કાઢી પુને આવ્યો. ત્યાં તે જોયશું કે તેની મોહોરદાર તો તેનાં પેલાં ઘાતકી કાગળમાં તેણેજ ફરમાવ્યા મુંજબ તેનું મકાંન સદા સુધીનું તજી ગઈ હતી!

આ અજબ અને વકકી નહિં રાખેલો દેખાવ જોઈ જેહાંગીરનાં ડોળા ઉપર આવ્યા. આ મામલો જોતાંજ તેનાં દુઃખનો પાર રહયો નહિં. જોકે તે જબરો વ્હેમાયો હતો અને પોતાની પરણેતરની પાકદામનપર તેને જીવ સટોસટ શક હતો, તોપણ

તેણે એમ ધાર્યું નહિં હતું કે પીરોજા તેનાં પત્રથી એકદમ તેનું મકાંન તજી જશે.

ઓ ભોળા ભરથારો! વિના વિચારે, પ્રત્યક્ષ ખાત્રી કર્યાં વિનાં પોતાની પરણેતરપર શક લઈ જવાનાં ફળો એવાં હોયછે એક ઝનુંનથી લખાયલાં પત્રનો ગોડેથી કેવો પસ્તાવો થાય છે તે વિષે જેહાંગીરનાં દાખલામાં ઘણું શિખવાનું છે.

"ઓ તમે મરે એમનાં એમ ને તમોને કોલેરા થાય," જેહાંગીર ઘરમાં આવ્યા બરાબર આ મામલો જોતાંજ 'સુનાં ડોસાં'પર એક છેડાઇ પડેલા સિંહની માફક બખારી ઊઠયો—"હું તે નાપાક રાંડને તમારા ભરૂશાપર સોંપી ગયો હતો. તેને તમે મારી રજ્જે વગર જવાજ કેમ દીધી? ઓ તમારૂં સત્યાનાસ થાય. મારૂં નખ્ખોદ વાલ્યું. યાદ રાખજો કે તેનાં બાલને વાંકૂં થશે તો હું તમારો ટોટો પીસસ"

"ઓ મારા ખદાય! હવે કાંઇ જઇને મરૂં, પણ—"

"મુંગા મરો!" જેહાંગીર તેમને બોલતાં અટકાવી નાખી ફરીથી છેડાયો "હું એમ પુછુંચ કે તે ગઇ કાંહાં? તમોને તે વિષેની ખબર હોવી અને ફર હોવી જોઈએ!"

"ઓ નહિંરે મારા બાપ! મકું હું કંઇ જાણુતી નથી" જેહાંગીરના દબડાવ્યાંથી 'સુનાં ડોસાં' ગભરાઇ જઈ લગભગ રડી પડવાની અણીપર આવી ગગળતે સાદે બોલી પડયાં. "ઓ માય હું શું જાણું કે તેવણ તમારી રજા વગર ગીયાંચ? મને તો કેહજે મારા જેહાંગીરને આજ બે મહિનાથી મલી નથી તેથી તાંહાં તેડાવીચ. વલી કેજે કે અડવાડિયાંમાં પાછી ફરંસ તેનો એક મ-

હિનો થઈ ગીયો ઠેકાણું નથી. અરેરે! હવે શું કરૂં? અમે તો ધાસ્તી કરી કરીને મરી ગીયાં કે હજુર કેમ નહિં આયાં, પણ અંદરતો કેથો એવો ભેદ દેખું. માય! માય! એ કાળી ટીલી માહરે માંથે કાંહાંથી ચોંટી? પણ હા જો–સારી યાદ પડી. તમારે નામનું મને એક કાગજ આપી ગીયાંચ. કેજેકે હું કાહિયાવાડ જાઊંને મારા જાંગીર પોતાનાં ઠાકોર સાથ મુંબઈ આવવાના છે તેવણુની ને માહરી મુંબઈમાં કદાચ ચુકામુંક થઈ જાય તો આ એ કાગજ આપજો." એમ કહી ગરીબ બિચારાં, 'સુનાં ડોસાં' એ ધબરાઈ જઇ ધ્રુજતે હાથે પીરોજાવાલું પેલું કાગલ લાવી જેહાંગીરને આપ્યું અને કહ્યું–"જાંહાં છે તાંહાં એમાં કંઈ ભેદ છે. પીરોજા જાય કાંહાં? કંઈબી દગો થયોછ, વાસ્તે જલદી તપાશ કરો. ઓ ખદાય! એ અભાગિયું શું બન્યું?"

જેહાંગીર સર્વ પાંમી ગયો. તે ચેતી ગયો.

તેણે નક્કી ધાર્યું કે "મારા લખવાથી પીરોજા દુઃખ પાંમીને મારો આશરો છોડી ગઇછે." તેનો દેખાવ આ વખ્તે એક ફાડી ખાનારાં વરૂ સમાંન વિકરાળ બની રહ્યો હતો. તેણે અપાર ગુસ્સા તથા ગભરાટ વચ્ચે 'સુનાં ડોસાં'એ આપેલું કાગજ હાથમાં લીધું ખરૂં, પણ તે 'ડોસાં'નાં પોતાની બાઈ વિષેનાં કુદરતી ધબરાટથી જેહાંગીરને ઘણી ઝાંઝ ચઢી. તેને શક હતોકે પીરોજા ક્યાં છે તે એ 'ડોસાં'ને ખબર હોવુંજ જોઈએ જેથી તેણે અતિ ઝનુંન વચ્ચે "કાળું કરો તમારૂં આંહીંથી!" એવા એક ડરામણા પોકાર સહિત્ત એવી 'ડખાર' મેલીકે 'સુનાં' તેમજ 'સાપુર' ત્યાંથી ડચાઈને દૂર થાઈ ગયાં!

જેહાંગીર એક સુંદર 'સોફા'ની નઝદિક ઊભેલો હતો. તેના દિલમાં ડગલો તેમજ પાઘડી જેમના તેમજ હતાં. તેની મુશાફરીનો સામાંન હજીતો નીચેથી ઊપર આવતો હતો. તેણે ધ્રુજતા હાથે, કચકચતા દાંતે અને ધડકતી છાતીએ પોતાની પરણેતરનું તે છેલ્લું પત્ર ઉખેલવા સારૂ હાથમાં લીધું, પણ એક પછી એક એમ ત્રણ-ચારવાર તે તેનાં હાથમાંથી નીચે પડી ગયું; જાણે તેની પરણેતરની તે પત્રિકા તેની કને જવાને ગોયા નારાજ હોય તેમ તે ભોલા ભરથારનાં હાથમાંથી સરી પડવા લાગી! અરે! જ્યારે તે પોતાની પ્રીયાનું પ્રીતિમય પત્ર આવવાની રાહ જોતો તથા તે આવ્યા પછી વ્હાલથી ઉખેલવા જતો ત્યારે તેનું અંતઃકરણ ખુશી અને પ્રેમના કેવા આકર્શણિક ઊછાળા મારતું હતું! તોપણ અફસોસ! કે આજે તે સમો ફેરવાયો છે અને આ પત્ર ખેલ્લુંજ છે કે જે તેણે પોતાની પરણેતર તરફનાં પ્રગટ ધિક્કાર ફિટકાર અને ઝનુંનથી ઊખેલ્યું, જેમાં નિચે મુજબ હતું:—

"ઓ ડાહ્યા ને દાનાં પણ ભોલા ભરથાર!
નમેચ તારી પાકદામન પીરોજા નાર.
વરશાવેચ આંખ્યોથી આંજું ગમખાર,
ભુલ્યો કેમ ફરેબથી ખાવિંદનો પ્યાર!
સલાંમ! તને વ્હાલા, રે છેલ્લી સલાંમ!
કે દુનિયાંમાં કીધી તેં નાહક બદનામ.
ભુલ્યો કેમ પ્યાર તારો ભોલા ભરથાર!
હિંમ્મત કેમ છોડીને ખાધી તેં હાર!
નહિં આવી તુજને કંઇ માહરી કદર,
કે જામુન કંઇ જખ્મોથી વિંધ્યું જીગર!

જહાંગીર ! ઓ ભલા પણ ભોલા ભરથાર !
દાનાઈ કુલ ખોહી ખાધી કેમ અરે હાર ?
શું ધરયો નહિં કુદરતનો જરા વિચાર ?
શા સારૂ મારેય તું ગજબનો માર ?
શા સારૂ નિરદોષ પર પાડયો સિતંમ ?
શા સારૂ આપ્યો રે હંમેશનો ગંમ ?
શી કીધી મેં કહે રે તકશીર તારી ?
કાં' કીધો ગજબ આ મુજપે ભારી ?
સુખી એક જીંદગીની કીધી ખ્વારી,
ને હાલત આ આજે તેં કરી મારી !
શા સારૂ પાક મારી દામન ઉપર—
રૂઠયો ઓ ખાવિંદ ! ને આફૂતનાં ઘર—
નું શા સારૂ ખોલ્યું તેં દુ:ખકારક દાર ?
ભાન ભુલી ભોલવાયો કેમ રે ભરથાર !
કેમ લીધો દામનપર મારી તેં વ્હેમ,
ડાઘ સાથે જીવું આ જીંદગીમાં કેમ ?
આ દુ:ખિયારાં દિલ કરતાં મરવું ભલું,
તે પરવરનુંજ ધ્યાંન હવે ધરવું ભલું.
શી દીઠી દિલબર તેં મારાંમાં ખોડ,
કે કીધી કુલ પ્યાર પાકની એવી તોડજોડ ?
શી દીઠી મારાંમાં બોલ તે ખામી ?
મુક બાજુ વ્હેમ ને તું ખોલ તે ખામી.
શું નહિં આવ્યો જરાબી મારો વિચાર ?
કે દુ:ખવાશે કેવી મુજ વ્હાલી સ્હોરદાર ?
નહિં આવી જરાબી માગી કંઈ રહેમ ?
કે જબુંન આ તોહમત તે મુકું છું કેમ ?
નહિં આવી તુજને કંઈ મુજની કદર ?
લાંબી ન પોંહચાડી જરા નજર ?
નહિં કીધી દુનિયાંની લાજ કે શરમ ?
લોક કેહશે શું ? જયારે જાણશે ભરમ ?
નહિં મારો ચચરયો જરાબી પ્યાર ?
કે વગર કુલ વીચારે કીધું આ કાર ?

પુછીને ભરવું ' તું મુજને કદમ.
કે ખાતે ન હુઈડું તુજ વ્હેમીલું ગમ.
હાય ! મારી તોડી તેં સરવે ઉમેદ,
હાય ! મારા લુટાયા જીંદગીનાં ભેદ !
હાય ! મારી હુરામન પર ઉઠયો તું આજ,
હાય ! મારી ઈજત કુલ કીધી તારાજ !
ન પુછ્યું—પરછ્યું, ન કીધી તલાસ,
એકદમ બસ વેહમાઈને થયો નિરાશ.
કાંય નહિં તેં ખોલાશો કીધો શેતાબ ?
કાંય એગા વ્હેમાયલી નજરનાં ખાબ ?
કાંય ખોયાં તેં તારાં શુધ્ધિને શાન ?
કાંય નાહક બન્યો એ વ્હાલા ! હેરાંન ?
એકદમ બસ મારૂં બદ નામ રે કીધું,
પણ પસ્તાશે પાછળ 'શું કામ રે કીધું ?'
વચન મારાં લાગશે આ ઝેરની મિસાલ;
નકર તારી વ્હેમાયલી છે જયારે હાલ;
પણ નેકીનો અંતે છે જય અને જય,
તે પરજ રહીશ હું સદા નિરભય.
સાબિત મુજ દામન તું જોશે હયાં જયાર,
સંભાલજે ! નાંખતો ના આંસુની ધાર !
ન શોધતો મને—વલી રડતો કદી,
ન પટકીને તન તારૂં પડજો કદી.
ન કરીશ મુજ જુદાઈના જારી રૂદન,
ન કુમલાવીશ તારૂં. તું નાજુક બદન.
ન માનીશ કે તુજ પર છે રૂઠયું આસમાન,
ઓ ભરથાર મુજ વ્હાલા ! ને પતી અંજાણ !
યાદ રાખજે, સરવે આ કઠોર વચન,
યાદ રાખજે, આજતો આ આફતનો દન.
યાદ રાખજે, વલણ આ વ્હેમની તારી,
ભૂલતો ન બારી તું રેહેમની તારી.
પણ સદગુણને જોશે જયાર આપનાં મિશાલ,
ફરવાશે ઢંગ તારા આજનાં તતકાલ.

ને રડશે તું કહી 'મારી પીરોજ! પીરોજ!
આપેગ જેકે ઉઠાવજે તું દુઃખ કેરો બોજ.

ન માની કદર મારી નીતિની હાય!
ન જાણી કદર મારી પ્રીતિની હાય!

ઓ દીન અને દુનિયાનાં પેદા કરનાર!
ઓ રાસ્તીનાં સાહેબ તું દાવર દાદાર!

લે મારી નિરદોષની તું હવે દાદ,
કોણ પાંસે કરૂં, આ દુઃખની ફરિયાદ?

જેહાંગીર! ઓ જેહાંગીર! મુજ પ્યારા ભરથાર!
નમેશ તારી પાકદામન પીરોજ નાર,

સદા સુખી રેહજે ઓ વ્હાલા "દિલજાન"
હું જીવશ તો મલશ, ન તો તે જહાંન!"

આ અસરકારક કાગળે જેહાંગીર પર જબરી અસર કરી.

"નહિં! નહિં! કદી નહિં! હું એવાં 'હંબગો' કદીબી માનવાનો નથી!" તે શુધ્ધિમાં આવતાંજ પાંસેના 'સોફા' પર જગ્યાલઈ ઝનુંનનાં તાપમાં બોલ્યો. "એ નાપાક કર્કશાને તેના દરેક પાપની હું શિક્ષા કરીશ અને તેનાં કાંળાં-કર્તુકોની પુરતી ખબર લઈશ. એજ નહિ; પણ તેમ કરતાં મારો પોતાનો જીવજોખી જાયતો તેની વરીક હું દરકાર કરનાર નથી! એક પાપ અને બીજું જુઠું, તેમ વળી નફ્ટ નાકે ગુનાહ કરીને ન્યાય કેવો પોકારેચ? બસ-બસ! હવે થઈ ચુકયું! પીરોજ! પીરોજ! તારાં પાણી ભરાઈ ચુકયાં! તારો આંકો આવી ચુકો! હવે હું તને મેલનાર નથી! હવે હું તારો વેરસી મુદદ થઈ લાગીશ

અને તુંને મારીને મરવામાંજ મારૂં વેર વલેલું સમજીશ. તેમ કરતાં હું ભલે ફાંસીને લાકડે લટકું, પણ મારાથી એ જાલેમ જખમ--એ ઊંધો અવિશ્વાસ—એ ઉપકારનો અપકાર અને છેવટે મારા તરફથી દુઃખભરી બેવફાઇ કદી સાંખી શકાવાની નથી ! હું મરીશ ! પીરોજ ! હું મરીશ !—તને મારીને મરીશ ! તને પુરી કરીને મરીશ ! તારો જમ થઈને જીવ આપીશ ! હા ! મારા સાચ્ચા ને પ્રીતિમય પ્યારનો તેં આ બદલો આપ્યો કે ! મારી મોહબતનાં મીઠાસનું તેં આ કાતેલ ઝેર પાયલું ફળ ઉગાડયું કે ? અરે મારા તન, મન અને ધનથી તારાપર સદકે કીધેલા જાનનો તેં આએ લતીજો વાલ્યો કે? અફસોસ ? અફસોસ ? ઓ કમ નસીબ ! ઓ ! બદબખ્ત ! તું મારેજ માટે કયાં સંતાઇ રહ્યું હતું ? તું મારેજ માટે કયાં તલરેલું હતું? તું મારેજ સારૂં કયાંથી સરજાયું હતું ? ઓ ખોદા ! ઓ પરવર દેગાર ! આએ કેવો સિતંમ!–પણ સબર જીવ ! હવે હું ગમે એવો ઊશ્કેરાઈ મારા જખ્મી જીગરને વધુને વધુ કાતેલ જખ્મોથી વીંધશ તેથી શું વલવાનું છે ? એ બેવફા નાપાકનું નહેસ્તનામ દુન્યાની સપાટીપરથી નાબુદ કરૂં ત્યારેજ હું ખરો—શું મારા પેલા કોઈ 'ખેરખાહે' મારા પાંસે મોકલેલી સાબેતીઓ થોડી છે?—શું એજ મારી ખાત્રી કરવાને ઓછા સાંધણો છે? એવી અન્મોલખરા પાક પ્યારની નિશાંની તરીકે ભેટ આપેલી' આલાં ચીજો કોઇ આ શક વગર બીજા કોણનાં હાથમાં જવા પામે? પણ ફિકર નહિં ; ઓ કમજાત કમબખ્ત પીલી ! તારાં કીધાં કર્તૂક 'તુંનેજ નડય છે. તારી પાપી--કીસ્તી તુંનેજ તારા પાપી–ભારથી પાપનાં સમુદ્રમાં આજે ડુબાવા તતપર થાઈ તરવા માંડીછે. હવે મારે એ

નાપાકને જયાં હોય ત્યાંથી ખણી-ખોદીને ખોલી કાઢવી જોઈએ. અને પછી હું મારૂં સર્વે કામ સમજુંચ—" એમ બોલતો, બબડતો, ચીચવાટ અને ખીજવાટનાં ભેગાં ચિન્હો બતાવતો જેમ એક છેડાયલો શિંહ કોઈ સાંમે મલે તો તેને ઓય ફાડી ખાય તેમ અને તેવી રીતે ઉશ્કેરાઈને દાંત કચકચાવતો તે તેને તેજ પલે ત્યાંથી બ્હાર પડયો !

* * * * * *

આપણી વાર્તાનો ચકરાવો હવે ફરેછે, આસપાસનાં બીજા બનાવો વર્ણવતા આપણે આપણી વાર્તાની શરૂઆતનાં પેલાં કમકમાટ ભરેલાં ખુનનાં બનાવ વાળી બીનાને લાંબો વખત થયો છોડી આવ્યા છીએ, તે તરફ હવે અત્રે નજર કરીશું.

ભાદા ગામ ભણી "દેશાઈજીની વાડી"એ તાડી પીવા સારૂ ઊતરી પડેલી પેલી શોકીન મોજીલા જવાન્યાઓની એક ન્હાનકડી ટોળકીની સપર પેહલી આ વાર્તાની શુરૂઆતમાં આપણે લીધેલી મુલાકાત પ્યારાં વાંચનાર ભુલ્યા નહિં હોય. એજ વખ્તે, હજુતો તેઓ પસાર થાય છે તેટલાં પડોશની કોઈ ઝાડીવાળી ઝુપડીમાં એક પારસી અબળાનું ખુંન થતું સાંભળી તેઓ સર્વેને ત્યાં મદદે દોડી ગયલા આપણે દીઠા હતા. આ અબલા કોણ હતી તેથી વ્હાલા વાંચનાર અંજાણું નથી. આગલ આપણે ખુલાશો વાંચી આવ્યા છીએ તે મુજબ તે નિરાધાર કમનસીબ અંજાણી અબળા કોઇજ નહિં પણ આપણી આ વાર્તાની મુખ્ય નાયક પીરોજા—પાકદામન પીરોજા—હતી.

ખુંન કોણે કીધું-કેમ કીધું અને શા સબબથી કીધું તે

આપણે આગળ જતાં આપમેલે જોઇશું—હાલે તે જાણુવાની અગત્ય નથી. સુરતની પડોશમાં આવેલાં આ રળિયામણાં ગરીબ પણ સુખશાંન્તી અને સફાઈ ધરાવનારાં બાહાં ગામમાં બનેલા આ આશ્ચર્યકારક બનાવે તે તરફની વસ્તીમાં ઘણું ધ્યાન ખેંચ્યું હતું, પણ જેમ ધારવામાં આવતું હતું તેમ તે નિર્દોષ ભોગનું ખરેખરૂં ખુન થયું ન હતું એમ જ્યારે ઉસ્કેરાઈ આવેલાં લોકોએ જાણ્યું ત્યારે તેમને ઘણીક રીતે સધ્યારો મળ્યો.

આખા ગામમાં અને લગભગ સુરતમાં વટીક "ખુન! ખુંન! ખુંન!" એવો પોકાર વધી ગયો. પોલીસની દોડા દોંડી થઇ રહી. 'ડીટેકટીવો' (છુપી પોલીસ) પોતાને કાંમે મંડયા અને ખુંનીઓ કયાં અને કોણ હતા તેમની ખોળ ચલાવવા લાગ્યા, પણ તુર્ત મદદે બોલાવેલા એક પોલીસ-સરજયને પીરોજાને તપાસીને મત આપ્યુંકે "ખુંન કરવાનીજ મતબલથી ઘશારો થયોછે અને જોકે લગભગ ખુંનજ થયુંછે, તોપણુ બારીક તપાસ કરતાં મને જણાયછેકે એ કોઇ નિરદોષ અબળાજાત દેહશતની મારી બારે બેહોશી અને બેભાનીમાં પડી છે. હું ધારૂં છુંકે એ બચવી મુશ્કેલ છે, કેમકે તેનો દમ લગભગ બધો આખર થવાંની અણી પર આવીને બંધાઈ ગયોછે. જખમો ઘણાં કાતેલ અને ઊંડાછે, જેની અસર એના ભેજાંપર થવા વગર રેહશે નહિં. સ્વાસ બબે-ત્રણ-ત્રણ મીનીટે એકવાર પણ નીકળતો નથી તેથી હવે એની જીંદગીની દોરી ટુંકી જાણવી. બાયગે એક કલાક કાહાડેતો નસીબ સમજવાં." ડાકટરનું આ મત સાંભળ્યાં જોવા મળેલું 'મેહેનજરૂં' તે અબળાની દયા ખાઈ ત્રાહે-ત્રાહે કરવા

લાગ્યું અને ભાઠાં જેવાં સદાના શાંન્ત ગામમાં એવું ચંડાળ કર્મ કોણનાં પાપી હાથે થયું હશે તેની તરેહવાર અટકળો થવા લાગી. પોલીસનાં એક કાનસ્ટેબલે કહ્યું કે—"કાંઈ નહિંતો દિવશમાં એકવારમી મારો ફેરો આ ભાઠાં ગામમાં થાયછે, પણ મે આ ખુંનનાં બનાવની આગમચ કદી જાણ્યું નહિં હતું કે આ એક ગીચ્ચ ઝાડીની વચ્ચેનાં ઝુપડામાં કોઈની વસ્તી છે. એતો "ભુતનું ઘર" એ નામે ઓળખાતું એક કંગાળ ઓસ પડેલું કોઈ ખેડુતનું છાપરૂં હતું, જે ખેડુત ગયાજ વર્ષના કોલેરાના ઝપાટામાં પોતાના એકે એક વ્હાલાંઓ સાથે ઝટકાઈ ગયો હતો અને ત્યારથી લોકોમાં એવો વ્હેગ હતોકે તે ખેડુત, જે ઘણો લોભી હતો, તેનો જીવ ભુતનાં આકારમાં તે ઝુપડાં આગળ આખી-રાત સુધી ભમેછે તથા રસ્તે જતાં લોકોને બીહવાડેછે. આઠ માસ પર આ વાતનું ખોટારૂં પકડી આપવા સારૂ મે બે વિશ્વાસુ સિપાઈઓ સાથ તે ઝાડની વચ્ચે છુપાઇ રહી ચાર રાતો તે ભુત જોવાનાં હેતુથી ગુજારી, પણ તેવું ત્યાં કશું હતું નહિં ! આ એ મરનાર બાઈ કયાંથી, કેમ અને કયારે આવી તે હું કશુ જાણતો નથી."

"અરે પણ એ પારસણ છે કોણ ?" પીરોજાને પોલીસ પોતાનાં તાબામાં લઇ 'હોસપીટલ'માં લઈ ગઇ તે પછી છુટા પડતાં પેલા દોસ્તોની ટોળકી ઝુપડાં તરફથી રસ્તાપર આવી ત્યાં 'મંચી' બોલ્યો. "ઘણુંજ અજુબ ને અચરત જેવું છે."

"ખોદા જાણે ભાઈ," 'ફલ્લી'એ ગમખાર દીલે કહ્યું. "હું સમજી નથી શકતો કે એમાં શું ભેદછે. પેહલો સવાલ તો એછેકે એ પારસણ ત્યાં કયાંથી આવી ?

"અરે પણ એજ વાત કરશોકે આજે પેલા સીકના સોટા ને ગરમા ગરમ કવાબ સાથ સ્વાદિષ્ટ 'ફ્રટકી' ત્યારથી દેશાઇજીની વાડીમાં રાહ જોતી હશે તેનું કંઈ રડશો" લુચ્ચા 'રસ્તાઈ'ને તાડીની ફિકર પડી। "એમતો ગામમાં ઘણુંબી બનેચ ને ઘણુંબી થાએચ તેને કરાવશો શું? ચાલો પગ ચલાવો જલદી, રાત પડવા આવીચ; પાછા ફરતાં મોડું થઈ જશે."

"અરે નાખ જાંહનમની ખાડીમાં લઈ જઇને તારી તાડીને!" 'ફ્લ્લી'એ 'રસ્તાઈ'ને બોલ્યા બરાબર જંજેડી નાખ્યો— "બેવકુફ! કંઇ અક્કલછે? કોઈ દહાડે તાડી દારૂને સીકકવાબ જોઈ મુવોચકે નહિં! જા તારા જીવપર ધાડ આવી હોયતો અમે નથી આવતા. જોતો નથી આજનો બનાવ કેવો ગંભીર છે તે? તાડી દારૂને શાંનું રડવા બેઠો? શું એક જરથોસ્તી તરીકે તુંને કશુંજ તે નિરદોષ અબલાનું લાગતું નથી? અફસોસ! બચારી કેવી જવાનજોદીને ખુબસુરત મારી ગઈ.

"હેં?" લુચ્ચો 'રસ્તાઈ' નેણ ચઢાવી પડયો. "શું બોલ્યો? જા-જા, બેસ હવે ઘણો ડાહ્યો ના થા! સસરાનો 'દલ્લો' મલ્યોચ કેની તે વળી એનેજ આખા ગામનું સ્યાણપત આવી ગીયુંચ? તો બોલની કરાવેચ શું? ખુન કંઈ તેં કીધું કે મે કીધું? એવાંતો દહાડેનાં દોડશો ખુન દુન્યામાં થાએચ તેથી શું ખાશે પીશે નહિ કે? જો વળી! હંહ: દોસ્ત મચ્ચી"—હવે તે લગાર હશીને 'મંચી' તરફ ફરી તેને આંખ મારી બોલ્યો—"એ તો કેથું બીજુંજ દેખુંજો! વાત તો બેહુદેલી લાગેચ. આપણાં ફરામજી શેઠની આંખમાં મરનારની ગોરી ગોરી ચાંમડી આવી

ખુંટી બેઠીચ જો!"

"જો બચ્ચા રસ્તાઇ," 'ફલ્લી'એ હવે મિજાજ ખોહયો. "તારી કમબખ્તી આવી હોયતો મને છેડજે. લાનતી કુત્રા! જો તુંને જીવવા નહિં ગમતું હોયતો મને તેમ કહે? તારી એ ઘાતકી મશકેરીનો અબંધડી સવાદ દેખાડી દેઊં!" ફલ્લી આ બોલતાં તપી ગયો અને રસ્તાઇનાં આંગપર ધસ્યો, જોકે તેણે હાથ ઉગામ્યો નહિં.

"હં: હં: ફલ્લી" કરતા સર્વે મિત્રો વચ્ચે પડયા. લુચ્ચા 'રસ્તાઇ'એ ચુપ થઇ જવાનું મેલી દઈ સામા સિંગડા કીધાં:- "બચ્ચા હારે હા, હું તુંને સારી રીતે પિછાંનુંચ. તું એટલું બધું મને બોલ્યો તેનું કંઈ નહિં ને મેં એક મશકેરીનો સબદ કહયો તે તુંને તલાયેથી ટાલવે સુધી ફુટી નીકલ્યો નહિં? તો વારૂ મને કેહજેઊં શું એ કોઈ પારસણની ખુબસુરતી જોઈ તું ખરેખર નથી અંજાઈ ગીયો?—સોગન ખાસે?"

"તારૂં નખ્ખોદ જાય, રસ્તાઈ! જો હું તુંને હજુર સમજાઊંચ કે મારી મશ્કેરી કરવાથી પરહેજ રેહજે, નહિ તો ઘાંજ ધુમ મલીદા આપી દેવશ" 'ફલ્લી' વધુ તપી ગયો. "તારી બોહોસ પર હું આજે પોલીસ ચાવડીમાં જઈ એ બાઈની ખબર કાહાડી તેની પાસે રેહું અને તેની સારવાર પાછલ મારી ગાંઠના પૈસા ખરચ કરૂં—સમજયો?"

"અરે હારે હા," 'રસ્તાઇ'એ હજી પોતાની હટ તેમજ ટકોર છોડી નહિં. "કાંય નહિં ગાંઠનો ખરચ કરે? કેહુંચ શું કે કાકા ભજ્યાઈ મુવાચા ભરોશે રેહશો ભરોશો—તે તો ક્યાંનું ક્યારની ચોંહતીબી થઇ ચુકી હોસે!" એમ બોલી તે ખડખડ

હસવા લાગ્યો.

'ફલ્લીનું પાકી આવ્યું હતું. તેનાથી 'રસ્તાઇ'નાં આ છેલ્લા હલકા ટીકા સહન થઈ શકયા નહિ, જો કે વાંચનાર આગળ ચાલતાં જોશે કે 'ફલ્લી' પોતેબી કાંઈ આબરૂદાર મંડલમાંનો તો હતોજ નહિં. તેણે એકદમ એક 'સ્લેપ' 'રસ્તાઇ'ને ખેંચી કાઢી અને મારામારી વધી પડીને હુજી કાંઇ વધુ 'ત્રણ–પાંચ' ત્યાં થાય તેટલાં પોતાનાં બરડાપર એકાદ બે સજ્જડ આવી પડવાની બ્હી કથી તે જીવ લેતો કે દોડ મુકી ન્હાશી ગયો!

* * *

એ 'ફલ્લી' કોણ હતો?

વાંચનાર! આપણી વાર્તાનાં હવે પછીનાં ભાગમાં આ સ ખસ સાથે આપણને કામ લેવાનું હોવાથી અત્રે ટુંકમાં તેની થોડીક વિગતો આવેલી વગર અગતની જણાસે નહિં. 'ફલ્લી' નો બાપ એક સાધારણ 'બબરચી' હતો. તે 'રાંદેર'નો રેહેવાશી હતો. 'બબરચી'પણામાંથી થોડાક પૈસા એકઠા કરી એક મુસલમાન લાકડાંના વેપારી સાથ ભાગમાં લાકડાંનો ધંધો કરતાં નશીબે યારી આપવાથી તે પૈસાવાલો થયો હતો અને પોતાના આ દિકરાને લાડમાં રાખ્યો હતો. 'ફલ્લી' ન્હાનપણુથીજ લાડમાં ઉછર્યો હતો તેની ૭--૮ વર્ષની વયમાંજ તેનાં બાપે પોતાનીજ માફક એક હલકી પદવીપરથી વધેલા ધનજી ધાનદાલ નામે એક પારસી સુથારની રૂપાંબાઇ નાંમની તેટલીજ ઉમરની દિકરી સાથ પરણાવ્યો હતો. બંન્ને વેહવાઇતો લગ્ન ' વખતે પૈસે માલબર હતા. પણ લગ્ન પછી થોડાજ વખતમાં 'ફલ્લી'નો બાપ ધંધામાં બેશી ગયો અને અસલની માફક ખાખાવરખો થઈ ગયો! 'ફલ્લી' ઉમર

માં આવતો ગયો તેમ તેમ ઊડાઉ કુછંદી અને દુરવશની નીવડયો. તેમે તેનાં સસરા ધનજીએ પોતાને પેટે એક પુરી દિકરીજ હોવાથી ઘરે લાવી રાખ્યો પણ 'ફલ્લી' સુધર્યો નહિં. પોતાના મ-રનાર પિતા જોડ તે મુંબઈ સુરત, પુનાં વિગેરે ફરેલો તેથી ત્યાંની આજની સુધરેલી સુંદરીઓમાં તેનું દિલ લાગ્યું હતું. તેમે તેની બાયડી 'રૂપાં' ગમતી ન હતી—કાંકે તે બાપડી અસલી ઢપછ્પની અને રેહેજ સામળા રંગની હતી! ધનજીએ પોતાનાં આ જમાઈને સુધારવા ઘણું કીધું પણ તે સુધર્યો નહિં, અંતે તે બાપડો સાંપના કરડવાથી વગર વશીવતે મરણ પામ્યો અને તેની ૭૦,૦૦૦) હજારની દોલત તેનાં આ ધન-ધન ઘોરી' જમાઈને મળી! 'ફલ્લી'એ સસરાનો આછતો 'દલ્લો' હાથ આવતાંજ 'લાલ વાવટો' ઉડાવવા માંડયો! સુરતની પડોશનાં 'ડુમસ' ગા-મમાં તેણે એક મોટો 'વજીફો' ૨૦,૦૦૦) હજારની મોટી કીંમતે ખરીદ કીધો. હવે તે સાધારણ 'ફલ્લી' ઊપરથી "ફલુ ફાં-કડ" અથવા "ફરાંમજી શેઠ"ને નામે ઓળખાવવા લાગ્યો હતો. તે ઘણો એસકી થઈને ફરતો હતો. તેણે મોટી કીંમતે મુંબઈથી પોતાના 'ડુમસ' ખાતેના વજીફાનાં બંગલા સારૂ 'ફરનીચર મંગાવી તેને સણગારયો હતો, એજ નહિં; પણ દરરોજ પોતાનાં દોસ્તો સાથ ખાણીપીણીની ધુમ કરવા માડી હતી. તેની ઓરત 'રૂપાંબાઇ, બિચારી પોતાનાં બાપના અસલ વતન 'રાંદેર'માંજ દુઃખમાં દહાડા કાઢતી હતી. પોતીના બાપની દોલત છતે તે બાપડી દલદર ભોગવતી હતી. ત્યાં 'ફલ્લી' તેની તરફ ઝાંખી નજરે વિટીક જોતો નહિં હતો

વળી એજ કરીને તે મુંગો બેઠો હતો નહિં. "ફલ્લુ ફાંકડા"ની નીતિ વટીક સારી ન હતી એક ઉડાઉ માણસની નીતિતે વળી કેવી હોય? તે નજરનો ઘણો નીચો હતો. પારકી સ્ત્રીઓ તરફ તે હલકી નજરથી જોતો હતો અને તેમજ—પ્રીય વાંચનાર! તું જાણીને ખચીત્ત ખેદ પામશેકે—પીરોજાના બાબમાં પણ તેજ બન્યું હતું. 'રસ્તાઈ' જેવા હલકા મિત્રોની સોબતમાં તેણે કેવી હલ્કાઈ મેળવી હતી તે આપણે ઉપર જોયુંછે. ફલુની નીતિ અને નજર એવી નઠારી હતી કે ખુદ તેને જેવા લુચ્ચા તેનાં દોસ્તદારો વટીક તેને ધીક્કારતા અને ઘડીઘડી ફજેત કરતા હતા છેલ્લી મારામારી ઉપર આપણે જોયું છેકે રસ્તાઇ' એ પીરોજા વિષે તેને સખત ચોબા માર્યા હતા, પણ તે મારવામાં 'રસ્તાઇ' ખોટો ન હતો. પીરોજાની, આંખને છક કરનારી બેહદ ખુબસુરતી જોઈ ફલુ ફાંકડો ખરેખર ચકીત અને મોહિત થઇ ગયો હતો, જોકે પીરોજા એ પ્રસંગે સટોસટ જીવલેણ ભયંકાર હાલતમા હતી, તે છતાં, તે પાપીની પાપી નજરે તેણીની જુવાની અને જોબનનો જેટલો ખ્યાલ કીધો, તેટલો ખુદ તે પાકજાદ અબળાના કિમત્તી જીવનો વિચાર કાધો ન હતો.

પણ હવે વધુ ન લંબાવતાં આપણે આપણી અસલ બીનાં પર આવિયે. 'રસ્તાઈ'ને એક 'સ્લેપ' ચોહડી કાઢી જેવો 'વટેણા વાગી ગયો' તેવોજ તે પોતાનાં ઘર તરફ ગયો નહિં. પીરોજાની મોહક મુર્તિએ તેની ઉંઘ અને ભુખ એ બંન્ને વીખરી નાંખ્યા હતાં કહોકે પીરોજાને જોતાંજ તેની ખુધ્ધ ચળી ગઈ હતી! જેથી જેવો તે ત્યાંથી દોડયો તેવોજ પીરોજાની સોધમાં ગયો અને તેણીનું શું થયું-તેણી મરી ગઈકે જીવતીછે—તથા

તેણી કોણ અને કયાંની હતી તેની તપાસ કરવા લાગ્યો. તે 'હોસપીટલ'માં ગયો અને વડા સરજનને મળી તેણીની હકીકત પુછી એ કોઇ અનાથ બાઇનો નાથ (વાલી) થઈ તેણીની સાર વાર માટે એક જાતભાઈ તરીકે બનતી મદદ અને ખરચ કર વાની પોતાની ઈચ્છા જણાવી. તે યુરોપીયન સરજયન તેની આ પરમાર્થી લાગણી જોઇ ખુશી થયો અને જોકે તે એક ધર્મ ની 'હોસપીટલ' હતી તે છતાં કદાચ તેણીની જીવવાની આશા રખાતી હોવાથી તેણી સાવધ થાઇ કાંઈ પુછપરછ કરે તો જવાબ દેવા સારૂ એવા એક દયાળુ(?) મદદગારની અગત્ય વિચારી થોડો થોડો વાર દરરોજ ત્યાં આવવાની તેને છુટ આપી—પણ તે છુટ દરરોજને કામની હતીજ નહિં. તે છુટતો તે પાપીને તેજ સાંજે ફળી!

પણ જેમ ધારવામાં આવતું હતું અને વડો સરજયન પોતે વધીક ધાસ્તી રાખતો હતો તેથી ઉલટીજ રીતે અજબ જેવી ઝડપથી પીરોજ્નતો રાત્રે દસ વાગ્યા નહિં તેટલાં સુધિમાં આવી! તેનાં જખમોને ધીરજથી અને સંભાલથી સફા કરી મલમપટા બાંધવામાં આવ્યા હતા અને એક અનુંભવી બુઢ્ઢી 'નર્સ'નાં તાબામાં તેણીને સોંપેલી હતી, જેણી ઘણી કાલજીથી તેણીની સારવાર કરતી હતી.

પ્રથમ જયારે તેણીને 'હોસપીટલ'માં લાવવાંમાં આવી ત્યારે બેભાંની દુર થતાં તેણી ઘણો બકબકારો કરતી હતી, કેજે અંદરજ ગુંગલાઈ જતો હોવાથી કસો સમજાતો ન હતો, પણ હવે જેમ જેમ મોડી રાત વેહતી ચાલી તેમતેમ તેણી પોતાની

શુધ્ધિમાં આવતી ચાલી. વડો સરજ્યન આ કોઇ એવી અતિ ખુબસુરત જવાન અબળાની એવી અજબ જેવી કાંહાણી સાંભળી ઘણો દંગ થયો હતો અને દયા ખાઇને ઘેરે ન જતાં મોડી રાત વેર તેણીનાં બિછાંનાં પાંસેજ બેઠો હતો અને વાંચનાર જાણીને અચરત નહિં થશેકે ત્યાંજ પેલો ફલુ ફાંકડો પણ હતો!

મુંગી બેભાંન હાલતમાં અપાર સુંદરતા ધરાવનારી તે જુવાંન અબલાને એકીનજરે ટીકતો તે તેણીના પગ તરફ દવા વિગેરે મુકવા સારૂ મેલેલી એક ન્હાની ટેબલપર પોતાના અરધ દિલનો ભાર નાખી હાથ ટેકીને ઊભેલો હતો. વડો સરજ્યન ઘડી ઘડી મીનીટે મીનીટ પીરોજાની નાડ તપાશી તેને ઝડપથી ચાલતી થતી જોઇ ખુશી થતો હતો. અતે પીરોજાએ એક મુંગી અવાચી ખાઇ પોતાના દિલને મથડયું અને કંઈ બોલવાની કોશેશ કરી પણ તેણીથી બોલાયું નહિં!

વડા સરજ્યનને એક નવી આશા પેદા થઈ—ફલુના મગજ પરથી એક જુદોજ ખ્યાલ પસાર થઈ ગયો!

તેઓ બંન્ને આગળ દોડી જઈ તેણીનાં મો' આગળ વાંકાં વળ્યા. પેલી બુઢી 'નર્સ' એક સળગાવેલી 'કેનેરટી' ઝડપથી ટેબલપરથી લઇ આવી તેનો પ્રકાશ તેણીનાં મોં' આગળ પાડયો. વડો સરજ્યન તેમજ તે 'નર્સ'તો તેણીના નામથી અંજાણ્યાં હતાં, પણ ફલુએ તેણીની દાસી 'અમીના' પોતાની બાઈનું ખુન થયલું જાણી "ઓ મારી પીરોજબાઇ—ઓ મારી પીરોજબાઈ રે!" કરી બજારમાંથી સાંજે પોકારતી આવી હતી તે સાંભળેલું હોવાથી તેણે પીરોજાનાં મોં' આગળ વાંકો વલી મોટેથી પુછયું:—

"પીરોજબાઈ ! પીરોજબાઈ ! કંઈ કેહવોચ ?---કંઇ બોલો અ? તમુંને શું થાએચ ? કાંહ દુઃખેચ? બોલોની, પેલા મોટા ડાક્ટર તમોને જોવા સારૂ આવાચ."

"અં: સ-સ--સ-સ--શુ?" પીરોજાને કાંને 'રબક' પડવાથી અરધી બેફાંમીમાં બંધ આંખે તેણીએ રહેજ ડોકું હીલવી પુછયું. "-ઓ--ઓ--મ--મા-મારૂં--મ--મ--માથું--ફ--ફ--ફ--ફ--ફ--ફ રેચ! ઓ! અ--અં--રે! સ--સ--શું?" એમ દુઃખનાં ચિન્હો બતાવી તે બેજોક થાઇ ગઇ પણ રહેજ વખતમાં પાછી સુધ્ધિમાં આવી આંખ ઊઘાડી એમ તેમ જોઈ પોતાનું દુઃખ યાદ આવવાથી આંખોમાં બોર જેવાં આંસુ લાવી રડતાં ધ્રુજીને પુછયું કે "—મ-મ-મારૂં-શું--શું--શું-ત્યાં કકકોઇ-કોઇજ નથી?" અને તે પાછી એક નિસાસો મારી બેભાંન થઇ પડી!

હવે વડા સરજયને બત્તી બાજુ ખશેડી તેણીને વતાવવાની સખ્ત મનાઈ કરી ફલુ સાથ આગલે ઓરડે ગયો. ત્યાં લુચ્ચો ફલુ એક ગત રમ્યો. તણે આંખોમાં આંજું લાવી વડા સરજયનને કહ્યું કે—"ડાકટર હું તમારે પગે પડીને કેહુંચ કે એ એક મારી ઘણી દુરની સગી થાએચ અનેં એ મને ઝાઝી ઓલખતી નથી પણ હું એને સારી રવેશે પિછાનુંચ. એનો ખાવિંદ એક આબરૂદાર ને પૈસાદાર માબાપનું ફરજંદછે. તે મુંબઈનો રેવાશીછે. એ બાઈની પોતાની ચાલ સારી નથી. ત્રણ ચાર આસની વાતપરજ એણે હરામ ઇલ્લતનાં એક બાલકનો જનમ આપવાથી તેના ખાવિંદ સાથ તે ખટપટ કરીને અતરે આવી લાગેલી જણાયછે. આજનો ભયંકાર બનાવ કેમ બન્યો તે હું કહી શકતો નથી. તે બન્યો ત્યારે હું ત્યાં હતો. મેંપણ કોનૃસટેબલની પાંસ એ

બનાવ વિષે સાજે સાક્ષી આપી હતી--માટે હું તમુને ઓજર ખાહીથી અરજ કરૂંચ કે જો એ બાઇ પાછલી રાત સુધીમાં હુશિયાર થાય અને તેને મને હવાલે કરોતો હું કાલને કાલ સહ વારની પહેલી ગાડીએ તેણીને તેનાં ખાવિંદને ત્યાં લઈ જઈ સપુરદ કરૂં. ડાકટર--ડાકટર, તેનાં ખાવિંદ-સસરાની આબરૂનો ખ્યાલ કરો—તે જાહેરમાં આવશે તો તેઓને કેટલી ખેજાલત લાગશે? વાસ્તે હું માગી લેઉંચ તમારી પાસે ડાકટર, કે એ બાઇની અને તેનાં ખાવિંદની હોરમત ખાતર એને મને આ-જને આજ સવાધીન કરો."

વડો સરજયન વિચારમા પડયો. ખુનનો કેસ અને એવી ભગંકાર હાલત છતાં કેમ લઈ જવા દેવાય? તેણે તેમ કરવા ની ના પાડી—સાફ ના પાડી. પણ તેનો તે મક્કમ વિચાર ઘણોવાર ટકી શકયો નહિં. એકવાગે જયારે તેઓ બન્ને પાછા તેણીને તપાસવા ગયા ત્યારે પીરોજા પુરતી સુધ્ધિમાં હતી. આ કોઈ પારસીને (ફલુને) જોતાંજ તેણી રડી પડી અને બોલી પડીકે "ઓ ભાઇ, મને બચાવો! હું હ્યાં કાંહાંથી આવી? મને હ્યાં કોણ લાયું? ખોદા ખાતર મને કેથે લઈ જાઓ."

પીરોજાની આ માંગણી જુદાજ વિચાર માટે હતી. તેણીએ પોતાને એવીરીતે 'હોસ્પીટલ'માં પડેલી જોઈ 'પેપરો'માં ચર્ચા વધવાની ધારતી કલ્પી હતી તેથીજ તેણીએ રાતો રાત ત્યાંથી જવા ચાહ્યું. તેણીએ વિચાર્યું કે 'હું મુંબાઈ જાઊં,' પણ જાય કેમ? સરજયને સાફ નાં પાડી. તેણીથી ઉઠાયું નહિ અને જખ્મોમાંથી લોહી ઘણું વહેલું હોવાથી તેણી ઉડવાને અશકત હતી, તે છતાં જીવ પર જબરી કરીને પોતાને કશું દુઃખ નથી એમ દેખાડવા સારૂ

તેણી ઉઠી બેઠી. તેણીએ ઘણી હુજ્જત લેવાથી વડો સરજ્યન પોતાના આંસીસ્ટંટની સલ્લાહ લેવા આગલા ઓરડામાં ગયો. તેટલાં ફલુએ તેણીને શીતવીકે "તમે ઘણીજ હટ લઈ બેશો—હું તમોને મુંબઈ લઇ જાઊં. તમે કહોકે હોસપીટલની 'રેશાબુક' માં હું મારે હાથે મારી સારી તંદરોસ્તી વીશે લખીને સહી આપુંચ એટલે જવા દેશે."

"હા—હા, એ ઉપાવ ઠીક પડશે." પીરોજા તે પાપીની ખરી નીચ મતલબ ફાયદાકારક સમજી બોલી. "ભાઈ, તમા રો મોટો ઉપકાર મારાપર થયોચ. પણ મારૂં મુંબઈનું કદાચ ઠેકાણું એવણ માંગશે." તેણીએ ચિંતા તુર થઈ પુછ્યું.

"હા—તે આપીશું." તે લુચ્ચે અહીં એક બીજી તાલ રચી "બોલો જોઊં તમારૂં મુંબઈનું સરનામું?" એમ કહી ગજવામાં થી કાગજ પેનશીલ કાઢી તેણે પીરોજાએ કહેવા મુંજબ ટીપી લે-લેવાનાં ટેબલ આગલ જઈ ખોટા ઢોંગ કીધા, જ્યારે ખરી વાતતો એ હતીકે કલકતાનું કેથું ભલતુંજ નામ તે કાગલમાં તેણે અડાવી દીધું હતું!

ફલુ સરનામું (?) ટીપી લે તેટલાં વડો સરજ્યન ત્યાં પાછો ફરયો. તેણે પોતાનાં સાથીની સલ્લાહ લઈ એવું ઠેડવેલું જણા વ્યું કે તમે બંને જણા તમારી સહી સાથ અમે જેવું ખુલ્લે ખુલ્લું લખાવીએ તેવું લખી આપો તો જવા દઈયે અને તેમ છતાં કાંઇ સરકારી જોખમદારી આવેતો તેનો જવાબ તમોએ આપવો. તે બાત 'ફલુએ' ડોકાં કરી કરીને "હા" પાડી એ ગોઠવણ તો તેણે આગમચ કરેલીજ હતી. નિરદોષ પીરોજા શું સમજેકે એ લુચ્ચો કાંઈ કાવતરૂં રમેછે? તેણે અને ફલુએ બંનેએ વડા સરજ્યનનાં

કહેવા પ્રમાણે લખી આપી સહી કીધી. પીરોજાએ પોતાનાં મરનાર બાપનું નામ પોતાનાં નામ સાથ લખ્યું, કાંકે તેણી હવે પોતાનાં વરનો આશરો છોડી ગયલી હતી. વળી તેણીએ પોતે પકડાઈ નહિ આવવા માટે એક અજબ જેવી કુનેહ વાપરી. તેનાં મરનાર પિતાનાં બે નામ હતાં. ન્હાનપણનું નવરોજજી અને મોટપણનું બેહરાંમશાહ. નવરોજી નામ પીરોજાનાં બપાવાએ ફેરવીને બેહરાંમશાહ મેલ્યુ હતું જેથી તેઓ બેહરામશાહના નામથીજ સૌ કોઇને જાણીતા હતા. નવરોજી નામ કોઇ જાણતું ન હતું. તેથી તેણીએ "પીરોજા નવરોજી" એવી સહી કરી પોતાનો બચાવ રાખ્યો હતો, જયારે લુચ્ચા ફલુએ તો સાવ જુદદાં એકાદાં નામનું બીલાડું ચીત્રી આપી તે સરજયનને વાહયો હતો! ગરીબ પીરોજા! તારૂં શું થશે?

પીરોજા સાથ ગાડીમાં બેઠા પછી ગાડી ચાલતી વેલા તેણે જાણે એકાએક યાદ આવી હોય તેમ સરજયનને વધુ વિશ્વાસ આવવા સારૂ પીરોજા જોય તેમ મુંબઈ-(ખરેખરૂં પણ ખોટું લખેલું તો કલકતા)નું તેણીએ લખાવેલું પેલું સરનામુ (?) તેને આપી કહ્યું કે "કામકાજ પડેતો આએ નામે સુખેથી ટેલીગ્રાંમ મુકવો!"

ગાડીવાલાને આગમચથી શીખવી રાખ્યા મુજબ ગાડી મારતે ઘોડે ઉજડ રસ્તા વચ્ચેથી પસાર થઇ ગઈ અને ફલીનો ડુમસનો વજીફો જે ઘણાં ઊજડ ભાગમાં અને વસ્તીથી છેટે હતો તેનાં 'કમ્પાઊંડ'માં દાખલ થઈ છેક "પોર્ટીકો" આગલ ગઈ ત્યારેજ ઉભી રહી!

પાછલી રાતનો વખત હોવાથી ફલુનાં ચાકર-નફરો સુતેલાં

હતાં. એક હમાલ ઓટલાપર સુતેલો હતો તેને ઉઠાડી ફુલુએ બંગલો ઊઘડાવ્યો અને "જ્યાંથી સ્ટેશન નઝદીક છે અને હજીતો ચાર વાગાય તેથી બે કલાક રહીને નીકલીશું તેટલાં તમે જરા આશાએસ લેવો" કરી પીરોજાને ઉતારી એક વચલા બંધબસ મોટા ઓરડામાં લઈ જઈ સુવાડી.

ગરીબ પીરોજા ! તું હવે એક બંદીવાન થઇ. !

* * * * * *

અહીં હવે પીરોજાને પડતી મેલી આપણે પેલી અદેખી 'ગુલ' જેણીનાં કાવત્રાંથી આટલું બધું રંધાયું હતું તેણીને પકડી તેણી ક્યાં છે અને શું કરે છે તે તપાશિયે.

પાપ કરનારને પાપ કેવું હોય અને પાછલે દહાડે તે કેવું હેરાંન કરશે તેનું કશું ભાન હોતું નથી. પાપીઓ પોતાનાં પાપમાં એક જાતની પાક મોજ માને છે, પણ પાપની પગથી તે મહાન ગણાતી મોજને મોહકાંણનાં માહાસાગરમાં અંતે કેવી ખાક મેળવે છે તે કોણ જાણે છે? અદેખી 'ગુલ'નાં બાબમાં તેમજ બન્યું. તેના પાપે હવે તેની ગોયા જુડ લીધી હતી અને આગળ તેણી જે પાપમાં મોજ માનતી હતી તેજ પાપ હવે તેણીની તે મોજને આપણે ઉપર જોયું તેમ—મોહોકાણનાં માહાસાગરમાં હોમાવવા લાગ્યું હતું !

પીરોજાને જેહાંગીરથી છુટી પાડવાનો તેણીનો પ્રપંચ અજબ જેવી રીતે કારગત લાગેલો જોઈ તેણીને થોડી ખુશાલી ઉપજી નહિં. હવે એ કાંમ કરી રહ્યા પછી તેણીએ પોતાને લાયકનાં કોઈ સારા ચંચલ આબરૂદાર અને પઈસાવાલા જવાનની શોધ ચલાવવા

માંડી. તેણીને કોઈ વકીલ, ડાકટર અગર બેરીસ્ટર સાથે પરણવાની મોટી 'હુંફ' હતી, પણ જેમ-જેમ વખત વેહતો ગયો, તેમ-તેમ તેણીએ જોયુંકે એવી ઉમેદો રાખવી અને પરણવાનો લ્હાવો ઉતરાવવો એ સરખું હતું, જેથી તેવણ અંતે ઠોકરાઇને ઠેકાણે આવ્યાં હતાં!

આપણા પારસીઓમાં આજની સુધરેલીમાં ખપવા માંગતી કેટલીક છકેલી છોકરીઓમાંથી સેંકડે કેટલી બધી સંખ્યા 'ગુલ' નાં જેવા વિચાર નથી ધરાવતી? પણ અંતે સબડી-સબડીને જ્યારે તેઓ પોતાની ભુલ જોય છે, ત્યારે કેવી પસ્તાયછે? બધીજ 'દુઃતીઓ' ડાકટર, બેરીસ્ટર શોધેતો બીજા જવાંનો જાયતોબી કયાં! અફસોસ! અફસોસ! પારસીઓ! તમારૂં શું થશે?

* * * * * * * *

પણ પેલો ઉશ્કેરાયલો વ્હેમીલો જેહાંગીર કયાં છે?

અહીં આપણે તેની ખબર લઇએ. પીરોજાની પાકદામન પર વ્હેમ લાવી તેણીને જીવથી મારવાનાં ઝનુંનમાં છેલ્લો આપણે તેને છોડી આવ્યા છીએ. તે પછી તેણે શું કીધું તે તપાસવાનું હાલે એકકોરે મેલી તે હાલ કયાં હતો તે તપાશિયે. પોતાના પરણેતરથી છુટો પડયા પછી શેહેરમાં રેહવું તેને બહુ ભારી પડી ગયું, કાંકે તેનાં મિત્રો તેનાં હલકાં ભેજાંને હશી કાઢી તેનાં વ્હેમો તરફ તુચ્છકારથી જોઈ, પાકજાદ પીરોજાની નીતિ પર તેણે લગાડેલો આ કલંક માનવાને સાફ ના પાડતા હતા તેઓ હમેશાં જેહાંગીરને સલાહ આપતા કે તેણી કયાં છે અને દુઃખની મારી કયા નિકળી ગઇ તેની શોધ કરી તેણીને પછી પોતાનાનાં આશરામાં લાવી રાખવી, પણ તે ઊંધી બુધ્ધિનાં

બેજા ફાટેલ ભરથારને આ સર્વ શિખામણો ઝેર સમાન કડવી લાગતી હતી. તે હજી એમજ સમજતો હતોકે "પીરોજા મારી તરફ બેવફા થઈ અને ફર થઇ એમાં કશો શક નથી"! વાંચ નાર! "કમળો થાય તેને પીળુંજ દેખાય!"

દોસ્ત-આશ્નાવો અને લાગતા-વળગતાઓમાં આ ચર્ચા ઘણી વધી પડવાથી જેહાંગીરને પુનામાં વશવું બહુ ભારી પડી ગયું. પીરોજાની પુઠ પકડતાં તેની કાઠિયાવાડ ખાતેની પેલી લીમડીનાં ઠાકોરનાં ખાસ તબીબ તરીકેની નોકરી વઠીક તે ખોહી- બેઠો હતો, જેથી હવે તે કોઈ બીજી તરફ ઊતરી પડવાન વીચાંરમાંજ હતો. અંતે તે દખણ હૈદ્રાબાદ ખાતે ઊપડી જઈ સીકંદરાબાદની છાંવણીમાં પોતાનો તબીબપણાનો ધંધો ચલા વવા લાગ્યો અને ભારે ભપકાથી સ્ટેશનની નઝદીક એક કુશાદે બંગલામાં વશવા લાગ્યો.

* * * * * * * * *

પીરોજા જયારે ડુમસના વજીફામાં પોતાનાં બિછાનામાં જાગી થઈ ત્યારે સહવારના સાત વાગેલા હતા. તેજ ઓરડામાં "ફલુ ફાંકડો" એક લાંબી ઈઝીચેરપર કાંઈ વાંચતો અલેટેલો હ- તો. તેણી જેવી ઉઠી તેવીજ ચમકીને ફલુને જોઈ બોલી પડી કે "ભાઇજી, ચાલો-ચાલો, વખત થઇ ગયો હશે. મને લાગેચ કે આપણે ટ્રેન ચુકીશું. ભલાં માણુસ, તમેબી મને ઉઠાડી નહિં? મારી આંખ લીગી ગઈ અને હું સુઈ રહી."

પણ "ફલુ ફાંકડો,' પીરોજાંને કયાં ખબર હતી કે એક "ભલું માણુસ"જ હતો? ફલુતો પીરોજાપર જીવેજાન આશક હતો! ફલુનેતો પીરોજાને કરતાં પીરોજાનાં પ્યારની વધારે કદર

હતી ! ને લુચ્ચાએ તે બાપડાંને તુર્તજ વાહીકે—"કંઈ નહિં, પીરોજા બેહેન, એ ઘેરબી તમારૂંજ સમજજો. તમારી તબીએત ગઈ સાંજનાં ભયંકાર બનાવથી ભયભરેલી હતી અને આખી રાત તમે ઘણી તાસવીસથી કાહાડેલી સબબ તમોને લાગેલી શાન્તીની ઉંઘમાં મેં ખલલ કીધી નહિં અને ઉઠાડવા ચાહ્યાં નહિં. આજે મેં વિચાર કીધોચ પીરોજા બેહેન, કે તમો તમારી તબીએત બધી સુધરી જાય તાંહાંસુધી અહીંજ રહેો--તમારી દરેક મદારત હું દીલોજાનથી કરશ અને તમોને સારી સુખાકારી થાય એટલે હું પોતે તમો કેહશો ત્યાં તમારે ઘેર બારે પુગાડશ."

પીરોજાને આ વીચાર બીલકુલ ગમ્યો નહિં. તેણીએ એવી રીતે એક પારકા પારસી સાથ તેનાં ભરોસાપર 'હોસપીટલ' માંથી એકદમ વગર વિચારે બ્હાર પડવામાં મોટી ભુલ કીધેલી માની અને 'આજને આજ' મુંબઈ જવાનો વિચાર દેખાડયો.

પણ લુચ્ચા ફ્લુએ તેણીને સમજાવી લીધી અને કાલ પર ઠેડવ્યું. સહવારની પેહલીજ ગાડીએ નીકળી જવાનું તેણીએ ધાર્યું હતું પણ સાંજ નહિં થાય તેટલાં ફ્લુ—લુચ્ચા ફ્લુનાં ચિન્હો તેણીએ બદલાયલાં જોયાં. બપોરે તેણી ખાણું લઈ જરા લેટી ત્યાં સુધીતો કંઈ જણાયું નહિં, પણ પછી ફ્લુ તેણીની ઘણી આગલનો આર્જીળ વધતો જઈ અમરયાદશીલ વરતતો જણાયો. અંતે તે પાપીએ ગુન્હણપર પડી પોતાનો પાપી વિચાર જાહેર કીધો !

અહીં પીરોજા ચમકી !

"પીરોજા! પીરોજા! પ્યારી પીરોજા!" તે પાપીએ પોતાનો હલકો હવશ જાહેર કરી કાલાવાલા કરવા માંડયા. "તારી છક્ક કરી નાંખનારી અનહદ ખુબસુરતી જોઈ ગઇ સાંજથી હું બાવરો બની ગીયોચ! શું ખુદરતે તારૂં હેશાંન બનાવ્યુંચ—કાંય નહિ એવી મોહોરદાર મને બક્ષી? ઓ મારી—" અને એમ બોલતેજ કે તે આગલ વધ્યો.

પણ પીરોજાએ તરતજ નેણ ફેરવી પાછલ હટીને તેની પાપી જબાંનથી વધુ અપમાન આપતો એકદમ અટકાવી ફીટકાર નાખી કહ્યું કે—"ઓ લ્યાંનતી નીચ નજરનાં કુત્રા! હેફ પડજો તારાં જીવતર પર! દુર થા ઓ મુજી! નહિંતો મારી આબરૂ અને હોરમતનાં બચાવ ખાતર ચીસ પાડી આખાં ઘેર માહેલાં સઉ કોઈને તારી એ પાપી ખસલત જાહેર કરી ફજેત કરશ. ઓ મુવા કારમખા દેવ! અરે તું આટલો વખત મને 'બેહેન' કહી હવે પાપી નજરથી જોએચ? શરમ છે! શરમછે! થું પડી તાહરાં જીવુતર પર!"

"પીરોજા! આરાજાન!" તે નીચ નજરનાં નકટાએ પીરોજાને તપી આવેલી જોઈ પટાવવા માંડી, "જરા સબર કરા ધીરી થા! એટલી તપી કાંય આવેચ? તું ધારતી હોશે કે આએ ઘેરમાં મારો કોઈ કુટુંબ કબીલો રેહતો હશે, તેણુ તેમ નથી. એતો મારો મોજશોખનો વછેરો છે. એમાં હું જે કરૂં તે થાય એમ છે. અહીં તું કોઇની મેદદ ચાહતી હશે પણ તે મલનાર નથી—આસપાસ કોઇની વસ્તી નથી અને બંગલામાં જે કોઇ માણુસો છે તેઓ સ

એ આજના એના પાપી કરમનો ભેદ જાણ્યા પછી અને એક મિત્ર તરીકે કેહવા હું પોતે ગમે એવો લુચ્ચો હોવા છતાં લજ વાજીંચ. ગઈ સાંજે થયલાં તમારાં ભયંકર ખુન પછી મને એની સાથ કાંઈક બોલવું થયું હતું અને ત્યારથીંજ મેં જોઇ લીધું હતું કે એ નીચ નજરનો નકટો તમારા એવાં જીવ લેણ ખુન છતાં તમોપર જાણે આશક અને બલહાર થઈ ગયો હોય એવો દેખાવ કરવા લાગો હતો. જયારે મેં જાણ્યું અને એ પોતે બોલી વટીક ગીયો કે હું તારી બોંહોંસપર ઇસ્પીતાલમાં જઈ એ બા ઇની સારવાર કરશ, ત્યારેજ મેં એના પાણી પરખી લીધાં કે એ જયાં છે ત્યાં કાંઇ દગો રમવાનો ને ફ્રર રમવાનો. આજે સ-હવારે મને એમ વિચાર આવવાથી હું ઇસ્પીતાલમાં ગીયો અને તમારી ખબર કાહાડી તો ત્યાંતો તમે હોયજ ક્યાં કે મલી આવો ? વડા સરજયને મને કહેલું મેં પ્રથમ માન્યું નહિં કે તમો ને એ નામદાર સુબાઇ પુગાડવા લઈ ગયા છે, પણ જયારે મને તેણે "શેરા-બુક"માં તમારી ખરી અને એ લુચ્ચાની કરેલી કોઈ બલતીજ સહી બતાવી ત્યારે દાંતમાં. આંગલા પકડી મેં ન ક્કી માન્યું કે એ બદમાસ આહીં કાંઈ ગત રમ્યા વગર રહયો નથી. એટલાં તમારી આ દાસીને મે તમારી ખોળ કરતી દીઠી અને તેણીને એ પાપીએ દેવાની હોવાનું તે ભોળા સરજયનને કહેલું હોવાથી હું જેમ તેમ છોડવી લાવ્યોછું, અરે ખોદા!" અને અહીં 'રસ્તાઈ' ફ્લુ તરફ ફરીને બોલ્યો "ફ્લુ! ફ્લુ! એ તારી છાતી કે છાતો ? પાપ કે પાપનો ગાર ? પણ ધબરાતી ના બચ્ચા તારીપર દેખત નજરે બેડી ઠોકવાના 'વારંટ' છુટાંચ અને હવે

"સબુર કર ઓ નીચ !," એક આવનારે ડખાર મેલી.

"હે પડજો તારાપર ઓ કંગાલ કુત્રા!" બીજા આ-સામીએ ફિટકાર નાંખ્યો.

"દુર થા ઓ પાપી, ગંધીલા, ફારસ્તાની દેવા" ત્રીજો મદદગાર કુદી પડયો.

ફ્લુ એકદમ ચોંકયો!

પાપી માણસો પોતે ગમે એવાં હિમતવાન છતાં પોતાનાં કાળાં કરમો કરતાં સ્હેજ સંસારો થતાં બીહીકથી ધ્રુજી મરે છે ફ્લુ—નીચ ફ્લુનું તેમજ થયું—તે આ એકેક કરતાં ત્રણ ત્રણ જણને જોઈ ધાસ્તીથી ધ્રુજીને તુરત પીરોજાને પડતી મેલી પાછલ હટી ઉભો!

"બચાવો! બચાવો! મને આ કોઈ સેહતાંની ખસ્લતનાં દેવથી બચાવો! અરે એ કોણ? અમીનાં? ઓ મારી દાસી, તું હ્યાં કયાંથી?" એમ બોલતેજકે તેણીએ પોતાની મદદે દોડી આવેલાં પેલાં ત્રણ મદદગારોમાંથી એકને પોતાની વફાદાર અ-મીનાં તરીકે સોધી કાહાડી તેને બાઝી પડી! "આએ કોઇ પાપી કયારથી મારાપર ગજબ ગુજારેચ, પણ અમીનાં, તું એટલોવાર કયાં હતી?"

"સબર કરો બેહેન, તમારી એ દાસી આટલોવાર કયાં હતી કે હું કેહુંચ" પેલાં બાકી રહેલાં બે મદદગારોમાંથી એક કદાવર દિસ્તા જવાને અમીના પોતાની બાઇને કાંઇ ખુલાશો કરે તે આ ગમચે બોલવા માંડયું. "મારૂં નામ 'રસ્તાફી' છે બ્હેન, અને હું એ મુંજી ફ્લીનો આટલો વખત સુધી એક મિત્ર હતો, પણ હવે

એ આજના એના પાપી કરમનો ભેદ જાણ્યા પછી અને એક મિત્ર તરીકે કેહવા હું પોતે ગમે એવો લુચ્ચો હોવા છતાં લજ વાઊંચ. ગઈ સાંજે થયલાં તમારાં ભયંકર ખુન પછી મને એની સાથ કાંઈક બોલવું થયું હતું અને ત્યારથીજ મેં જોઇ લીધું હતું કે એ નીચ નજરનો નકટો તમારા એવાં જીવ લેણ ખુન છતાં તમોપર જાણે આશક અને બલહાર થઈ ગયો હોય એવો દેખાવ કરવા લાગો હતો. જયારે મેં જાણ્યું અને એ પોતે બોલી વટીઠ ગીયો કે હું તારી બોંહોંસપર ઇસ્પીતાલમાં જઈ એ બા ઇની સારવાર કરશ, ત્યારેજ મેં એના પાણી પરખી લીધાં કે એ જયાં છે ત્યાં કાંઇ દગો રમવાનો ને ફ્રર રમવાનો. આજે સ-હવારે મને એમ વિચાર આવવાથી હું ઇસ્પીતાલમાં ગીઓ અને તમારી ખબર કાહાડી તો ત્યાંતો તમે હોયજ ક્યાં કે મલી આવો ? વડા સરજયને મને કહેલું મેં પ્રથમ માન્યું નહિં કે તમોને એ નામદાર મુબાઇ પુગાડવા લઈ ગયા છે, પણ જયારે મને તેણે "શેરા-બુક"માં તમારી ખરી અને એ લુચ્ચાની કરેલી કોઈ બલતીજ સહી બતાવી ત્યારે દાંતમાં આંગલી પકડી મેં નક્કી માન્યું કે એ બદમાસ અહીં કાંઈ ગત રમ્યા વગર રહયો નથી. એટલાં તમારી આ દાસીને મેં તમારી ખોળ કરતી દીઠી અને તેણીને એ પાપીએ દેવાની હોવાનું તે ભોળા સરજયનને કહેલું હોવાથી હું જેમ તેમ છોડવી લાવ્યોછું, અરે ખોદા" અને અહીં 'રસ્તાઈ' ફલુ તરફ ફરીને બોલ્યો "ફલુ ! ફલુ ! એ તારી છાતી કે છાતો ? પાપ કે પાપનો ગાર ? પણ ઘબરાતો ના બચ્ચા તારીપર દેખત નજરે બેડી ઠોકવાના 'વારંટ' છુટાંચ અને હવે

જે વખત જાએચ તેમાં તું જોકે ઓય પુગો 'બટ'એ'! નાપાક! એક પારકી અબલાને એવી રીતે દગાથી લાવી નજરકેદ કરી તેની ઊપર જબરદસ્તી ગુજારતાં તને કંઈ શરમ નહિં આવી? ઓ બેશરમ! તું અહીંથી તારૂં કાળુ કર! નહિંતો મારા ઉકળી આવેલા જુસ્સાથી એક લપડાક ખેંચી કાલાડસ તો મારો ગઈ સાંજનો ખંગળી વાલી નાખશ!" 'અને એમ કહી તે' તે લુચ્ચાપર હાથ ઉંચકી ધસગો, પણ તે આગમચ તેણે તો જીવ લઈને ત્યાંથી દોડ મુંકી!

પણ પેલું ત્રીજું આવનાર કોણ હતું?

તે તો ફલુની પેલી કમનસીબ બાયડી 'રૂપાંબાઈ' રાંદેરવાલી હતી! એ હાં ક્યાંથી આવી? તેણી પોતાના પાપી પતિની ચાલચલણ છુપી રીતે જોવા સારૂં આજ આઠ દિવસ થયા સુરતમાં છુપી રીતે આવીને ઊતરી હતી, પણ જ્યારે અચાનક સંજોગથી તેણીને માલમ પડયું કે તેના ખાવિંદપર 'વારંટ' છુટાં છે, ત્યારે ગમે તે પણ ખાવિંદનો પ્યાર લાગ્યા વિનાં રેહેજ નાહિં, તેથી તેણી છુપી રીતે ફલુને ચેતાવવા આવી હતી, પણ 'રસ્તાઈ'એ રસ્તામાં આવતાં તેને ઓળખી કાઢી અને તેના પાપી પતિનાં પાતક કામોનો હેવાલ સમજાવ્યો, જેથી તેણી પણ પીરોજાનાં તે બે મદદગારો સાથ ત્રીજી હમેરાઈ હતી!

ફલુ જેવો નાહાઠો કે તેની પુઠે જવાનું માંડી વાળી તુરત 'રસ્તાઈ'એ પીરોજાને સાવચેત કરી ઉતાવલ કરવા કહ્યું કે—"બહેન, સરકારની માણુસોનું ધામણું જે ઘડી જાય છે તેમાં આએવ જીહાપર તે લચ્ચાની સોધ સારૂ આવેલુંજ જાણજો માટે તમો

તમારી આબરૂને ડરતા હોતો. આએજ ઘડીએ ચાલો. હું તમોને એક સલામત જગાપર સંતાડું; નહિંતો તમો પકડાયા વગર રે હેશો નહિં. ફલુની ખોટી સહીમાં તમો પણ સાંમેલ હશો એવો સરજયનને શક છે, જેથી તમોનેબી પકડવાનો હોકમ હોવો જોઈએ. બિચારા તે સરજયને તમો લોકોને જવા દીધાં તેનાં બદલામાં તેનું પોતાનું 'ડેપચ્યુ' ઊડી જવાનું છે, કેમકે ખુંન જેવી એક ભયભરેલી બાબદનાં દરદીને હજી પોલીસ બીજી તપાસ કરે તેટલાં વગર રજાએ જવા દેવાની જોખમદારી તેની ઉપર આવી પડશે."

પીરોજા અહીં પાછી ચમકી! કેમ નહિં ચમકે? એક પારસી સાથ તેનાં વિશ્વાસપર ગઇ તેનો 'લતીજો' તો તેણી તુરતનીજ પાંમી હતી, તેટલાં આ કોઈ બીજો પિછાન વગરનો પારસી તેણીને વળી કોઈ બીજી જગ્યામાં કયાં લઈ જવા માંગે છે? આ વિચારે તેણીને ગોયા ભડકાવી મેલી!

પણ જયા વગર કેમ ચાલે? અમીનાં પણ બ્હોશ કરવા લાગી કે 'જલદી જવાય ત્યાં ચાલો'—ફલુની બૈરીએબી સલાહ આપી કે—'રસ્તાઇ લઈ જાય ત્યાં જવું.' અંતે ખોદાપર બરોસો રાખી પાકદામન પીરોજા, 'રસ્તાઇ' સાથ અમીનાને લઇને તે પલીદી ધાંમમાંથી જતી રહી!

* * * * * *

પેલી અદેબી 'ગુલ' પુનેથી મુંબાઈ આતી હતી. તેનાં માંબાપ પિતા મરણ પામવાથી તેની એક માસી જે મુંબઈમાં હતી તેણીને આસરે આવીને હવે તે પડી હતી. તેના પિતાએ બંધામ

મોટી ખોટ જવાથી ગમ ખાઇને નહિં મરણનું આવ્યું હતું. હવે 'ગુલ' એકલી, અટુલી અને નિરાધાર પડી હતી, જેથી કોઇ મધ્યમસર હાલતનો જવાન જો મલે તો તેની સાથે પરણી જવાનો તેનો વિચાર હતો. કેમ ગુલ ! કોઈ એરીસ્ટરને શોધની ?

પીરોજાનું પેલું ખુન થયું તે પછી એક વરશનો આ બનાવ હતો. 'ગુલે' મુંબઈમાં આવ્યા પછી ઘણી શોધ કીધી પણ તેને લાયક કોઇ જવાન મલ્યો નહિં. અંતે "જમસુ જાંગલો" નામે એક જવાંન હાથ લાગ્યો. 'ગુલ'ને તે પસંદ પડયો અને "જમશુ જાંગલો" પણ તેણી પર ફિદાથઇ ગયો. આ "જમસુ" ઘણો એશકી, મોજીલો, શોકીલો અને પૈસાદાર જવાન હતો. તે મુંબઈના "બડેખાં" મંડળમા તુરતનોજ આવી વસ્યો હતો અને બબે ઘોડાની ગાડીએ ઘણાં ઠાઠમાં મોજ કરતો હતો. તેનો જવાન ચેહેરો આબરૂદાર દેખાતો હતો. તેનું કદ ઊંચું, પેશાંની પોહોળી અને ચેહરો મટમદાર હતો. તે લાંબી દાહડી રાખતો હતો, જેથી મુંબઇ કરતાં મુફશીલથી આવી વશેલા તરીકે તે પેહલું ધ્યાંન ખેંચતો હતો. તેની ઉપર ઘણી છોકરીઓ તલપતી હતી, પણ અંતે 'ગુલ' જીતી. એક સારો દહાડો જોઈ તેણી મોટી ધામ ધુમથી પરણી અને પોતાનાં એવાં સારાં ભાયગ માટે મગરૂર થતી પોતાના ખાવિંદ થતા સાથ તેના વાલકેશવર ખાતેનાં મોટા બંગલામાં જઇ સુખ--ચેનમાં દહાડમાં ગુજારવા લાગી.

આહા ! તે વખ્તે તેણીની ખુશાલીનું પુછવું શું? વાંચનાર! તે મગરૂર થવા લાગી કે—"હું જાંહાંગીરની આશામાં રખડી રહેલી પોતાને સમજતી હતી, પણ અંતે મારી જવાની અને ખુબસુરતીએ મારા જાંગલાને છક કરી નાખ્યો છે. પેલો મુવો

ડાકટર જાંહાંગીર તો મારા જમશેદની પંસે તેની જુતી બરાબરબી નહિં આવે ! એ મરે મુવો એમના એમ, તે એને લીધે મારી જુવાનીની બધી મેં ધુલ કીધી."

ગરીબ ગુલ ! આ વિચાર તને કેટલા દહાડા રેહશે ?

"લે ચાલોની જાંગલા. હજુર શું કરતાં'તા ? દસ વાગવા આયા તોબી ઠેકાણું નહિં ? હું કાહારની છેક 'એપોલો' વેર ફરી આવીને ડોલા તાણુંચ તોબી તમારી ગાડીનું આવવાનું ઠેકાણું નહિં ?" પરણ્યા પછી આઠ દસ મહિનાં વિત્યાબાદ એક દહાડે 'ગુલ' દરવાજા આગલ 'પોરટીકો'માં ઉભી રહી પોતાના ખાવિંદને હજીતો તે બહારથી ફરી આવી ગાડીમાંથી ઉતરે છે તેટલાં નરમ ઠપકો દેતી જણાઈ. "બલેરે તમારી 'કલબ'! માહરા પેટમાં કાહારની પોપટી પડીચ."

"માફ કર ડીયર ગુલ," ગુલનો આ "જાંગલો" (?) પોતાની પરણેતરથી માફી ચાહવા લાગ્યો "મારા જીવને આજે કોણ જાણે શું છે તે કંઇ ગમતુંજ નથી–પણ તું બહાલી દલગીર થશે તેથી ચાલ હું કોટ-પાટલુંન કાહાડુંચ તેટલાં તું ખાનું કાઢવાની વરદી આપ—બે ભુક ખાઈ લઈએ."

"ઓ મરી જાઉંરે. તમારીપરથી બધી મારા જાંગલા !" ગુલ પોતાના ધણીની કદર ખાઇ પડી. "જીવને નહિં ગમે તે મારાં કોઇ મુવાં મદઈ હોય તેને—તમારીપરથી ઓવાર્યું ! અરે બેહરાંમ, જોતો મેહરવાનને કેહકે ખાણું કાહાડ. અબઈ રહ્યા શેઠ જમવા આવેચ. ને અહીં આવ, રામાને કેહકે ગોદાઉનમાંથી એક ચંપીનની બાટલી કાહાડી લાવ."

"વારૂજી" કરી બેહરાંમ બાઈના હોકમ બજાવવા દોડયો.

શેઠ અને બાઈ ખાનાંપર બેઠાં.

ઓટલાપર એક પરદેશી રામોશી ચોકી કરતો હતો.ાં બ્હાર દિવસ જેવું ચાંદરણું પડતું હતું. આકાશમાં સેતારાઓ-ખુબ બ્હારમાં ધાણી મિશાલ ફુટી નિકલ્યા હતા આસપાશન-બંગલાઓની રોશનીની ઝલક એકમેક ઉપર પડતી હતી. વાલા કેશરની ખુશનુંમાં ટેકડી તે શિતલ સમે કાંઇ ઓરજ દિપક મા' રતી હતી. લગભગ આખી મુબઇનો દમામ ત્યાંથી દિપી રહયો હતો અને શેહેર માંહેલી રોશની 'દિવાળીની લાઇટ'નો ખ્યાલ આપતી હતી.

"શેઠ છે?" એક ઊચો કદાવર કદનો પારસી, જે કોઇ 'ચા-કરિયા' જેવો લાગતો હતો, તેણે ઓટલાપર બેઠેલા ઝુકતા ઝાંકતા ભેયાજી સાંમે એકદમ ચાલી આવી પુછયું. "શેઠ ઘેરમાંછે?"

"તુંગ કોન હએ?" ભેયાજી પોતાની મીઠી ઝુંકણમાં ખલલ કરનાર આ ચાકરિયા જેવાને જોઈ લગાર ખીજવાટથી બોલ્યો."

"હમ આદમી હએ." પેલાએ જવાબ આપ્યો.

"આદમી હએ સો હમભી જાનતે" હએં, મગર તુમ કોન હએ? તેણે વધારે ચીચવાઈને પુછયું.

"આદમી હએ અપસા જાનતે હએં જબ પુછતે કાયકું ?" પેલાએ વળી 'હું તારે માથેનો છું' એવા તોરમાં કહ્યું. "બતાવ, શેઠ કહાં હએ."

"હાં-હાં" ભૈયાજી હવે લગાર હશીને બોલ્યા. "બાતભી વા-લેબી અયસી તુંદીસે બાત નહિં કરતે હએ અજી તુમારા નામ

કહો; હમ સાહેબકો ખબર દે દેંગે."

"હમારા નામ પેસતમજી."

"બાપકા નામ?" ભૈયાજીએ વલી ટાહુકો મુંકયો.

"હમારા બાપ મર ગયા !" પેલાની ખીજવવાની હવે વારી આવી !

"હજી મર ગયા હોતો ખયેર ગઈ, લેકીન સાહેબ હમીસે પુછેંગે જબ કહનનો તો હોનાં કે નહીં ?"

"બોલો કે જમશેતજી."

હં હં" ભૈયાજીએ અચરતી બતાવી. "હમરે સાહેબ કાહી નામ? ખુબ હએ, જબ અબહી કહાવત હએં લેકીન સાહેબ ખાને પર બયંઠે હએ--જરા ઠયરો તુમકો કીસને લેજા?"

"શયતાંનને ભેજ" પેલાએ હવે આ "કાળાં માય ટાહેલું" જોઇ નેણુ ચઢાવ્યાં 'તુમકો ઉસકી સાથ કયા હએ ? અભીકે અભી ઝરૂર હએ—ખાને પર હોંગે તો કુછ ફીકર નહીં,

ભૈયાજીએ ઉંડા દિવાન ખાનાનાં બારણા આગળ જઈ ઇસારતથી રામાને બોલાવ્યો અને પેલા આવનારનું નામ આપી શેઠને કેહવા જણાવ્યું.

"નાઇ-નાઈ, અભી શેટ મીલાયચા નાઈ." રામાએ પોતાની ફરમાસુ હીંદુસ્તાનીમાં ટચકો ચઢાવી કહ્યું. "કોણી અસેલ હો અઈસા વઈસા જાને દો. આપને સેટયેકડે ખ્હોદ અસે યેતાત. કુટલી પંચાઇત આતાં ઇતની રાતચી ચાલી ઇકડે? બોલો કે ઉ.કાલી આવો,"

"નાહી—નાહીં, હારજરૂરીચા કામ હાએ સેટલા કલવ નાહીં

તર ભીસ્વવાં ઉપરાંત ચેઇન" રામાજી આ પેલા કોઇ આવનારને લગાર કડક જવાબે દબી ગયા અને મુઆ મુંગા સેહમે ભગાર ફરી, "જમસુ જાંગલો" ચમકયો!

"મરેરે! મુવો ખાવા પીવાનેબી સુખે સખ કે કરાર નથી? એ વલી કોણ અરધી રાતે આવ્યા મુવોચ! જીભરાયાના જીવનેબી ગમતું નથી ને એ ઉજાગરામા પાજાગરો ઉમેરાયો! જા જઈને કે હકે સહવારે આવે" બાઇસાહેબને ધણીજીની કદર લાગવાથી તેવણે રામાને હોકમ કીધો.

"બાઇ, તે પારસી માનતા નથી. કેહેચકે આતાંચ મલવાંના છે" રામાએ ફરીથી જવાનો ફેરો ટાલ્યો.

"નહિં-નહિં, સાફ ના કેહ, કેહ કે શેઠ સુતેલા છે ને મદદ નાં જીવને સારૂ નથી."

"શું કરવા જો ડીઅર ગુલ?" જમસું લગાર અંગ્રેજીમાં બતાવી ખાતાં ખાતાં બોલ્યો અને પછી રામા તરફ ફરીને કહ્યું—"અરે નહિં, દીકરે આઇક રામાં, ત્યાલા આપલે દીવાનખાન્યાંત બસવ."

રામો ગયો અને પેલા પારસીને અંદર લાવી બેસાડયો. તેને બેસાડી રામો ચાલી ગયો જે પછી બંગલાનો એક ઊમરાવના મેહેલ જેવો ભપકો જોઈ પેલો આવનાર બબડયો "ઓ તારૂં ખચ્ચર થાય તારૂં-ઓ નાપાક! તુંને તારૂં પાપ જરાબી ડખતું નથી. અરે પણ હવે—" અને એમ તે બોલે તેટલાં જમસુ અને તેની પાછલજ ગુલ દિવાનખાનામાં દાખલ થયાં જમસુથી એક ચીસ પડાઇ ગઈ અને તે સમેતજ ગુલ ડાચું વકાસીને જોતી ઉભી રહી ગઈ!

"રસ્તાઇ! રસ્તાઈ! તું આં કયાંથી?" જમસુના મોહમાંથી

આ શબ્દો તુરતજ નિકળી પડયા ! "જો કાંઈ વચનનું વાદલ હોય તો હું તે જાણવાની આગમચજ તુંને કેહુંચ કે તુ માગે તેટલાં રૂપાં નાણાંથી તારૂં મોહડું ભરૂં પણ ખોદા ખાતર—"

"સબર કરો ફરામજી શેઠ! તે દહાડા હવે ગીયા—હવે--"

"કંઈ ભુલ છે! કંઇ ભુલ છે! સબર કર એ પારસી" ગુલે નિંદ્રાસપણામાં પોતાના ખાવિંદનાં નામથી જુદુંજ નામ તેણે વાપરેલું જોઇ કાંઈ રમુજ થયલી જાણી ધાસ્તી દુર કરી તેને અ-ટકાવી નાખી પોતાના ધોતાળ ધણી તરફ ફરીને કહ્યું," ડીયર જેમી, અરે એમ શું કરોચ જો પણ? એ તો કોઈ ફરાંમજી પારસીની વાત પુછેચ તે !" તેણીએ એમ બોલી ટણકો ગાતાઓ.

"નહિં નહિં, બ્હેન ગુલબાનુ" પેલાએ હવે ખુલાશો-ખરો ખુલાશો કીધો, જયારે જમશું (હવે પ્રીય વાંચનાર પામી ગયા હશે કે પેલો લુચ્ચો ફલુ ફાંકડો) એક સોફાપર ફસડાઇ પડી પોતાનાં બેઉ હાતો વડે આંખ્યો ઢાંકી તે પાપના સફા સાંભળતો હતો. "ભુલ માહરી નથી—તમારી, ખુદ્દ તમારી છે આએ તમારી પાંસે ઉભેલો માણુસ મોરનાં પીછમાં સંતાયલો એક કાગડો છે—ફરેસ્તાનાં રૂપમાં એક શેહતાન છે—પહરેઝગારનાં ડોળમાં એક દેવેનામદેવ અને ખબીશ છે. એ તમો જાણો છો તેમ અને હમણાંજ તમે બોલ્યાં તેમ એ મુંબઈ શેહરનો તમારો 'ડીયર જેમી' જાંગલો નહિં, પણ સચીન ગામનો ફંકડો ફલુછે. બાલેબાલ કરજદાર, દરેક નેકનામીમાં પેહેલી જગા લેનાર, અને પાકદામનોની લાજ લુટનાર, જીવતી ઓરત છતાં બીજી કરનાર અને દગા ફટકાથી સરકારી અમલદારો અને ખાતાંઓને હાથ

તાલી આપનાર તે આએ તમારા ખાવિંદ થતા જમશેદજી જાં-ગલાં ઉરફે ફરામજી ફાંકડા એક નંગ છે! આએ જોવો તેનો એક પુરાવો" એમ કહી 'રુસ્તમ'એ ફલુએ રાખેલી બનાવટી દાઢી એંચી કાઢી તે ગુલના પગ આગળ ફેંકી જોશથી પાછું આ-ગળ ચલાવ્યું. 'એવણપર તો એક વરસ થયું દેખત નજરે ઓડી ઠોકવાનું વારંટ છુટેલું છે—એક સરકારી ઈસ્પીતાલનાં વડાને વા હીને એક પાકદામન પારસણને પોતાને નજર કેદ રાખવા અને તેણી પર પોતાની જુલમી નીચ મતલબ કાજે બલાત્કાર ભરેલી કોશેશ કરવાના વાંકોછે. વળી જીવતી બૈરીપર એવણે તમારી સાથ લગ્ન કરી તમારો વિશ્વાસઘાત કરવાનો વાંક કરવા ઉપરાંત તમારા સંસારનો સદાનો નાશ કીધો છે. વલી—"રુસ્તમ" હજી આ ગજબનાક કાંહાણી વધુ કહે તેટલાં એક ભયંકાર ચીશ સમેન ગુલ ચતીપાટ ભોંયપર પટકાઈ પડી! ચાકર નફરો દોડી આવ્યાં એજ નહિં, પણ એક બેલીફ, એક છુપી પોલીસનું માણસ (ડીટેક્ટીવ) દસ પોલીસનાં સીપાઈ અને ખુદ ફલુની પેહલી હકદા ર ધણીઆણી રૂપાંબાઈ—જેઓ સરવે આગમચથી કરી રાખેલી ગોઠવણ મુંજબ બાગમાં સંતાઈ રહેલાં હતાં તેઓ—થી દિવાન ખાનું ગજબજી રહ્યું! તુર્તજ ફલુનાં હાથમાં લોખંડી સાંકળાં પેહેરાવવામાં આવ્યાં!

પ્યારા વાંચનાર! "કર ને જો" હાંજ છે. કુદરત "એક કાંકરે બે પક્ષી મારે છે" ફલુ પોતાને પાપે પડયો. એજ નહિં, પણ ગુલ અદેખી ગુલ—ને વટીક પીરોજાનું પાપ નડયું!

* * * * *

પીરોજાને 'રસ્તાઈ' સચીનના વજીફામાંથી એક સલામત જગે લઈ ગયો હતો, અને બીજે દિવસે તે ગમે એવા હલકી શોબતમાં ફરનારા પણ દયાળુ ખવાસનાં જવાને તેણીને મુંબાઈ રવાના કરી, જ્યાં એક ઘડી ન ઉભી રેહતાં પીરોજાએ ટ્રેનમાંજ વિચાર કીધા મુજબ તેણી એકદમ દખ્ખણ હેદરાબાદ આમીના સાથે ઉપડી ગઇ! સુરતથી સહવારે ૬ કલાકે બેઠેલી રાત્રે સાહડા આઠે ચરચગેટ ઉતરી, તેવીજ તેણી બોરી બંદર ગઇ અને બીજા કલાસની ટીકેટો કઢાવી મુંબાઈ પોણા નવે ઉપડતા "રાઇચોરમેલ"માં તે તરફ ઉપડી ગઈ!

શું કુદરતનો સંજોગ છેકે માણસપર દુઃખ આવી પડેછે ત્યારે તે ઉપરા—સાપરી પડતીપર પચાસ ની ગીસાલ આબ્યા જ કરે છે ! પીરોજા હેદરાબાદ ગઈ અને સિકંદ્રાબાદમાં વેપારીઓની "એકસચેંજ" તેમજ "દખ્ખણ ટાઈમસ"ની જાણીતી ઓફીસની પાછળી તરફ જયાં પ્રથમ જાણીતો "કરનલ પાવ." રેહતો હતો તેની પડોસનાં બંગલા (જે બંગલામાં સિકંદ્રાબાદમાં હાલનાં પ્રસિધ્ધ વકીલ મી. કાવસશાહ એદલજી તારાપોરવાલા પોતાના મરહુમ પિતા તેમજ કુટુંબ જોડે વશતા હતા તેમાં) ઊતારો લીધો. આ બેહ્લા પણ એકાન્ત બંગલાને માટે એવી લોકચરચા હતી કે ત્યાં રાતની વેળા ભુતનો ચાળો થાય છે, પણ પીરોજાને એવા વ્હેમો ન હોવાથી તેમજ તેણી તે બાતથી જાણીતી પણું ન હોવાથી ત્યાં જઈ ઉતરી. લાંબી મુશાફરીની થાકથી તેણીનાં જખમી જીગરને ઘણો ત્રાસ પુગ્યો હતો, જેથી તેણી ત્યાં પુગાં બરાબર બિછાને પડી !

ગરીબ બિચારી! તેણીની પાંસે પુરતા પઈસા નહિં હતા કે જે વડે પોતાની દવા--દારૂ કરે? મોટી મુશ્કેલીથી તેણી પોતાનો અને પોતાની વિશ્વાસુ દાયા અમીનાંનો રેલવેનો ખર્ચ કરી શકી હતી!

એવી કીસમત!

* * * * * * *

પેલા ફલુ ફાંકડાની ફાંકડાઇનો અંત આવી ચુકયો હતો. તેનો ઈનસાફ થયો તેમાં ચાર જુદાં-જુદાં તોહમતો અને પાંચમાં તોહમત તરીકે તેની પેહલી બાયડીએ જીવતી બૈરીપર બીજી કરવાનો વાંક મુકવાથી તેને ૧૫) વરસ દેશનિકાલ કાઢવામાં આવ્યો.

ગુલ! ગરીબ બિચારી ગુલ! અદેખી ગુલ! અભાગ્ય તાહરાં! તારૂં પાપજ તને નડયું! તેનાંથી આ જખમ ખમી શકાયો નહિં. વળી દુ:ખપર ડહાંમ તે લુચ્ચાને પેઠનાં તેણીને હંમેલ રાંડેલા હતા, જેથી એ સદાનું લોક જોણું થાય તે આગમચ તેણીએ પોતાના જીવપર કરવા ચાહ્યું. તેણીએ હવે પોતાનાં પાપી કામની તોજેશ કીધી કે—"ઓ ખોદા! તું અંતે સચ્ચાઇનેજ ચાહનારો છે. મેં એક વ્હાલાં જોડામાં વેર વશાવી તેમને સદા સુધીનાં વિખુટાં પાડવાનું અધમ પાપ કીધું તેની તેં મને આએ લાયક શિક્ષા કીધી અરે! જલો મારો સંસાર! તોબાહ! તોબાહ! ઓ ખોદા! ઓ પરવર દેગાર! મેં શું કીધું? અંતે હું તેનો આએ કેવો ફેજ પાંમી! ઓ પાક યઝદાંન! હવે આએ નામોશીમાં જીવવા કરતાં ઝેર ખાઈ મરી જવુ હું બેહતર વિચારૂંચ. તારી

'ગેબી લાકડીને અવાજ નથી' એ હું આજે નજરે જોઉંચ. અ-ફસોસ ! મુ.ઈ હું મારાં માએ-બાપને પેટે પેદાની પડતી!"

બારે પસ્તાઇ, બારે આઝુરદેહ થાઇ ખુબસુરત ગુલ ઝી-માઇ ગઈ! તેણીને જીવતું હવે દોજખના ગારમાં સળગવા સરખું લાગ્યું. એકતો પીરોજાનું પાપ તેને નડ્યું, બીજું તો એક હરડતા પાપીને હાથ તેની ખરી હકદાર ધણીયાણી છતાં ફશી પડી સંસારની ધુળ કીધી અને ત્રીજું તેને પેટનાં હંમેશ લીધા એ કાંઇ જેવા તેવા જખમો નહિં હતા. તેણીએ પાપની તોન્હેશ કરનારૂં એક પત્ર ડાકટર જેહાંગીરને નામનું ચીત્રી કાઢી તેમાં પીરોજાની પાકદામન અને પોતાનાં પાપી કરમોનો ખુલ.સો કરતાં માફી ચાહીને અરજ કરી કે પીરોજા જ્યાં હોય ત્યાંથી હુંડી કાહાડી તેણીને ઈનસાફ આપજો. આ પત્ર ખાત્રીથી પોતાને હાથે રેજીસ્ટર કરાવી પીરોજાની પોતાપાસ બાકી રહેલી પેલા દ ગીના માંહેલી મોતીની માલા સાથે પોસ્ટ કીધાં. એ પછી ગુલે-ગરીબ કમનસિબ ગુલે—અફીમનો અરક પીને આપઘાત કીધો !

* * * *

સહવારે નવ વાગ્યાનો વખત હતો.

ડાકટર જેહાંગીર સિકંદ્રાબાદમાં—(વાંચનારને ખબર છેકે કાહિયાવાડ ખાતે નિરાસ થવાથી તે અહીં ધંધા અર્થે આવ્યો હતો ત્યાં) પોતાંનાં દરદીઓ તપાસતો દવાખાનામાં હતો. તે આટલી મુદતમાં પોતાનાં ધંધાને લગતા મોટા અનુભવથી બીજા બધા ડાકટરો કરતાં લોકપ્રીય થઇ પડયો હતો. એકાદ બે દરદીઓને તપાસી રહયો નહીં તેટલામાં પોસ્ટ આવી અને તેનાં ત્રણ

ચાર કાગજ જોડે કાળી શોકની લઈનો વાળુ એક ખાસ રેજીસ્ટર અને તેનીજ સાથ એક ન્હાના દાબડાની બે'ગી આવી પોસ્ટ મેનને સહી આપી—ઘરાકોને જરા થોભવા કહી—તે અચરતી સાથ "આએ કાળી શોકની લાઇનવાળુ' રેજીસ્ટર સુ' છે?" કરતો આગલાં દિવાંનખાનામાં ગયો અને ધ્રુજતા હાથે તેણે તે ઊ' ખેલ્યુ'. તેમાં નીચે મુજબ લખેલું હતું:—

ડાકટર જેહાંગીર,

આએ ચીઠી જે વખતે તું વાંચશે, તે વખતે તો હું ક્યારની આએ જેહાંનને સલાંમ કરી તે કીરતારને મારાં પાપનો જવાબ આપવા ગયલી હોવશ. અફસોસ ! ભાઇ જેહાંગીર, જે એક માહાઘાતક કામનો આજે તારી પાસ મારે પસ્તાવો ગુજારવો છે તે લખતાં મારૂં હેયું ધ્રુજી મારી આંખે તંમર આવે છે—મારા હાથને સંધીવાને જેવી અસર થઈ આવે છે. પણ જે પાપનો ભાર મારી છાતી સદાની દાબી મુંકશે, તે આએ કાગજ દરમ્યાન ખુલ્લો કરી ઊતારૂં નહિં તો જે અંધારાં દોજખમાં મારો વાસો થસે તેમાં પુરો અંધકાર થવાનો. જેહાંગીર ! જેહાંગીર ! તું એક અગલા જાતિના મક્કર પર વેચાયો છે તે નાપેકાર નાર હુંપોતે છું. તારી પાકદામન પીરોજા (**જેહાંગીર અહીં ચમકે છે**)થી તુંને વિખુટો પાડી તારા સુખી સંસારનું સદા સુખીનું નખ્ખોદ મેં વાલયું હતું—પણ તેના ફેજે હું પુરતી રીતે પુગી ચુકી છું. પીરોજા ! પીરોજા ! વ્હાલી બ્હેન પીરોજા ! તું ક્યાં છે ? માફ કરજે—અરે મને માફ કરજે ! તારાં પ્યારભર્યાં જોડાં વચ્ચે મેં મારી હસદ ભરી

આંખોએ જે જુદાઈ ખરપા કીધી હતી તે જાલેમ જુદાઇ કરતાં દસ ઘણા કારી જખમો મને ખોદાની "ગેબી કરામતથી લાગી ચુકાય અફસોસ ! ભોળા ભાઈ જેહાંગીર ! તારા પાકદામન પીરોજા પરણેતરને તારાથી છુટી પડાવી મારૂં વેર લેવાનોજ મેં નિશ્ચય રાખ્યો હતો ! તો. એકવાર મને પરણવાની કબુલાત આપી તે છોડીને પીરોજા સાથ પરણ્યો, એ વાત મારી અંધાપે આવેલી અદેખી આંખથી હું જોઈ શકી નહીં, જેથી મેં હરડતા કસમ લીધા હતા કે જયાં હોય ત્યાં તમારી પુઠ પકડી તમો ધણી-ધણીયાણીને સુખ જોવા દેવું નહીં અને તારાં ભોળાં મગજ પર વ્હેમનો છાપ મારી તમો બંન્ને વચ્ચે જાલેમ જુદાઈ વશાવવી. મારી એ ધારણા બધી રીતે સંપુરણ ઉતરી હતી, પણ તે પાપી કરતુકોનો લતીજો હું કેવો ખુદરતથી પાંમીચ તે લખવાને મારા ધુજતા હાથો નાં પાડેચ. મેં પ્રથમ તારી પાકદામન પીરોજા સાથ સહીપણું માંડયું અને તે સહીપણાંના સાઝામાં એક સેહતાંનની ગરજ સારી હતી ! તું કાઠિયાવાડ ગીયો તે સરસ તક સાધીને તારી પાકપરણેતર પાસ મેં તેં આપેલી લગનની ભેટ તરીકે પેલી વીંટી, લાકીટ, તથા માલા એમાંની માહરેબી લેવી છે એવાં બાહનાંથી પડાવી લીધી અને તે નમુના એક "ખરા ખેરખાહ"ની સહીથી મેં તારી ઉપર મોકલ્યા— જેણે તમો શુખી જોડાંનું સત્યાનાશ વાળ્યું ! એ પછી શું થયું તે તું જાણે છે—પણ જેહાંગીર, તારાં સુખમાં પથરો નાંખી હું સુખી થઈ નથી. મારી ઊપર જેમ ગજબનાક કાવતરૂં રચાયું છે અને એક લુચ્ચા પોશાગીર પાપીને હાથે હું જે વેરાઈછું. તેનો સવીસ્તર હેવાલ તું અત્યાર

આગમચનો મુંબઈનાં પેપરોથી જાણી ચુકયો હશે. હવે મારી જે છેલ્લી અરજ છે તે એજ કે મારા આ પાપી કરતુકની મને માફી બખશજે અને પીરોજા—તારી સકલ સદગુણી નેકજાદ પાકજાદ પાકદામન પીરોજા—ને તેણી જ્યાં હોય ત્યાંથી સોધી કાહાડી તારા આશરામાં લઈ મારો આ છેલ્લો એકરાર. પત્ર તેણીનાં પાક કદમપર ધરજે—હું મારી જીંદગી તો હવે આએ કાગજ પોસ્ટ કરતાંજ અફીમના અરકને સ્વાધિન કરૂંછું. પીરોજા! પીરોજા! મને માફ કરજે! મારાં પાપથી બકાત રહેલી તારી એકજ ચીજ (માલા) આએ સાથે એંગી કરી મોકલી આપુંછું. છેલ્લી સલાંમ!

લા૦ તારી ખોટી "ખેરખાહ" પણ પાપની ખાડીમાં
પડેલી આજની ખરી તુટેલાં દિલની કમનશિબ,
ગુલ બનજીશા.

"ઓ ખોદા! ઓ ખોદા! હું જીવતો છું કે મુવેલો? હું જાગુંચ કે સ્વપણો જોઉંચ?" અને આ ખ્યાલો સાથેજ જેહાંગીર પટકાઇ પડયો!

* * * * * *

જેહાંગીર સુધ્ધિમાં આવ્યા પછી તેની ગમગીનીનો પાર રહયો નહિં. "પીરોજા—મારી પાકદામન પીરોજા—મને કયાંથી મલે? મેં તો તેનું સુરતમાં ખાંરવાંઓને લાંચ આપી ખુન કરવેલું! ઓ બદબખ્ત જેહાંગીર! તેં એ શું કીધું?" એવા એવા ખ્યાલોમાં તે ગરક થઈ ગોયા દિવાંનો બાહાવરો બની ગયો, પણ એટલું છતાં, તે હજી પકકી રીતે જાણતો નહિં હતો કે તેણે રચેલુ

તે ચોકઠું કારગાહ લાગીને પીરોજા ખરેખરી મરી ગઈ હતી કે નહિં! જયારે પીરોજાનું પેલું કાગલ તેણે વાંચ્યું હતું, ત્યારેજ તેણીનો જીવ લેવાનાં ઝનુંનમાં આપણે જેહાંગીરને ઊસ્કેરાયલો જોયો હતો. એ કાજે તે ઘણીક જાણીતી જગ્યાઓ કે જયાં પીરોજા જાય એવો તેને શક હતો ત્યાં ત્યાં ફર્યો હતો અને અંતે સુરતમાં ભાહાં તરફ તેણી રહે છે એવો પત્તો મેળવી ત્યાંજ તેણીનો કુટંબો કહાવી નાંખવાનો ઊપર તેણે પોતે કબુલ કરેલો સંકેત રચ્યો હતો. પણ તે કરાીણ કામનો અંત શું આવ્યો તેની તેને સ્વપણે વઠીક ખબર નહીં હતી. કદાચ તે કામ પકડાઈ જાય એ ધાસ્તીથી તો તે હેદરાબાદ તરફ નિકળી આવ્યો હતો અને તે પછી તે જાણવાની તેણે કશી કોશેષ વઠીક કીધી નહિ હતી, જેથી હવે તેને વિચાર પડયો. તેણે તુરતજ કપડાં બાંધ્યાં અને તે ને તેજ દિવસે સુરત ઉપડી ગયો! પીરોજા પાસે છતાં તે દુર ગયો!

અહીં સારે નસીબે તેને 'રસ્તાઇ' મળી ગયો! 'રસ્તાઇ' એ તેને સર્વ દુઃખદાયક કાહાંણીથી વાકેફ કીધો અને "ફલુફાંકડા!" નાં ફંદમાંથી તેણી કેવી રીતે બચી--શું શું સિતમો તેણીની ઉપર ગુજરયા એ વિગેરે સર્વ વિગતથી બયાન કીધું. અહીં જેહાંગીરનાં મનનું પુછવુંજ શું? તેણે માથું-મોહડું ફોડી નાખ્યું અને પોતાની તે પાક દામન પરણેતરને શોધી કાહાડવાના કામમા 'રસ્તાઈ'ની મદદ આપી. 'રસ્તાઈ'એ કહ્યું કે "પીરોજા મુંબઇ ગયા તે વખતે હું પોતે તેવણને ઈસ્ટેસનપર મુકવા ગયો હતો પણ મુંબઈથી તેવણ કોઇ બીજી જગે ઉતરી પડયાચ કે મુંબઈ

માંજ છે તે હું કેહવાને અશક્ત છું, તેવણની સાથે 'અમીનાં' નામે એક આયા છે જે ઘણી વિશ્વાસુ હતી અને પીરોજાને તેણીપર ઘણો ચાહ હતો. તેના આધાર પરજ તેવણ કેયે જઇ શક્યાં છે. ચાલો આપણે પેહલાં મુંબાઈ જઈએ અને ત્યાં તપાશ કરીએ, જો ત્યાં નહિં હોય તો આગળ ઉપર જે વિચાર ઠરે તે મુંજબ કરીશું. યાદ રાખજો જેહાંગીર શેઠ, કે મરનાર ગુલબાઈની તમે જે વાતો કીધીચ, તેવણનાં પાપી પ્રપંચથી તમારાં જોડાંને એટલું બધું ખમતું પડયુંચ અને પીરોજા એક ખરાં ખુનમાંથી અજબ સંજોગે બચી ગયાં એ તમારાં મોટાં ભાયગવાન સમજજો. તમોને ખુશી થવાનું એટલુંજ છે, કે તેવણ હજી હયાત છે, અને જો તેવણ હયાત છે તો એમ સમજજો કે ખુદા તમારૂં જોડું હવે પછી પાછું મેળવી આપવાને રાજી હશે નેથીજ એટલી મહાન આફતોમાંથી તેવણ બચવા પામ્યાં છે. પણ એટલું કેહતાં મારે તમોને આએ બે સખુન કેહવા જોઈએ કે એક નનામી ચીઠીઓ લખનારને આધારે તમે તમારી ઊંચી કેળવણીને એબ લગાડીને તમારા સુખી સંસારનું સત્યાનાશ વાળ્યુંછે— એમાં જેટલો મરનાર ગુલબાઇનો વાંક નહિં હતો તેટલો હું તમારા કાચાકાનનો વાંક કાહાડુંચ. મને માફ કરજો—હું તમોને શીખામણ દેવાનો લાયકનો નથી પણ મને મારો જોબલો અનુંભવ તેમ કરતાં શીખવેચ. આહા! પીરોજા! પીરોજા! ધન તારી જણીતા માયને! દુનિયાંમા એવી મોહોરદારો થોડીજ જનમશે!'

જેહાંગીરે નીચેથી ઊંચું જોયું નહિં. 'રસ્તાઈ'નો આ લાયક ઠપકો તેણે સોનેરી સખુનો જેવો માન્યો. હવેજ તે આગળ

બરથારની આંખનાં 'પદર' ઊઘડ્યાં અને હવેજ તેને થયલા વ્હેમ રૂપી કમળાથી તેની આંખ્યોના પીળા ડાઘ મટી ગયા! ભોળા બરથાર! આ સ્યાણપત તને આગળથીજ આવ્યું હોત તો આ ટલું દુઃખ થાત કે?

ફરેબે અગરએ ફરેસ્તા ફરે,
તો આદમ એક અદનાં ન વ્હેમો ધરે?

પણ જેહાંગીરને લાગેલા ગમમા એક સધ્યારો-મોટો સધ્યારો—એજ હતો કે તેની પાક પરણેતર હયાત છે. જોકે તેણી કયાં છે ને વાતથી તે અંજાણો હતો, તેમ છતાં તેને હવે આ ગળી કેવળ નિરાશી કરતાં સ્હેજ ઊમંગ આવ્યો.

તે 'રસ્તાઇ'ને લઈને મુંબાઈ ગયો. ત્યાં તેણે પોતાના સગાં વ્હાલાં અને મિત્ર-મંડળમા પોતાની ભુલ જોઇને પસ્તાવો કરતાં પીરોજાંની પાકદામનને ઈનસાફ આપી સર્વ હકીકત રોશન કરી. એકેએક જણાં આ સાંભળી દાંતમા આગળી પકડી અજબ અને હેરત થયાં સઉએ પીરોજાની ચાંપતી તપાશ કરવા કહી.

પણ મુંબઈમાં તેણીનો કશો પતો મળ્યો નહિં. એકણી એવું સગું કે મિત્ર--મંડળ જેહાંગીરે બાકી ન રાખ્યું, કે જેમાં તેણે તેણીની જાતે-તલાસ કીધી ન હોય. કંઈક નિરાશી સાથ તે પુને ગયો. ત્યાં સઉને રોશન કીધા અને ઘણી તેહકીક કરી પણ ત્યાંગી તેણી જડી નહિં. પીરોજા ત્યાં હોયતો જડે કે?

અંતે એવું ઠરયું કે પીરોજાની શોધમા 'રસ્તાઈ'ને શામોગામ ફરવાનો ખરચ આપી જેહાંગીર દુઃખી દિલે પાછો સિકંદ્રાબાદ ગયો. તે ત્યાં ગયો ખરો. પણ તેને કશું ચેન પડયું નહિ. પોતાનો તબીબી ધંધો તેને કરડવા આવ્યો. તેણે સર્વ આહકોને પોતાની

હાજરી, દવા તેમજ સલાહ આપવાને ના પાડી—તે પોતાના મિત્રોને વકીલ મલતો નહિ—સર્વ અજબ થયા કે "ડાક્ટર જેહાંગીરને એવું તે શું છુપું દરદ યા દુઃખ હશે કે હવે તેણે અહીં રેહવા છતાં પોતાનો ધંધો વકીલ તજી દીધો છે ?"

પુંનેથી પીરોજાની શોધમા નિરાશી સાથ પાછો ફરયો પછી પંદર દહાડા નહિં ગયા એટલા જેહાંગીરના બાબમા એક જાણવા જોગ બનાવ બન્યો. તેના એક માણસે કાંઈ વાતપરથી વાત કરતાં તેને ખબર કરી કે 'કરનલ પાવર'ના બંગલાની પડોશના પેલા ભુતવાળા ન્હાના બંગલામા કોઈ બે બાઈ માણસો આજ લગભગ મહિનો થવા આવ્યો આવી ઊતરેલી જણાય છે. જેમા એકનો દેખાવ દેતીજ નથી પણ બીજી જે કોઈ આયા જેવી દેખાય છે તેણી રહેજસાહજ બહાર ફરહર કરે છે."

"બે બાઇઓ ? અને તેમા એક છુપી રહેછે ?" પોતાનાં માણસને આ વાત કરી ચાલી ગયલો જોવા પછી ડાકટર જેહાંગીર પોતાના મન સાથ વમાસવા લાગ્યો "એ કોણ હશે ? જ્યાં છે ત્યાં કંઈ ભેદ છે. એની તપાશ કરવી જોઇએ. પણ કદાચ પીરોજા—મારી પાકદામન પીરોજા—તો નહિં હોય ? અરે પણ હું કેવો દિવાનોછું કે એવા મુરખાઈ ભરેલા વિચાર કરૂંચ? મારી તે નેક ખસલત નાર ક્યાં મારી આટલી નજદિકમા કાંહાંથી હોય ? એવાં મારાં કાંહાં ભાગ્ય કે તેણી વળી સિકંદ્રાબાદમા આવી વશે ? ઓ પીરોજા! મારી પ્યારી પીરોજા ! તું મને ક્યારે મલશે ? ઓ પરવર દેગાર ! મેં આવલાએ મારી પાકજાદ નારપર એવો કે ગજબ ગુજાર્યો-" અને અહીં તે પોતાની પાક પરણે

તરની યાદમા એક બચ્ચાં મિશાલ રડી પડયો.

પણ તેને ઊપજેલી ઊપર જણાવેલી પેલી બે બાઈઓની ચટપટ ઓછી થઇ નહિં. દરપલે તે વધતીજ ગઈ. તેણે સાંજે તે તરફ જાતે જઇને છુપી તપાશ કરવાનું નકકી કીધું.

સાંહાંજ પડી.

સાહડા છ થઇ ગયા હતા. અંધારૂં પડવા આવ્યું હતું. સામે આવતા માણસનું મો' દિશે એવું ઝઝકળું થાઇ રહ્યું હતું. ડાકટર જેહાંગીર એક મોટો કાળો કોટ પાટલુંન પેહડી લઇ પગે ચાલતોજ તે "ભુતવાળા" બંગલા તરફ પેલી ખબર મેળવવા સારૂ નિકળી પડયો હતો. આજે તેણે પોતાની ગાડી જોડવા ના પાડી હતી. ખાસ અંધરૂં કરીને તે ઘરથી મોડેથી ચાલતો નિકળ્યો હતો. જયારથી પીરોજાની પાકદામન વિષેનો તેનો વ્હેમ નિકળી ગયો અને તે તેણીની શોધ કરવા લાગયો ત્યારથી તે ઘણો ખરો બ્હાર ફરતો હરતો હતોજ નહિં. કોઇ કદાચ સાંજને છેડે ગાડી જોડવાનો તે હોકમ આપતો હતો, જેથી આજે તેનાં એમ પગે ચાલતા નિકળવા ઉપર તેના ઘર માહેલા બીજા ચાકર-નફરો તથા તેના ઘોડાવાલાને પણ અચરતી ઊપજી નહિં.

તે સ્ટેશન વેરથી ચાલતો ચાલતો મી૦ ફુલર વકીલ તથા મરહુંમ રતનજી દસ્તુરનાં બંગલા તેમજ 'સોમસુંદરમ સ્કુલ'પરથી રહીને 'ઈસામુદીન સાહેબ'નું મકાંન વટાવી 'કમીસેરીયટ ઓફીસ"વેર આવ્યો. અહીં જરા થાક સારૂ ઊભો રહી પછી આખી "ઑક્ષફોડ સ્ટ્રીટ" Oxford street વટાવી મિસિયર્સ નશરવા

નજી ચીનાઈ" તથા "એદલજી ચીનાઈ"ની ભપકાદાર દુકાનો પ-સાર કરી આગળ વધ્યો. હવે તેણે મી૦ ફારબસ વકીલના મોટાં મકાન આગળ આવતાં પોતાના ઝડપી કદમ લગાર ધીમાં કીધાં અને સીધો "દપ્પણ ટાઇમ્સ" આફીસની દિવાલની લગોલગ ચાલવા માંડયું. સિકંદરાબાદ શેહેરનો જેમને અનુભવ છે તેમને રોશન છેકે આજથી ૧૦ વરશની વાતપર એ આફીસની તરફથી 'બેગમ પેટ' જવાને રસ્તે કશી લાઈટ રાતની વખતે કરવામાં આવતી ન હતી—(હાલ તે થાય છેકે નહિં તેની સાથ આપણને કશું સ્નાન-સુતક નથી.) "ઓક્ષફોર્ડસ્ટ્રીટ"માંથી વળીને "જેમ્સ બઝાર" તરફની વલણનો રસ્તો જયારે 'લાઇટ'થી દીપી રહેછે ત્યારે 'ટાઇમ્સ' આફીસથી તે કરનલ પાવરના બંગલા સુધી તે વખતે લાઈટ થતી ન હતી. જેહાંગીર તે અંધારા ઓથામાં છુપાંતો—સંતાતો ધીમે કદમે, જેવો આગળ વધ્યો તેવોજ તે પેલા ભુતવાળા બંગલાનાં સાંમેના દરવાને સ્હેજ ખશેડી અંદર ધુસ્યો અને જંગલી ચાંપા તથા બીજાં મોટાં મોટાં ઝાડોની ઘટાવાળા તે એકાંન્ત બંગલાનાં કંપાઉન્ડમાં એક બોહોલાં દરખતનાં ઓથામાં સંતાઈ ઉભો.

પ્રીય વાંચનારને અત્રે યાદ આપવાની જરૂર રેહશે નહિ કે એજ બંગલામાં પીરોજા પોતાની વફાદાર આયા અમીના સાથે આવી ઉતરેલી હતી. થોડાજ વારમાં, જેહાંગીરે જોયું કે તે ઘરનાં બે આગલાં કાચના બારણાં જે બંધ હતાં તેમાંથી દરવાજા તરફનું એક ઉઘડયું અને માહેથી કોઈ બે સ્ત્રીઓ બ્હાર આવી. એક દાસી જેવી દેખાતી હતી, જેણીના હાથમા એક નહાનું કં

દિલ (હાનસ) અળગાતેલું હતું અને બીજી જે નાતવાન જેવી દેખાતી હતી તેણીએ પોતાનું મોહડું એવી રીતે કબજ કીધેલું હતું કે તેણીની ચલકતી આંખ્યો શીવાય બીજું કશું દિસ્તું ન હતું. તેણીએ પોતાના આંગ ઉપર એક રંગીન 'શ્યાલ કલાથ' ઓઢેલો હતો, જેથી તેણી કોણ છે અને કોણ જાતની અબલા છે તે વટીક જેહાંગીર પિછાની શકયો નહિં. તેણી મોટી મુશ્કેલીથી ઊભી રહી શકી હતી એમ જેહાંગીરે જોયું.

"તમે શું કામ તસ્દી લેવોચ બાઈ, તમોને ઉભો રેહવાનો ટકવો નથી"—પેલી દાસી પોતે બ્હાર કાંઈ કામ સારૂ જતી હશે તેને વળાવવા એટલા સુધી પેલી કોઈ નાતવાન દિસ્તી અબલા ચાલી આવવાથી તે દાસીએ તેની દયા આણી. "હું હમણાં લઈને આવોંચ. તમે પલંગપર જઇને પોઢો" અને એમ કહી તે ચાલવા લાગી.

"જલદી આવજે જો હું એખલી છેઊં ગતનો વખતછે, મારા ડોલાના તણવની જો. ઓ—ઓ—ઓ" અને એમ બોલતી પોતાના દુઃખતાં માથાંપર એક હાથ ધરી તે કોઇ આજારી અબલા જેવાં ધીમો કદમે આવી હતી તેવાંજ ધીમા કદમે પાછી ઘરમાં ગઈ અને 'એ પાછી ઓય આવશે' એવા છુપા સંચારા તલે તેણીએ અંદરથી બારણું અલગું બંધ કીધું.

હજીતો પેલી દરદી અબલા અંદર જઈ પોતાના બીછાનાં પર લેટો નહિં તેટલાં બાગનાં કંપાનડમાંથી પસાર થતી તેની પેલી દાસીએ પોતાના હાથમાં ધરેલી બત્તીનાં ઝાંખા ઉજાસે જેહાંગીરનો કાળો પોશાક જોઈ એકદમ "ઓ બા રે! ભૂતા ભૂતા!"

ફરી ચીચીયાડી પાડતી ફાનુસ નાખી દઈ ઘેરમાં દોડી ગઇ અને ચીસ સાંભળી પેલી દોડી આવતી પોતાની દરદી બાઈને જઈ વળગી પડી!

"શું છે?--ઓ માય!--શું છે?" પેલી દરદી બાઇએ ધભરાટમાં પુછ્યું.

"ઓ—ઓ—મને ધરોરે—ભૂ--ભૂ—ભૂ—ભૂ—ભૂતછે!' પેલી દાસીએ ધ્રુજરાં છુટેલાં દિલે પોતાની બાઇને હજી પકડી રાખી મુસ્કેલીથી કહ્યું.

'હે? ભૂત! જા—જા રાંન ગાંડી, ભૂત તે વળી કેવું હોય?" પેલી બાઈ જેણી એવા વેહમો માનતી નહિં હશે તેણીએ આ વાત જાણી તેને હશી કાઢી. 'તારૂં મગજ ભમતું હશે—અંધારામાં બીધી હશે. અમીના, ચાલ રેહેવા દે કોલાંવાટર વગર ચાલસે—હવે હું ફરીથી તુંને મોકલવાની નથી, જા જરા મોહડાંપર પાણીના ફટકા માર."

"નહિં બાઈ;" તે આયાએ એકરાર કીધો "મારાં ગલાના કસમથી કેહુંચ કે મેં મારી નજરો નજર ભૂતને જોયો નરો કાલો—કાલો ભીલ. મને જોઈને પેલાં આમલી.નાં મોટાં ઝાડ પાછલ સંતાઇ ગીયો! ને પછી દરવાજામાંથી ન્હાસી ગીયો! જેથી મારાથી એક ચીસ પડાઈ ગઇ ને ફાનુસ હાથમાંથી સરી પડી ગુલ થઈ ગીયું! વલી એ ભૂતજ હતો, કેમકે મને પાંસેના ઘોડાવાલાએ આજ ઘણા દહાડા થયાં કહ્યું હતું કે તમે રેહાછ તે બંગલામાં તો ભુતના ચાળા થાય છે—આખી રાત 'કમપાઉન્ડ'માં ભૂત ભમતો ફરે છે અને બીહવાડે છે. સોકો બાવાં એને 'ભૂ

તમા બંગલા'થીજ ઓલખે છે એજ નહીં, પણ તેણે વળી મને એગાળી કહ્યું કે જો તેમ નહિં હોયનો એટલો મોટા બંગલો તમોને એવાં સસ્તાં ભાડાંથી કેમ મળે ?"

"હોય નહિં ! હું માનું નહિં !" પેલી બાઇ બોલી "વારૂ ચાલ હોશે—એ ભૂતનાં વ્હેમ તમે માનો!—અમે નહિં માનીયે" અને એમ કહી તેણીએ પોતે પોતાને હાથે બારણાંને અંદરથી બંધ કર્યું.

ખરી વાતનો એ હતી કે પેલી દાસી જેહાંગીરનો ઓળો જોઇને અંધારામાં બીધી, અને તેણીએ પાડેલી ચીસ સમેતજ જેહાંગીર ત્યાંથી જીવ લઇને અગિયારા ગણી ગયો હતો!

* * * * *

એવી રીતે જેહાંગીરની ઉમેદ બર આવી નહીં.

તે પેલી બંન્ને અબળાઓ કોણ છે તેની તપાસને અરથે ગયો હતો, પણ તેનાં ધારવા કરતાં ઉલટીજ રીતે એકાએક પેલી દાસી (અમીના) બીધી તેથી તેનો તે અખ્તરો નિષ્ફળ ગયો— તેણે અમીનાને બહાર જતી જોઇ એમ વિચાર કીધો હતો કે તેણી દરવાજા બહાર જાય કે તેની પાંસે જઇ ધીરજથી ખબર કાઢવો પણ તેટલાંમાં તેના સંકેતનું ચોકઠું રમુંજી રીતે ઊંધું વળી જવાથી તેને નહાશી જવું પડયું. વળી પીરોજાને તેની દરદી હાલતમાં "બદલાઇ ગયલા ગાલ અને સાદપરથી પણ તે પિછાંની શકયો. નહિં તેથી તેણે હવે નકકી માન્યું કે " એ કાંઇ મારી પીરોજા નથી--એનો કોઇ બીજી અબલા છે!"

પીરોજા એવી નબાઇ ગઇ હતી અને દુઃખના ઉપરા-સાપરી ગલગાબાગે તેણીની સીકલ એવી બેસીકલ તથા સાદ એવો

એ માલુમ કરી કરી દીધાં હતાં કે જેહાંગીર તેણીને જોઇ કોઈ પારકી જાણીને ભુલાવો ખાવ તેમાં નવાઇ ન હતી

વચ્ચે બીજા પંદર—વીશ દિવસ વહી ગયા.

જેહાંગીરે પીરોજાની શોધ માટે મોકલેલો 'રસ્તાઈ' ઘણાંક શેહેરો ખાતે ફરીને અંતે સિકંદ્રાબાદ આવ્યો, પણ પીરોજાનો પત્તો મળ્યો નહિં, જેથી જેહાંગીરના ગંમમાં બેવડો ઉમેરો થયો.

રાત્રે દસ વાગાનો વખત હતો.

રાત અંધારી હતી શિયાલાનો શિતળ વાયુ જોશમાં ફું-કતો હતો. આકાશમાં તારાઓ તકતકી રેહેવા છતાં રસ્તે ચાલના રાહદારીઓને એકમેકનાં મોં ન સૂઝે એવું કાળું ફીટ અંધારૂં હતું. જાહેર રસ્તાઓ ઉપર 'લાઈટ'ના પ્રકાશે અંધારાના ભયાંનક દેખાવને દુર કીધો હતો, પણ ઊજાડ રસ્તાઓ પર તેથી ઉલટોજ દેખાવ થઇ રહયો હતો; ડાકટર જેહાંગીર પેલા ભલા જવાન 'રસ્તાઈ' સાથ કાંઈ કામ સર સાંજે છ વાગેનો 'જેમ્સ બજાર'માં જઈ ત્યાંથી ઊપર કહેલે વખ્તે પાછો ફરતો હતો. ખાવા પીવાનો અને સુવાનો વખત હોવાથી જાહેર રસ્તા કરતાં 'ઓક્ષ ડ સ્ત્રીટ'માં ગીરદી ઓછી જણાતી હતી જુજવી લોકો કોઈ કાંઈ કુમસર હુક્કો છવાયું પસાર થતું હતું. એવા શાન્ત સમે ડાકટર જેહાંગીર ઉપર
કહ્યા મુંજબ 'રસ્તાઈ' સાથે, મરહૂમ શેઠ વિકાજી મેહેરજીની અગીયારી પરથી રહીને 'દોરાબજીની દુકાન' વટાવી 'ઓક્ષફોરડ સ્ત્રીટ'માં મી. ફ્રારબસ વકીલવાલા બંગલા તરફ વલણ લેતો હતો તેટલામાં કરનલ પાવરનાં બંગલા તરફથી એક કોઈ મુસલમીન બાયડી અંધારામાંથી જોશથી રડતે ચેહેરે દોડી આવતી જનાઇ. તેણી જેવી દોડી આવી તેવીજ તેમને જોઈને મોટે સાહદે ફાલાવાલ

ફરીને રડી પડતાં બોલીકે :—

"ઓ શેઠ ! ઓ શેઠ ! ઉભા રહો—ખોદા ખાતર ઉભા રહો" તેણી ઘણી ઘભરાયલે ચેહરે બોલી. "એક નાદારેશ અબલા પરોશનાં પેલા 'ભુતવાલા' બંગલામાં પડી છે અને જે વખત જાય છે તેમા પોતાનો પ્યારો જીવ તે કીરતારને હવાલે કરશે. તને છેલ્લો ધરટલો ચાલ્યો છે અને મારી ધણીઆણી હુજત છતાં કોઈબી ડાકટરની મદદ લેના ના પાડે છે, પણ અંતે તે બિચારી છેલ્લી એબાનીમાં પડતાંજ હું એવી રીતે કોઈ તબીબની ખોલમાં દોડી આવીછું. અમે ફકત એક માસ થયો અહીં આવેલાં હોઈએ તેથી આ શેહરથી કેવલ અજાણ્યાં છીએ. હું આંનાં રસ્તાઓથી માહેતગાર નથી કે કોઈ ડાકટરની મદદ સારૂ દોડી જાઉં—માટે મેહરબાની મને કોઇ તબીબનું ઘર બતાવો—રે જલદી બતાવો ! નહિતો મારી બાઇ એક ઘડીમાં પ્રાણ મુકી દેશે" અને અહીં તેણીએ એકદમ છોડી મેલ્યું.

"સબર કર ! રડનાં ! હું તુંને મારાથી બનતી મદદ આપુંચ" ડાકટર બેહડાંગારે 'રસ્તાઇ' તરફ જોઇને કહ્યું અને પછી રસ્તાઇના કાનમાં કહ્યું:-' રસ્તાઇ, એ પેલાંજ ઘેરવાલી પેલીજ દાસી જો—જે મને જોઈને બીધેલી—ચાલ આપણે બેઉ જણાં જઇયે. મનમાંનો ખતરો નીકળી જશે ને કોઇ ગરીબને મદદ થાશે"

"શેઠ ! શેઠ ! એ કંઈ ખાનગી વાત કરવાનો વખત નથી" પેલી દાસીએ તેમને કાનમાં વાત કરતા જોઈ અધીરાઇથી ઊતાવલ કરતી—"મારી બાઇ મરી જશે—અરે તેને બચાવાનું પુંન લેજો. તેણે મને કોઈને કેહેવાતો ના કહેલું છે પણ આએ જીવ

સરોસટ પણે હું ખુલાશો કરૂંચ કે તે તમારીજ જાતવાલી એક પારસણ છે અને ઘણી ગરીબ છે. દુઃખની મારેલી નીકલી આ વેલી છે—અગર તમોજે કોઈ ડાકટરનું ઘેર નહિંજ જાણતા હો તો મને તરત ખુલાશો કરો કે હું કોઈની મદદ માટે હજી આ-ગલ દોડું. ઓ મારા બાપ ! મારી બાઈનું શું થશે?"

પણ જેહાંગીરે તેણીને આગળ જવા દીધી નહિં. ને પો-તેજ ડાકટર ત્યારે વળી બીજા કોણને શોધવા જાય ? તેણે તે દાસીને ધીરજ આપી કહ્યું કે—"બાઈ ઘાભરી ના થા—તને કોઈ તબીબની શોધમાં જવું પડશે નહિં. હું પોતે એક ડાકટર છું અને મારાથી બનતી મદદ આપવાને તારી સાથે આએ દોડી પોહોંચુંછું" એમ કહી તેણે 'રસ્તમ' સાથ ઝડપું કદમે તે કેહવાતા 'ભુતવાલા બંગલા" તરફ ચાલુ મુકયું. અમીના તેમને અંધારામાં રસ્તો દેખાડવા તેમની આગલ આગલ દોડવા લાગી.

ઓ કુદરત ! તારો કેવો સંજોગ !

ધણીઆણી ખાટલે પડીછે અને ધણી તેણીનો ડાક્ટર થાય છે!

તેઓ તે અંધારાં વચ્ચે 'કમપાઊન્ડ' વટાવી બંગલામાં પેઠા. ઓ તે દયાજનક દેખાવ ! જેહાંગીર પિહેલીજ નજરે કલ્પી શકયો કે આ ખરેખરી પારસી મુફલશીનું કોઈ કંગાલ ચિત્ર છે.

મકાન તો કુશાદે અને ઘણું મોટું હતું, પણ ત્યાં બેશવાને માટે એક ખુરશી તો શું પણ 'પાટલો' વદીક ન હતો. તે બંન્ને જણાં ત્યાં જઈ જોય શું કે તે કોઈ દરદી સ્ત્રી જમણા હાથ ત-રફનાં ઓરડામાં બીછાવેલી એક શત્રાઈ (સાદરી) પર બેભાન પ-ડેલી હતી ! અને ખુણામાં એક ઝાંખી બત્તી બળતી હતી. તેણી એટલી મુફલેશ જણાતી હતી કે બીજું તો કાંઈજ નહિં, પણ

એક ભાંગો તૂટો પલંગ વટીક તેણીની સંપતીની બ્હાર હતો !

"અરરરરરરર ! ઓ, ખોદા ! શું બિચારીના હાલ?" જેહાંગીર ડાકટર તેને સરફ ભોંયપર ચતીપાટ બેભાન મુડદાં મિશાલ પડેલી જોઈ હજીતો ઓરડામાં દાખલ થતાંજ કમકમ્યો.

"શું કરીયે શેઠ" પેલી દાસી આ સાંભળી કરગરી પડી. "ગરીબાઇ ખોદાને ઘેરથી ઉતરેલી છે. જે તકદીરમાં હોય એ ખરૂં. પણ શેઠ," તેણીએ હવે પોતાની બાઇપર ધ્યાન આપ્યું અને તેણીની પાસે ભીંત તરફથી જઇ ડાકટરને ખુલ્લી જગ્યાની સગવડ કરી આપતા વધારયું કે—"મારી બાઇને જલદી હુશિયાર કરો, નહિં તો ધાસ્તીથી હું મરી જઈશ." એમ કહી તે બાપડી પોતાનાં ગાલપર સરી પડેલાં આંસુઓ પોતાની સાડીના એક છેડા વડે લુંછવા લાગી.

"હવે હું તે કરૂંચ બાઇ, તું જરા ધીરજ રાખ. ખોદા સારૂં જ કરશે." જેહાંગીરે સખારો આપ્યો અને તે દરદી સ્ત્રીનો હાથ જે આંગપર ઓઢાવેલી એક સુજનીની નીચે આવેલો હતો. તે પોતા તરફ ખેંચી પોતાનાં ગજવા માંહેલું ઘડીઆલ કાઢીને ધ્યાંનથી નાડ તપાશવા લાગ્યો. "રસ્તાઈ' અને પેલી દાસી ગભરાટથી તે જોતાં ઉભાં.

તે બેભાન પડેલી અબળાનો ચેહેરો કુમળાઇ ગયો હતો. તેણીનું આખું બદન વસ્ત્રોથી ડપટેલું હતું અને તે એટલે સુધી કે તેણીનાં હોટ અને બે આંખ એટલુંજ દિસ્તું હતું. કપાલપરથી છેક આંખ્યોનાં ભવાંવેર એક પાટો બાંધેલો હતો અને ગાલોપર સુંઠ વિગેરેનો લેપ ચોપડેલો હોવાથી તેણીનો ચેહેરો કદર બિ-

સાંમણો દિસ્તો હતો. વળી ઓછામાં પુરૂં બત્તી દુર મુકેલી હોવાથી તેમજ બત્તી તરફ તેણીનું માથુ હોવાથી જેહાંગીરને તેણીનો ચેહેરો બરાબર દિસ્તો પણ ન હતો.

"દોસ્ત રસ્તાઇ" જેહાંગીર લગભગ પાંચ મીનીટ સુધી એકી ટગરે તેણીની નાડ તપાશી એકદમ ગભરાયલે ચેહેરે બોલ્યો અને ગજવામાં હાથ નાખી પોતાની પકીટ કાહાડી. "તમે આએ બે રૂપિયા લેવો અને મેહેરબાની કરી રસ્તાપર નિકલી એક ભાડેની ગાડીમાં બારતી ગાડીએ આપણે ઘેરે દોડી પોંહોંચો ત્યાંથી મારી 'મેડીકલ ચેસ્ટ' (દવાની પેટી) લઈ આવો—જો ખોદા તમોને પાંખ આપે તો ઉડીને જજો--પણ એ જીવ સટોસટની પલો વચ્ચે ઝડપ કરવામાં કસર કરતા ના—જાઓ જલદી દોડી પોહોંચો અને ગયા નહિ તેવા પાછા આવજો. 'કેસ' તદન 'હોપલેસ' છે. ખોદા આપણા હાથને જશ આપે."

'રસ્તાઇ' વધુ સાંભળવા ઉભો રહયોજ નહિ—તે જીવ લઈને દોડયો—કહોકે ઉડયો. પેલી દાસીએ પોતાની બાઈ માટે ડાકટરનાં શબ્દો સાંભળી રડવા માંડયું પણ જેહાંગીરે તેને ધીરજ આપી કે "એમ કરવામાં કશો ફાયદો નથી. જો રડવાનો સાદ તારી બાઇનાં કાનમાં જશે તો તે, પોતાની તબીએત ખરેખર હાથમાં રહેલી નહિ હશે એમ સમજી હીંમત છોડી દેશે" એમ જણાયું. દાસી આ સમજાવટથી સમજી ગઈ અને આંખ્યો લુંછી નાંખી.

જેહાંગીરે પેલી દરદી અબળાંનાં પગ તપાસ્યા. માથું, છાતી, પેટ અને શરીરના બીજા ભાગોમાં કયાં—કયાં ગરમી નથી તે તપાસ્યું. આ તપાશ વખતે પેલી દાસી દીવો પાસે લાવી જેને

પ્રકાશે પેલી દરદી ઓરતનો ચેહેરો--ખુબસુરત પણ બીમારીએ ગયલો ચેહેરો જોઈ જેહાંગીર ચમકયો ! "નરી જાણે પીરોજા!" તે મન માં બબડયો, પણ પછી વિચાર કીધો કે દુનિયામાં એવા ચેહેરા ઘણાં મલતા આવે છે, માટે તેહકીક વગર કેમ એકદમ પોતાનો ભેદ તે એક આયા જેવી ત્રાહેત ઓરત આગળ જાહેર કરે?

અરધા કલાકની અંદર 'રસ્તાઈ' મારતી ગાડીએ દવાની પેટી લઇ આવી પોહોંચ્યો. તે પેટી ઓરડામાં મુકાવી—'રસ્તાઈ'નો હાથ પકડી જેહાંગીર તેને ઓરડાની બહાર લઇ ગયો અને એક ખુણામાં ધીમે સાદે 'રસ્તાઈ'ને કહ્યું—"રસ્તાઈ. જયાં છે ત્યાં એ આપણી પીરોજા છે. તું ગીયા પછી આએ દાસી બત્તી પાંસે લાવતાં ચેહેરો નરો પીરોજા જેવો જણાયો । પણ કોણ જાણે ઘણાંકોના ચેહેરા એક મલતા આલેચ તેથી મેં એકદમ મારો ભેદ તે પારકી ઓરત પાંસ જાહેર કીધો નહીં ખોદા કરે ને એ મારી પીરોજા હોય ! રસ્તાઈ ! તેમ જો બને કેની તો મારે જેવો ભાગ્યશાલી કોઈજ નહિં હોં ? બચારી બીમારી ગઈચ તેથી ચેહરો બરાબર ઓલખાતો નથી. તું ઓરડામાં આવ, હું દવા સુંઘાવવાને મસે બત્તી મંગાવીને તે વખતે તું જો કે એ મારી પીરોજાજ છેકે કોઈ બીજી મને તો લાગેચ કે એ એજ છે. અરે ખોદા !" અને એમ બોલી તે 'રસ્તાઇ' સાથ ઓરડામાં પાછો ફર્યો.

"ડાકટર સાહેબ"? પેલી દાસી તેમને ખાનગી મસલત કરતા જોઈ ઘભરાઈને બોલી "મારેથી છુપાવતા નાં—મારી બાઈ જીવશે કે ? અરે મને કોઈ કેહવો શું એ મરીજ જવાની કે ?

ડાક્ટર—ડાક્ટર હું તમુંને પગે પડીને અરજ કરૂંચ કે મારી બાઇ હુશીયાર થાય ત્યાં સુધી તમે બેઉ જણા અહીંજ રેહજો—નહિ તો હું એકલી ફાટી મરશ !” અને ત્યાં તેણી પાછી રડી પડી.

“સબર કર બાઈ, સબર કર !” જેહાંગીર હવે લગાર ચીર-ડાયો, “તુંને મેં એટલી વખત કહ્યું કે અમે નથી જવાનાં તોબી સાંભલતી નથી ? જોકે ગઇ સાંજનું અમે અમારૂં ખાનું વટીક લીધું નથી, તોબી ભલે અમે ભુખ્યા રહીશું પણ આ કોઈઅના થ બાઈનાંવાલી થઈ સહવાર સુધી અમારી નબળી સેવાનો ભોગ આપીશું” એમ બોલી જેહાંગીરે હવે દવાની પેટી ખોલી બત્તી લાવવાનો હોકમ કીધો. દાસી તુર્ત ઊઠી બત્તી પાસે લાવી, જેને ઊજાસે પેટીમાંથી ગરમી લાવનારી દવાની કાંઇ ભુકી કાહાડી નાક, હોઠ તથા મસ્તકપર લગાડવા સારૂ મોંપરનાં વસ્ત્રો આઘે ખશેડયાં. અહીં બન્ને જણાં તેણીને ટીકવા લાગ્યા. પેહેલીજ ન જરે રસ્તાઈ’એ પીરોજાને પીછાંની જેહાંગીરને ઈશારતમાં કોપ રિયું માર્યું. જેહાંગીર હવે બમણી ઊલટથી તેણીની સારવારપર મંડયો, તેની આંખોમાં ઝલઝલીયાં ભરાઇ આવી તેનાં મોહડાંપર રેલા ઉતર્યા. દાસીએ તે જોયું અને તેણીએ પણ છોડી મેલતાં કહ્યું:—“ડાક્ટરૂ, તમે રડોચ કાંય ? અરે અરે ! એ મારી પીરોજબાઈ ! એક પારકા ધણીનેબી તમારી દયા કેવી લાગેચ તે જરા આંખ ઊઘાડી જોવો !”

“પીરોજબાઈ” નામ સાંભળતાંજ જેહાંગીર અને ‘રસ્તાઈ’ ચમકયા ! તેમને આ નવા પુરાવાએ વધુ અજવાળુ નાંખી આપ્યું.

પણ ‘રસ્તાઇ’એ જેહાંગીરનાં જુસ્સાઓ હજી દાબેલા રાખ

વાની મુંગી ઇશારતો ચાલુ રાખેલી હોવાથી જેહાંગીર ગુપચુપ નીચી નજરે પોતાનું કામ કરતોજ ગયો. તેણે શુદ્ધિ આપવાની શીશી સુંધાડી અને એક ન્હાના ચમચામા કાંઇ પીવાની દવા તઇયાર કરીપોતાને હાથે તેણીના મો'માં રેડી, જે સેહેલાઈથી પેટમાં ઊતરી ગઈ. હવે તેણે પગ, પેટ અને છાતી વિગેરેપર "શ્વાસ માપક યંત્ર"ની મદદથી તપાશ ચલાવી અને પગપર એક જાતનું ગરમ તેલ ગરમી આવવા સારૂ દાર્સને ચોળવા આપ્યું.

વચ્ચે અરધો કલાક વહી ગયો.

જેહાંગીરની મેહેનતને ખોદાએ જશ આપ્યો!

પેલી બેભાંન અબલાએ હલવેથી પોતાનું દિમ હિલાવ્યું અને કાંઈ બોલવા જતી હોય એમ જણાયું, પણ તે બોલવું તેણીના ગલાંની વચ્ચેજ ગુંગલાઈ જતું હતું. જેહાંગીર અને રસ્તાઇ વાંકા વળ્યા. જેહાંગીરે તેણીનાં મો' આગળ પોતાનો કાન ધર્યો પણ તેને એમ ઘણોવાર રેહવું પડયું નહિં. જેમ-જેમ વખત જતો ગયો તેમ તેમ તેણી પોતાના દિલને એક મરણ કાંઠે આવેલું માનવી મથડતું જણાય તેમ કરવા લાગી અને ડચકાં મલે ધીમે સાદે બોલવા લાગી:—"ઓ—ઓ—ઓ—અ—અ અ—અ—અ—મી—અમીનાં! ઓ—મ—મ—મારી—વિ—વિ—વિ—વિ—વિશ્વાસુ-દાસી—હું—મ—મ—મરૂંચ—હું—મ મ—મરૂંચ—હું—જાઊંચ—જ—જ—જાઊંચ—હું—તે——દાદ દ—દાદારની—દ—દ—દ—ર-ગાહમાં—જા—જાઊંચ! ઓ! ઓ!-જી—જી—જીવ-—જાએચ—દ—દ—દ—દાસી-અ—અ અમીનાં! હું—મ—મ—મરી જાઉં તો—તો—તો—તો-તોબી મ—મમારો—ભેદ—ક—ક—કોઈને કેહતી નાં!—પ—પ-પણ

શેહેરમાં—જ—જ—જ—ઇને મ—મ—મારી જાતનાપ—પ પારસીઓને બો—બો—બો—બો—બો—બો—બોલાવી લાવજે મ—મ—મારૂં—મ—મ—મ—મ—મારૂં—કોઇ—કુ—કુ—કુ કુ—કુ કોઓઈઈઇન–નથી. હું—અ—અ—અનાથ છેઉં પે—પેલાં પાકીટમાં એક—એક—એક—નો—નો—નોટ છે—પ—પ—પ ચાસની તે તે તે તું લેજે ને—પુ—પુ—પુને—જ—જ--ઈને મા—મા—મારા જેહાંગીરને—કુ—કુ—કેજે—કે—ઉં—મ—મ મરી—ગ—ગ—ગ-ઇછું. પણ—કુ—કુ—મોતે—મુ—મુ—મુઈ છું. મેં—મેં—મારી—પ—પ—પ—પ—પ—પ—પાકદ—દા મનને ડ—ડ—ડાઘ ન—ન—નથી લગાડયો.—ઓ—ઓ-ઓ" અને તેણીની છાતી અહીં ભરાઇ આવવાથી બોલતી અચકી. અ હીં જેહાગીર પોતાની પ્રીય પરણેતર પાકદામન પીરોજાને જાહેર થયલી જાણતાંજ બેભાંન થયો! દાસી અમીનાં તો આ દેખાવ જોઈ ડાચું વકાસતીજ રહી ગઈ.

'રસ્તાઈ'એ તુર્ત સમય સુચકતા વાપરીને પીરોજાને સુંધાડવા સારૂ કાઢેલી સીસીથી જેહાંગીરને હુશિયાર કીધો. તે જેવો હુશિયાર થયો તેવોજ ઝારઝાર રડતો પીરોજાનાં દિલપર જઈ પડયો અને સખ્યાબંધ ચુંબનોથી તેણીને ભરી નાંખી. તે બોલ્યો—"પીરોજા! પીરોજા! એ તું શું ગજબ કરેચ! ઓ મા'રી પ્યારી પીરોજા! હું તારો તે આંધળો, વેહેમીયલો, છતી આંખે ફુટેલો ભરથાર! પીરોજા! જરા આંખ ઉંઘાડી જો! મેં તુંને માફ કીધું, હવે તું મને માફ કર! તું પાક પવિત્ર મારી ફરેસ્તા ખસલતની નાર ઘણા દિવસ આગમચથી મારી નજરમાં ઠડી ચુકીચ. શેહેરો શેહેર તુંને ઢુંઢવાને મેં કશદ કીધો, પણ તુંતો મારી

પાસે—પડોશમાં છતાં-મારી ફુટેલી આંખોએ તુંને જોઇ નહિં. પીરોજા! પીરોજા! આંખ ઉઘાડ? હું તારો વ્હાલો" જેહાંગીર! તારો આંધલો ખાવિંદ! પીરોજા! મારા પ્યાર! તું મને હવે છેલ્લી સુખની ઘડીએ દગો દેતી નાં જો!" અને અહીં તે એક બચ્ચાં મિશાલ રડી પડયો!

'રસ્તાઈ' અને અમીના પણ રડતાં હતાં—ઓ તે દેખાવ! એક ઘાતકી—ગમે એવી કપટી—છાતીને મોમ મિશાલ નરમ કરવાને પુરતો હતો.

"અ: ?" પીરોજાનાં કાનમાં પોતાના વ્હાલા ભરથારનો "જેહાંગીર" બોલ પડતાંજ તેણીએ અરધી બેભાંનીમાંથી કાંઈક ચમકી આંખ ઊઘાડી, પણ તેણીથી આ એક શબ્દ શિવાય વધુ કાંઇ બોલાયું નહિં. જેહાંગીરને પોતાપર વાંકો વળેલો જોતાંજ તેણીએ બેઉ હાથે તેને પકડી પાડયો અને ખુશાલીનાં હરખે તેણી પર એટલો ગલબો કીધો કે જેહાંગીરને પકડી પાડેલી હાલતમાંજ તેણી ફરીથી હરખથી બેભાંન થઇ પડી!

* * * * * *

પાછલી રાત થવા આવી હતી.

પેહલા મરઘા બોલી ચુકયા હતા—રસ્તે લોકોની આવજાવ શેહેજ સાજ શુરૂ થાઈ ચુકી હતી. પીરોજા જેવી પાછી બેશુધ્ધ થઈ તેવી 'રસ્તાઈ'એ વગર કેહતે એક દાનાઇ વાપરી. તેણે "કામાની કુચવાડી" તરફ દોડ મુંકી અને ત્યાંથી બે તેજી ટટુની એક કુશાદે શીગ્રાંમ લઈ આવ્યો. તે આવે તેટલાં પીરોજા હુશિયાર થાઇ ચુકેલી હતી અને પોતાના વ્હાલા જેહાંગીરને મલી ભેટી અરસપરસના ખુલાસાઓ કરી ચુકી હતી. જેહાંગીરને જોતાંજ

તેની અરધી માંદગી દફે થાઈ ચુકી હતી અને તેણી જોકે ઊઠી ઉભી થવાને અશક્ત હતી, તોપણ હવે તેણી સ્હેલાઈથી થોડી થોડી વાતો કરી શકતી હતી. પોતાની પાકદામનને લાગેલો ડાઘ નીકળી ગયલો જોઈ તેણીની છાતી પરથી એક પથર ઊંચકાયો હોય એવો ભાર હલકો થયો હતો. પાપી "ફલુ ફાંકડા" અને અદેખી "ગુલ" ની જેહાંગીરને મોહથી હકીકત સાંભળી તથા તેમનાં આવેલા અંતને જાણી તેણી ઘણી દિલગીર બની.

'રસ્તાઇ' આવતાંજ જેહાંગીરે તેને એક ગાડી મંગાવવા ફરમાવ્યું. પણ 'રસ્તાઇ'એ તે કામ તેની આગમચથી કરેલી હોવાથી ત્રણે જણે ગલા પીરોજાને ઉંચકીને ઘણીજ સંભાળથી ગાડીમાં લીધી. જેહાંગીર તેણીની સારવાર માટે અંદર બેઠો. 'રસ્તાઈ' અને અમીનાં કોચ બાકશપર બેઠાં અને ઘોડાવાલાને પાછળ ઉભો રેહવા કહી 'રસ્તાઈ'એ જેહાંગીરનાં કેહવા મુજબ ઘણીજ ધીમી ઝડપથી ગાડી પોતે હાંકવા માંડી.

ગાડી સ્ટેસન આગળ જેહાંગીરના બંગલામાં જઇ પુગતાંજ ચાકર-નફરોની દોડાદોડ થાઈ રહી. ગઈ સાંજનો તેના શેઠ પોતાના મિત્ર જોડે ફરવા ગયલો પાછો નહિં ફરવાથી તે વફાદાર નોકરોમાં મોટો ગભરાટ પેદા થયો હતો. તેઓએ મોડી રાત સૂધી શોધ કીધી પણ જેહાગીરનાં નહિં જડવાથી તેઓએ પોલીસને વરદી ખબર આપી હતી! જયારે ઝઝકળામા શેઠને સલામત આવી પુગેલો તેઓએ જોયો ત્યારે ઊપર કહ્યું તેમ દોડધામ થાઇ રેહે તેમાં નવાઈ નહિં.

પણ જેહાંગીર કરતાં જેહાંગીરે પીરોજા પાછળ કરાવેલી

દોડધામ ઓછી નહિં હતી. પોતે એક વિલાયત જઈને પાસ થઈ આવેલો મોટો અનુભવી ડાકટર છતાં તેણે પોતાની ગાડી મારફતે ઘોડે વડા મોટા યુરોપિયન ડાકટરને તેડવા મોકલી. મોટો ડાકટર બીજા ધરાકો કરતાં સાલબતાં પોતાનાં ભાઈબંધ ડાકટરની મદદે ઝડપે દોડી પોંહુંચ્યો અને તેણે પીરોજાને અરધો કલાક સુધી બારીકાઈથી તપાસી મત આપ્યું કે "એના જીવને એક કોડીનું જોખમ થનાર નથી. ચાલુ સંતાપ અને દુઃખથી એને અતિ નબલાઈ થાયલી છે, માટે કોઈ ઠેકાણે સારી હવા ફેરફાર કરાવો અને ઉંચી તાકાત આવનારી દવા આપાવો. પેહેલા ત્રણ દિવસ પુગે એટલી ઘણી બાટીની દવા હું તમારા ઘોડાવાળા સાથ મોકલી આપુંછું" આવી જેહાંગીરે તેને પોતાના કમનસિબની કાંહાંણી રડતી ચખે નિવતી કરી અને તે વડો ડાક્ટર જવા ઉઠયો ત્યારે ૨૫) રુપિયાનું એક પડીકું તેના ફેરા તેમજ સલાહ કાજે આપવા ચાહ્યું, પણ ઘણી કુર્જત છતાં તે ભલા તબીએ તે લેવાની નાં પાડી લીધું નહિં.

જેહાંગીરે પીરોજાને એક હવાવાલા ઓરડામાં ઘણીજ માવઝતથી મખમલી સેજપર સુવાડી અને વડા ડાક્ટરને ત્યાંથી દવા આવે તે આગમચ પોતે પેહેલા ખોરાક તરીકે એક ઉંચી દવાનો 'ડોઝ' પાયો.

પીરોજા હવે સદાની સુખી થઈ!

સહવારૂં પડવા આવ્યું હતું. રાતનો અંધકાર દૂર થાઈ દિવસનાં દિપતાં તેજી કિરણો પૃથ્વિની સપાટીપર તલુસવાની તૈયારી હતી. એ પ્રસંગે પીરોજાને આખી રાતનો ત્રાસ પુગેલો

હતો સબબ જેહાંગીરે તેણીને આરાંમથી પોઢાડવાની ભલામણ કરી. પીરોજા પોઢયા પછી જેહાંગીરે પોતાનાં બાપને તોરાના કાકાપર પુને નિચલો વિગતવાર લંબાણ તાર મુકાવ્યો:—

"પીરોજા પાઈ છે. સિકંદ્રાબાદમાંથીજ પાઈ છે. મોતનાં જીવલેણ પંજામાંથી એક અચાનક કુદરતી સંજોગે તેણી મારા હાથમાં આવી છે. આજને જેવો હરખ ભરેલો દહાડો મારી જીંદગીમાં મેં કોઈ જોયો નહિં હશે. તેણીની દાસી અમીનાં પરજાત છતાં એક એવી વફાદાર આયા જણાઈ છેકે હું ખાત્રીથી માનુંછું કે એને જ ગે કોઈ બીજી દાયા હોતતો મારી પાકદામન પીરોજા કયારની તે જેહાંન જઈ પુગીને મને સદાનો રડતો કરી મેલત. 'રસ્તાઈ' પણ આજ અઠવાડિયું થયું હયાંજ આવેલો છે. એની કિમતી મદદ વગર મને પીરોજા મળી નથી. પીરોજા હાલતો ખોદાની મેહેરથી સ્હેજ આરાંમમાં છે. આ તાર લખુંચ તે વખતે તેણી મારા બંગલામાં શાંન્ત ઊંઘમાં પોઢેલી છે. ગઈ રાત ઘણી જીવસટોસટ ગુજરી છે, પણ અતર ઘડીજ વડા યુરોપીયન ડાકટર તપાશી ગયા છે તેવણે જણાવ્યું છેકે હવે તેણીનાં જીવને જરાબી જોખમ નથી આવનાર. દુ:ખ અને ચાલુ સંતાપે તેણીની સીકલ બેશીકલ થાઈ ગઈ છે, પણ વડા ડાકટરની સલ્લાહ મુંજબ હવે હવાફેરની ઘણી જરૂર છે. તેણીને સ્હેજ ટકવો આવતાંજ હું તમો તરફ લઈને ઊપડી—આવીશ—ઉપડતી વખતે તાર કરીશ; જયાંથી આપણ સરવે તેણીને લાગેલો ગમ ભુલાવવા તથા તેની નબળી તબીએત અસલ જેવી કરવા ખંડાળે ઉપડી જઈશું. તમે ખંડાળે કોઈ મિત્ર પર તાર કરી ત્યાં એક મોટો અને હવાવાલો બંગલો દરેક ફરની ચર તેમજ સાંમનની સગવડ સાથે આજથીજ ભાડે રખાવશો. ભાડાંની કસર કરશો નાં—મારી પીરોજાનાં જીવ કરતાં મને કંઈ વધુ નથી. આએ તાર પુગતાંજ પાક આતશબેહરાંમમાં બે જુદી જુદી 'માચીઓ! ચઢાવજો."

* * * * *

આખર "ધર્મો જય!"

પીરોજાને સ્હેજ ટકવો આવતાંજ તેણીને લઈને જેહાંગીર,

સ્તાઈ તેમજ અમીના સાથે પું! [illegible]દી ગયો. અને ત્યાં સર્વ સગાં—વ્હાલાં અને મિત્ર—મંડળ[illegible] ળી ભેટી પોતાનાં કાકી સાથ જે તેણે આગાઉથી કરી રાખેલી ગોઠવણ મુંજબ ખંડાળે હવા ખાવા લઇ ગયો.

પુનામાં પીરોજાને જોતાંજ, તેણીના સહી—મંડળે તથા સગાં—વ્હાલાં અને દોસ્ત આશનાંવાએ તેણીને એવા હર્ષથી વધાવી લીધી કે જેવું માન—આદરમાન તેણી કદી પામી ન હતી. વ્હાલાંઓની ભેગી મુબારકબાદીનાં વરશાદ વચ્ચે તેણી પોતાના પ્યારા જેહાંગીર સાથ ખંડાળે ઉપડી ગઈ. અહીં બે માસ સુધી અતિ ઊંચ પ્રકારની માવઝત અને સારવારથી પીરોઝાની તંદરોસ્તી આગળની માફક સુધરી જતાં વિલંબ લાગો નહિં.

પીરોજાએ હવે પોતાને તદન સલાંમત જોઇ પોતાપર પાડેલી વિપત્તીઓનું વિગતથી જેહાંગીર કને રડતી ચશમોએ બયાંન કીધું, જે તે દેખતી આંખે આંધળા થયલા ભરથારે હઝારો હઝાર પસ્તાવા વચ્ચે સાંભળી લઈ મેહંમા તમાચા મારવા સાથ તેણીની માફી ચાહી, અને કહ્યું કે—"પીરોજા! મારી પાકદામન પીરોજા! આજથી તું હવે મને એક જુદાજ જેહાંગીરનાં રૂપમાં જોજે. હીરો અંકાઇ ચુકયો છે અને હવે તે જેહાંગીરની ખાસ પ્યાર—વીંટીમાં જીંદગી સુધી જોડાયલો રેહશે. ઓ ભોળા ભરથારો! તમારી પાકદામન પ્રીયાની નીતિપર સખુન લઇ જવા પેહલાં એકથી દસ વાર ખાત્રી કરજો અને પછીજ આગલ પગલું ભરજો, નહિંતો 'કમળો થાય તેને પીળું દેખાય' તેમ જે હાંણી અને હાલત મારી થઈ તે તમારી થશે!"

"મારા વ્હાલા જેહાંગીર" બદી પીરોજા તેને ગલે વળગી પડી તેને પોતાના હૈયામાં ચાંપતાં લગાર હથીને બોલી કે "ઓરતની નીતિ એ સોનું ભુખણ છે, એક ઓરત એવાં ભુખણ વગર સદા કલંકિત ગણાય છે. શું પેલા "દિલઝાન"નાં આ સોનેરી સખુનો તમોને યાદ નથી કે—

"ખુબસુરતી છે ઓરતનો બાહેર સણગાર,
પણ નેકી તો નારીનું અન્તર છે યાર."

"બેશક !" જેહાંગીરે પોતાની પીય પરણેતરને પ્યારથી હથીને એક પ્રીતિમય ચુંબન લેતાં ટેકો આપ્યો. "એવી નારીઓ જગતના સણગાર સમાન છે; અને તેમાંની એક તું છે, કે જે હીરાની, મેં મુરખે એક પથ્થર સાથ કિંમત આંકી હતી"!

* * * * * *

પીરોજાની અહંગ વિશ્વાસુ સેવા બજાવનારી પેલી આયા (અમીનાને જેહાંગીરે; પોતાની પાક પરણેતરને લઈ ખંડાલેથી પુંને પાછો ફરતાંજ ઊંચી ભેટ સોગાદો અને ઈનામોથી એવી વધાવી લીધી કે અમીના તો તે જોઈ હબકીજ ગઈ। તેણે તેણીને એક ન્હાનું ઘર પણ પુનામાં વેચાતું લઈ આપ્યું અને પીરોજાની એક અતિ નિમકહલાલ દાયા તરીકે ઘરમાંના સર્વે ચાકરનફરોમાં તેણીને મોટા પગારે વડી પદ્વિ આપી.

વળી રસોઈની કિંમતી નોકરીને પણ જેહાંગીર ભુલ્યો નહિં. તેણે તેને ઘણીક નવાજેશથી નવાજયા ઉપ્રાંત સોનાનું હીરા જડીત એક ઘડીયાલ, પોતાની અને પીરોજાની સબી સાથની એક તેવીજ સોનેરી શોભાયમાન લાકીટ, રૂ૨૦૦૦)ની કિંમતની એક હીરાની અતિ ઝલેલદાર વીંટી, હાથનાં અને પહેરનનાં

પીરોજાનાં બટનો તથા રૂપાળી ચાકાઓ વિગેરેની ભેટોથી તેની કદર બુજી. ઘડીઆળપર તેની બહાદુરીનો લાયક લેખ કોતરાવી આપ્યો અને તેમાં પીરોજાને ફલુ ફાંકડાની પાપી જુલમી નીચ મકસદ માંથી છોડવવા કાફ્રેનો ઇશારો કીધો હતો. વળી પીરોજાની શોધ માં તે જેટલા દિવસ રખડયો હતો તે દિવશોનો મહિનાનાં રૂ ૧૦૦) ને હિશાબે તેણે પગાર આપ્યો—કે જે જોકે રસ્તાંઈએ પ્રથમ લેવાને નાજ પાડી તે છતાં જેહાંગીર જબરીથી તેને તે આપ્યા વગર રહયો નહીં. પણ એટલુંજ કરીને તે રહયો નહિં. તેણે રખડતા રસ્તાઇને પોતાપર કરેલા મોટા ઉપકારોના બદલા તરીકે એક મીલમાં લાગવગ લગાડી મસિક રૂ૭૫)ની એક ચાકરી અપાવી!

અને હવે પ્રીય વાંચનાર ! તારાથી રજા ચાહતાં માત્ર એકજ પાત્રને ઈનિશાફ આપવો બાકી રહયો છે તે આપીએ છીએ. "ફલુ ફાંકડા"ને પોતાના પાપી કરમોએ ૧૫) વર્ષ સુધી દેશનિકાલ કાઢયો હતો તે આપણે ઉપર જોઈ આવ્યા છીએ. હાલ તે "આંદામાન"ના ટાપુ ખાતે પોતાના પાપની તોબેશ કરતો નિચલી "જીંદગી" હરદમ દર પરોઢિયે ગાતો સંભળાય છે:—

("તકદીરની તાસિર" નામે જાણીતા પારસી-સંસારી ખેલમાંની "નગુણું તને હું ઓ રેહેમાન પાડું" વાળી રાહ મુજબ)

જગત—રાજ કેરો પ્રતીપાલ તું;
દુઃખો, આફતો, સંકટો ટાલ તું. ૧.
અરે જીવ! તું છોડ જગ ભાવસો.
[illegible] તોડ જ [illegible] તું. ૨.

નથી આશરો કૈં મને આ જિંદગીમાં,
રહ્યું કેમ મુજથી એ ક્યાલ તૂં! ૩.
નમી માંહ્ માગું ગુનાહની અરે:
ચલાવે હવે તો ભલી ચાલ તૂં ४.
બરી-ગાર માંહે ફરી હું ગયો;
શંકે કેમ રે જોઇ એ હાલ તૂં. ५.
ગરૂરી તણે કેમ વશ હું થયો!
ઉરી સૌ બંદીઓ ખુદા ખાસ તૂં. ६.
ભલી નેક નેકી વખાણું હવે;
તજું તો મને ગાર તત્કાળ તૂં. ७.
ફસુલો ખુદા બંદગી માહરી;
સમે સંકટે છે ખરી ઢાલ તૂં. ८.
ખુશી આંખથી હું હવે કદમ કદમૂં;
ભલી આવનારી મને ભાલ તૂં. ९.
જગે આ જીવી શું જવું છે લઈ!
સુખી જિંદગી તેજ સંભાલ તૂં. १०
સુખે મ્હાલશે આજ બાગે ફરી;
બરી આશ જાશે મરી કાલ તૂં. ११.
હવે જેમ રાખે રહું તેમ હૂં,
દાદા આપ રોટી નિમ્બ દાલ તૂં. १२.
મને જર ખજાનો નથી જોઇતો,
બરી પેટ તંદુરસ્ત કર ન્યાલ તૂં. १३

ગુજારૂં હવે દીન આરામમાં;
ખુદા ! અર્જપર કે જરા ખ્યાલ તૂ. ૧૪.
ગયું વર્ષ તો કુલ ગુનાહમાં વહ્યું;
બક્ષ આપજે બાન આ સાલ તૂં. ૧૫.
જગે નામ જશ મુજ સહુ સાથ, ને
પુરી કાપજે રે બદી-જાલ તૂં. ૧૬.
દુવા એજ "દિલજાન" ચાહે હવે;
વિવેકી વસ્લપર મને વાલ તૂં. ૧૭.

સમાપ્ત.